અમદાવાદ
# એક્સપ્રેસ
127
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
સોનાક્ષી 23 જૂને ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરશે



પેજ-09
કાર્લોસ અલ્કારાઝ પ્રથમ વખત ફ્રેન્ચ ઓપન જીત્યો

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 40.00 | 29.00 |
| વડોદરા | 38.00 | 29.00 |
| સુરત | 34.00 | 29.00 |

પેજ 5

પોસ્ટ ઓફિસની સ્કીમમાં મેચ્યોરિટી પર મળશે 4.5 લાખ સુધીનું વ્યાજ

**11** JUNE-2024 TUESDAY

કેનેડામાં 40 વર્ષ સુધી મહિલાઓનું શોષણ કરનાર 90 વર્ષીય ઉદ્યોગપતિ...

પેજ 10

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 76490.08 ▼ | 203.28 |
| નિફ્ટી | 23259.20 ▼ | 030.95 |
| સોનું | 71,212.00 ▼ | 141.00 |
| ચાંદી | 89,540.00 ▲ | 451.00 |

વર્ષ-13 । અંક-207 । વિક્રમ સંવત-2080 । જેઠ સુદ-05 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### મોદીની નવી કેબિનેટનો પહેલો નિર્ણય : પીએમ આવાસ યોજના હેઠળ 3 કરોડ ઘર બનાવાશે

# મોદી સરકાર 3.0માં ખાતાની ફાળવણી કરાઈ

**નરેન્દ્ર મોદી, વડાપ્રધાન :** કાર્મિક, લોક-ફરિયાદ અને પેન્શન, પરમાણુ, અવકાશ વિભાગ, નીતિવિષયક બાબતો અને નહીં ફાળવાયેલા તમામ વિભાગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન પદના શપથગ્રહણ કરવાની સાથે 72 મંત્રીએ પણ શપથ લીધા હતા. આ તમામ મંત્રીઓને મંત્રાલયોની વહેંચણીની ચર્ચા વચ્ચે વડાપ્રધાન નિવાસસ્થાને આજે મોદી કેબિનેટની પહેલી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સંબોધન કરીને કેટલાક મહત્ત્વના નિર્ણયો લીધા હતા. આ દરમિયાન કેબિનેટની પહેલી બેઠકમાં ત્રણ કરોડ ઘર બનાવવાનો, તમામ ઘરને એલપીજી અને વીજળી આપવાનો મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. આ ઉપરાંત કિસાન સન્માન નિધિની પણ જાહેરાત કરાઈ હતી, જેનાથી દેશના નવ કરોડ ખેડૂતોને ફાયદો થશે. તેમની સાથે 71 મંત્રીઓએ શપથ લીધા, જેમાંથી 11 સાથી પક્ષોના છે. કેબિનેટમાં એવા 32 સાંસદો છે જે પહેલીવાર કેન્દ્રીય મંત્રી બન્યા છે, જેમાં મધ્યપ્રદેશના પૂર્વ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ, હરિયાણાના પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટર, કર્ણાટકના પૂર્વ સીએમ કુમારસ્વામી અને રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ જયંત ચૌધરીનો સમાવેશ થાય છે.



**કેબિનેટ મંત્રી**

| નામ | મંત્રાલય | પક્ષ |
|---|---|---|
| રાજનાથ સિંહ | સંરક્ષણ | ભાજપ |
| અમિત શાહ | ગૃહ | ભાજપ |
| નીતિન ગડકરી | માર્ગ અને પરિવહન | ભાજપ |
| જે.પી. નડ્ડા | આરોગ્ય | ભાજપ |
| શિવરાજ સિંહ ચૌહાણ | કૃષિ, પંચાયત, ગ્રામીણ વિકાસ | ભાજપ |
| નિર્મલા સીતારમણ | નાણા | ભાજપ |
| એસ. જયશંકર | વિદેશ | ભાજપ |
| મનોહરલાલ ખટ્ટર | ઊર્જા અને શહેરી વિકાસ | ભાજપ |
| એચ.ડી. કુમારસ્વામી | ભારે ઉદ્યોગ અને સ્ટીલ | જેડીએસ |
| પિયુષ ગોયલ | વાણિજ્ય | ભાજપ |
| ધર્મેન્દ્ર પ્રધાન | શિક્ષણ | ભાજપ |
| જીતનરામ માંઝી | લઘુ, નાના અને મધ્યમ ઉદ્યોગ | હમ |
| રાજીવ રંજન | પંચાયતી રાજ, મત્સ્ય-પશુપાલન | જેડીયુ |
| સર્બાનંદ સોનોવાલ | પોર્ટ અને શિપિંગ | ભાજપ |
| વીરેન્દ્ર ખટીક | સામાજિક ન્યાય | ભાજપ |
| રામમોહન નાયડુ | નાગરિક ઉડ્ડયન | ટીડીપી |
| પ્રહલાદ જોશી | ફૂડ, ગ્રાહક સુરક્ષા બાબતો | ભાજપ |
| જુએલ ઓરામ | આદિવાસી બાબતો | ભાજપ |
| ગિરિરાજ સિંહ | ટેક્સટાઈલ મંત્રી | ભાજપ |
| અશ્વિની વૈષ્ણવ | રેલવે, માહિતી અને પ્રસારણ | ભાજપ |
| જ્યોતિરાદિત્ય સિંધિયા | ટેલિકોમ | ભાજપ |
| ભૂપેન્દ્ર યાદવ | પર્યાવરણ | ભાજપ |
| ગજેન્દ્ર શેખાવત | પ્રવાસન, સાંસ્કૃતિક બાબતો | ભાજપ |
| અન્નપૂર્ણા દેવી | મહિલા અને બાળવિકાસ | ભાજપ |
| કિરેન રિજિજુ | સંસદીય બાબતો | ભાજપ |
| હરદીપ સિંહ પુરી | પેટ્રોલિયમ | ભાજપ |
| મનસુખ માંડવિયા | શ્રમ-રોજગાર, સ્પોર્ટ્સ | ભાજપ |
| જી. કિશન રેડ્ડી | કોલસો અને ખાણ | ભાજપ |
| ચિરાગ પાસવાન | ફૂડ પ્રોસેસિંગ | એલજેપી |
| સી.આર. પાટીલ | જળશક્તિ | ભાજપ |

**10 વર્ષથી ટ્રેલર જોયું પિક્ચર હજુ બાકી છે**

23 ફેબ્રુઆરી 2024ના રોજ દિલ્હીમાં પીએમ મોદીએ મંત્રીઓને આગામી 5 વર્ષનો રોડમેપ અને 100 દિવસનો એક્શન પ્લાન બનાવવા કહ્યું હતું. અધિકારી આચાર સંહિતા દરમિયાન આના પર હોમવર્ક કરતા રહો. 5 એપ્રિલે રાજસ્થાનના ચુરુમાં એક ચૂંટણી રેલીમાં મોદીએ પોતે કહ્યું હતું કે, અમે 10 વર્ષમાં જે કામ કર્યું તે એક ટ્રેલર હતું, સંપૂર્ણ પિક્ચર આવવાનું બાકી છે.

### જ્યાં કોઈ નથી પહોંચ્યુ, ત્યાં ભારતને પહોંચાડવાનું છે : મોદી

સોમવારે મોદી જ્યારે પીએમઓ પહોંચ્યા ત્યારે કર્મચારીઓએ તેમનું સ્વાગત કર્યું. તેમણે કર્મચારીઓને કહ્યું- તમે જણાવો કે કેવી રીતે કામ વધુ સારી, ઝડપી અને સારા સ્કેલ પર થઈ શકે છે. તમે તમારી જાતને એક દ્રષ્ટિકોણ માટે સમર્પિત કરવામાં કોઈ કસર છોડી નથી. હું નવી ઉર્જા, નવી હિંમત સાથે આગળ વધવા માંગુ છું, હું રોકાવા માટે જન્મ્યો નથી. પીએમ મોદીએ કહ્યું- ચૂંટણી એ મોદીના ભાષણો પરની મહોર નથી, આ ચૂંટણી દરેક સરકારી કર્મચારીની 10 વર્ષની મહેનત પરની મહોર છે. તેથી, જો કોઈ આ જીતને પાત્ર છે, તો ખરા અર્થમાં ભારત સરકારનો દરેક કર્મચારી આ જીતનો હકદાર છે. જો આપણે આ બધા સાથે આગળ વધીશું, તો મને વિશ્વાસ છે કે દેશના 140 કરોડ લોકો આપણા પ્રયાસોને મંજૂરી આપશે.

### મોદીનો 100 દિવસનો પ્લાન

ભાજપ આ ચૂંટણીમાં 400થી વધુ બેઠકો જીતવાનો દાવો કરી રહ્યો હતો. 100 દિવસનો એક્શન પ્લાન પણ ભાજપને બહુમતી મળશે તેવી આશા પર બનાવવામાં આવ્યો હતો. તે જ સમયે, પરિણામોમાં ભાજપ 400 બેઠકોની સામે બહુમતી (272)ના આંકડાથી પણ દૂર રહી. એનડીએને બહુમતી તો મળી, પરંતુ સાથ મળ્યો ગઠબંધનના બે મજબૂત સાથી ટીડીપી અને જેડીયુ. તેમના વિના અત્યારે બહુમતી નથી અને તેમણે આ 100 દિવસના રોડમેપમાં ઘણી બાબતો સ્વીકાર્ય નથી. નીતિશ કુમાર અને ચંદ્રાબાબુ નાયડુ યુનિફોર્મ સિવિલ કોડ, CAA-NRC, પ્લેસિસ ઓફ વર્શિપ એક્ટને નાબૂદ કરવું, મુસ્લિમ આરક્ષણ અને વન નેશન-વન ઈલેક્શન પર ઘણી વખત વિરોધ કરી ચૂક્યા છે. જો કે, ભાજપના સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્ટી ગઠબંધન ધર્મનું પાલન કરશે, પરંતુ કોઈની બિનજરૂરી માંગણીઓ સામે ઝૂકશે નહીં. સાથે જ ભાજપે પણ પ્લાન-બી પર કામ શરૂ કરી દીધું છે અને નાના પક્ષો અને અપક્ષ ઉમેદવારો સાથે વાતચીત ચાલી રહી છે.


- વન નેશન-વન ઈલેક્શન
- યુનિફોર્મ સિવિલ કોડ (UCC)
- મુસ્લિમ આરક્ષણ નાબૂદ કરવું
- પૂજા સ્થાનોના કાયદામાં ફેરફાર
- દિલ્હી માસ્ટર પ્લાન
- વક્ફ બોર્ડ નાબૂદ
- મહિલા અનામત
- 70 વર્ષની વયના લોકો માટે મફત સારવાર
- પેપર લીક નિયંત્રણ માટે રાષ્ટ્રીય કાયદો
- CAAનો સંપૂર્ણ અમલ
- યુનિયન બજેટ
- નવી શિક્ષણ નીતિ
- વસ્તી ગણતરી (2026 માં યોજાશે સીમાંકન)
- લખપતિ દીદીની સંખ્યા 3 કરોડ સુધી લઈ જવાની છે
- પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના
- ખેડૂતો માટે તેલના બીજ અને કઠોળ પર ધ્યાન આપો
- ભારતને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવી
- રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ પર ફોકસ કરો
- સ્કેલ, અવકાશ, ઝડપ, કૌશલ્યના એજન્ડા પર કામ કરવું

## મુખ્યમંત્રી બનતા પહેલા જ ચંદ્રબાબુ નાયડુના પરિવારની સંપત્તિમાં ધરખમ વધારો નોંધાયો

**12 જ દિવસમાં 1,225 કરોડનો વધારો**

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

લોકસભા ચૂંટણી-2024માં ચંદ્રબાબુ નાયડુની પાર્ટી તેલુગુ દેશમ પાર્ટી (TDP) કિંગમેકર બની છે, તો બીજીતરફ પાર્ટીએ આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં પણ દમદાર પ્રદર્શન કરી 175 બેઠકોમાંથી 135 બેઠકો જીતી સૌને ચોંકાવી દીધા છે. સૌથી મોટી વાત એ છે કે, ચંદ્રબાબુ રાજ્યના મુખ્યમંત્રી બને તે પહેલા તેમના પર નોટોનો વરસાદ થઈ રહ્યો છે. તેમના પરિવારની નેટવર્થમાં છેલ્લા 12 દિવસમાં 105 ટકાનો ઉછાળો આવ્યો છે. બંને ચૂંટણીમાં ધારદાર પ્રદર્શન કર્યા બાદ નાયડુ પરિવારની નેટવર્થ 1225 કરોડ રૂપિયાની ધરખમ વધારો થયો છે. ઉલ્લેખનીય છે કે, તેમનો શપથગ્રહણ સમારોહ 12 જૂને યોજાશે.



**નાયડુ પરિવારની કંપનીના શેર 52 સપ્તાહને ટોચે :** નાયડુ પરિવારની કંપની હેરિટેજ ગ્રૂપની વાત કરીએ તો સોમવારે બીએસઈ પર કંપનીના સ્ટોકે ફરી 10 ટકાની અપર સર્કિટ પર પહોંચ્યો છે. આ ઉપરાંત સ્ટોક 52 સપ્તાહના ઉચ્ચસ્તરે 727.9 રૂપિયાએ પહોંચ્યો છે. બે સપ્તાહ પહેલા 23 મેએ આ સ્ટોકનો બંધ ભાવ 354.5 રૂપિયા હતો. ત્યારબાદ ત્રણ જૂનથી તેમાં સતત તેજી જોવા મળી રહી છે. નાયડુ પરીવારનો આ કંપનીમાં 35.71 ટકા હિસ્સો છે.

**ચંદ્રબાબુએ 1992માં હિરિટેજ ગ્રૂપની સ્થાપના કરી હતી :** ચંદ્રબાબુ નાયડુએ 1992માં હિરિટેજ ગ્રૂપની સ્થાપના કરી હતી. આ કંપની ડેરી, રિટેલ અને એગ્રી સેગમેન્ટનું કામ કરે છે. તાજેતરમાં જ નાયડુની પાર્ટીએ બંને ચૂંટણીમાં દમદાર પ્રદર્શન કરતા તેમની કંપની પર રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. ચંદ્રબાબુ નાયડુના દીકરા નારા લોકેશ આ કંપનીના પ્રમોટર છે.

### મણિપુરમાં CMના સુરક્ષાકર્મીઓ પર હુમલો !

(એજન્સી) મણિપુર । તા. 10

મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહના આગોતરા સુરક્ષા કાફલા પર આજે સોમવારે ઉગ્રવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક સૈનિક ઘાયલ થયો છે. કાંગપોકપીમાં ઉગ્રવાદીઓએ મુખ્ય પ્રધાનના સુરક્ષા કાફલા પર હુમલો કર્યો હતો જ્યારે તે હિંસાગ્રસ્ત જીરીબામ જિલ્લા તરફ જઈ રહ્યો હતો. પોલીસે કહ્યું કે, સુરક્ષા દળોના વાહનો પર ઘણી ગોળીઓ છોડવામાં આવી હતી, સુરક્ષા દળોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, નેશનલ હાઈવે-53 નજીક કોટલાને ગામ પાસે હજુ પણ ગોળીબાર ચાલુ છે.

## NCP પછી હવે શિવસેના શિંદે જૂથ નારાજ

**7 સાંસદોમાંથી એક પણ કેબિનેટ મંત્રી નહીં**



(એજન્સી) મુંબઈ । તા. 10

મોદી કેબિનેટમાં સ્થાન ન મળવા પર અજિત પવારના જૂથની NCPની નારાજગી બાદ હવે એકનાથ શિંદે જૂથની શિવસેનાની નારાજગી પણ સામે આવી રહી છે. પાર્ટીના ચીફ વ્હીપ શ્રીરંગ બર્ને કહે છે કે એક તરફ ચિરાગ પાસવાન, જીતન રામ માંઝી અને એચડી કુમારસ્વામીની પાર્ટીને ઓછી બેઠકો મળવા છતાં કેબિનેટ મંત્રાલય આપવામાં આવ્યું છે, તો બીજી તરફ સાત સાંસદો હોવા છતાં તેમની પાર્ટી પાસે માત્ર સ્વતંત્ર પ્રભાર સાથે તેમને રાજ્યકક્ષાનું મંત્રી પદ આપવામાં આવ્યું હતું.શ્રીરંગ બર્નેએ કહ્યું કે, "અમે કેબિનેટમાં સ્થાનની અપેક્ષા રાખતા હતા. ચિરાગ પાસવાન પાસે પાંચ સાંસદ છે, માંઝી પાસે એક સાંસદ છે, જેડીએસ પાસે બે સાંસદ છે, તેમ છતાં તેમને કેબિનેટ મંત્રાલય મળ્યું છે. પછી લોકસભાની 7 બેઠકો મળ્યા પછી પણ અમને મળ્યું નથી. શા માટે? શિવસેનાને માત્ર એક જ રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) મળ્યો?

**શ્રીરંગ બારણેએ બળાપો કાઢ્યો**


શિવસેના (શિંદે જૂથ)ના ચીફ વ્હીપ શ્રીરંગે બારણે કહ્યું, 'અમારી શિવસેનાના સ્ટ્રાઈક રેટને ધ્યાનમાં રાખીને અમને કેબિનેટ મંત્રી પદ આપવું જોઈતું હતું.' આમ કહીને શિંદે જૂથના સાંસદ શ્રીરંગ બારણેએ જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી છે. શ્રીરંગ બારણે કહ્યું કે, 'અમે કેબિનેટમાં સ્થાનની અપેક્ષા રાખતા હતા. ચિરાગ પાસવાન પાસે પાંચ સાંસદ છે, માંઝી પાસે એક સાંસદ છે, જેડીએસ પાસે બે સાંસદ છે, તેમ છતાં તેમને કેબિનેટ મંત્રાલય મળ્યું છે. જ્યારે અમે લોકસભામાં સાત બેઠકો અપાવી હોવા છતાં અમને શા માટે બાકાત રાખવામાં આવ્યાં?'

**NCP અજીત જૂથ પણ નારાજ**

શિવસેના (શિંદે જૂથ)ની નારાજગી પહેલા એનસીપી (અજિત જૂથ)ના પણ મંત્રીપદ ન મળતાં નારાજગી વ્યક્ત કરી હતી. પાર્ટીના નેતા પ્રફુલ પટેલે કહ્યું, 'ગઈ રાત્રે (શપથગ્રહણ પહેલા) અમને કહેવામાં આવ્યું હતું કે અમારી પાર્ટીને સ્વતંત્ર પ્રભાર સાથે રાજ્યમંત્રી મળશે. હું અગાઉ કેન્દ્ર સરકારમાં કેબિનેટ મંત્રી હતો. અમે ભાજપના નેતૃત્વને જાણ કરી છે અને તેઓએ અમને થોડા દિવસો રાહ જોવાનું કહ્યું છે કે, તેઓ સુધારાત્મક પગલાં લેશે.' વડાપ્રધાન મોદીએ 30 કેબિનેટ મંત્રી, સ્વતંત્ર હવાલો ધરાવતા પાંચ રાજ્ય મંત્રી અને 36 મંત્રી પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. વડાપ્રધાન મોદી સહિત કુલ 31 કેબિનેટ મંત્રીઓમાંથી પાંચ રાજ્યસભાના સભ્યો છે.

## દિલ્હીમાં પાણીની કટોકટી મુદ્દે AAP સરકારને સુપ્રીમની ચીમકી

(એજન્સી) નવી દિલ્હી । તા. 10



દિલ્હી માટે યમુનામાં વધારાનું પાણી છોડવાની માંગ કરતી અરવિંદ કેજરીવાલ સરકારની અરજી પર સુપ્રીમ કોર્ટે સોમવારે સુનાવણી મોકૂફ રાખી છે. કોર્ટે એ વાત પર નારાજગી વ્યક્ત કરી હતી કે છેલ્લી સુનાવણી દરમિયાન અરજીમાં જે ખામીઓને સુધારવા માટે કહેવામાં આવ્યું હતુ તેને દૂર કરવામાં આવી નથી. સુપ્રીમ કોર્ટે દિલ્હી સરકારના વકીલને કહ્યું કે અરજી પણ ફગાવી શકાય છે. બાર એન્ડ બેંચના અહેવાલ મુજબ, જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ પ્રસન્ના બી વરાલેએ પણ કહ્યું કે તેઓ કેસના વિશાળ મીડિયા કવરેજને કારણે પહેલા કેસની ફાઈલ વાંચવા માંગશે. જસ્ટિસ મિશ્રાએ કહ્યું, 'સેવા માટે તેને સૂચિબદ્ધ કરો જેથી કરીને તમામ રિપોર્ટ રેકોર્ડ પર આવે. અમે પણ ફાઈલ વાંચવા માંગીએ છીએ. મીડિયામાં આ અંગે ઘણી બધી રિપોર્ટિંગ થઈ છે કોર્ટે એમ પણ કહ્યું કે સ્ટેટસ રિપોર્ટ અને અન્ય એફિડેવિટ રેકોર્ડ પર નથી અને અરજીમાં રહેલી ખામીઓ દૂર કરવામાં આવી નથી.કોર્ટે કહ્યું, 'તમે આ કોર્ટને છેતરી શકતા નથી.

### કંગનાને મહિલા કોન્સ્ટેબલે મારેલી થપ્પડ પર પહેલીવાર બોલ્યા ભગવંત માન

## ....એ ગુસ્સો હતો : મુખ્યમંત્રી ભગવંત માન

(એજન્સી) પંજાબ । તા. 10

અભિનેત્રી અને સાંસદ કંગના રનૌતને ચંદીગઢ એરપોર્ટ પર CISFની મહિલા ગાર્ડે થપ્પડ મારી હતી. ગાર્ડે કહ્યું હતું કે ખેડૂતોના આંદોલનને લઈને કંગનાના નિવેદનથી તે દુઃખી થઈ છે. કંગના સાથેની આ ઘટના બાદ ઘણા લોકોએ તેની તરફેણમાં અને વિરુદ્ધમાં નિવેદનો આપ્યા હતા. હવે આ સમગ્ર ઘટનાના લગભગ 4 દિવસ બાદ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને



આ મુદ્દે નિવેદન આપ્યું છે. ભગવંત માને કહ્યું છે કે, 'CISF કોન્સ્ટેબલના દિલમાં ગુસ્સો હતો.' કંગના રનૌત અને CISF કોન્સ્ટેબલ વચ્ચેની ઘટના પર પંજાબના સીએમ ભગવંત માને કહ્યું કે તે ગુસ્સો હતો. કંગના રનૌતે અગાઉ પણ કંઈક કહ્યું હતું અને તેના માટે CISF કોન્સ્ટેબલના દિલમાં આ વાતને લઈને ગુસ્સો હતો. આવું ન થવું જોઈતું હતું.' ભગવંત માને કહ્યું કે, 'એક સાર્વજનિક વ્યક્તિ, ફિલ્મ સ્ટાર અને ચૂંટાયેલા સાંસદ હોવા છતાં, કંગના દ્વારા કહેવામાં આવ્યું કે આખું પંજાબ આતંકવાદી છે તે ખોટું છે.'

**કેવી રીતે બની સમગ્ર ઘટના?**

કંગનાને થપ્પડ મારનાર CISF મહિલા સૈનિક કુલવિંદર કૌરે કહ્યું હતું કે કંગના રનૌતે ખેડૂતોના વિરોધ પર બેઠેલી મહિલાઓ વિશે વાંધાજનક ટિપ્પણી કરી હતી. આ કારણથી તે કંગનાથી નારાજ છે. આ ઘટના 6 જૂને બપોરે 3.30 વાગ્યે બની હતી. કંગના ચંદીગઢથી દિલ્હી જવા માટે એરપોર્ટ પહોંચી હતી અહીં સુરક્ષા તપાસ દરમિયાન CISF મહિલા સૈનિકે કંગનાને થપ્પડ મારી હતી.

## છત્તીસગઢમાં સતનામી સમુદાયે કલેક્ટર ઓફિસ સળગાવી

(એજન્સી) બલોદા । તા. 10

છત્તીસગઢના બલોદા બજારની કલેક્ટર ઓફિસનો હજારો સતનામી સમુદાયના લોકોએ વિરોધ કરી ઘેરાવ કર્યો હતો, ત્યાર બાદ સતનામી સમાજનો વિરોધ ઉગ્ર બન્યા બાદ બેકાબૂ ટોળાએ કલેક્ટર કચેરીને આગ



લગાવી દીધી હતી. બેકાબૂ ટોળા દ્વારા લગાવેલી આગે ભારે સ્વરુપ ધારણ કર્યું હતું અને કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત ભવન અને તહસીલ કચેરીમાં ભારે આગ લાગી હતી. જ્યારે પોલીસે વિરોધ કરી રહેલા ટોળાને રોકવાનો પ્રયાસ કર્યો તો તેઓએ પોલીસને જ માર મારવાનું શરુ કર્યું હતું. આ લડાઈમાં કેટલાક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા છે. જૈતખામમાં ડિમોલિશનને લઈને સતનામી સમુદાય લાંબા સમયથી પ્રશાસનથી નારાજ છે અને આ મામલે સીબીઆઈ તપાસની માંગ કરી રહ્યો છે. સતનામી સમાજના હજારો લોકો સોમવારે કલેક્ટર કચેરીએ આ માંગણીનો વિરોધ કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન હજારો લોકો એકઠા થયા હતા. પરંતુ, જ્યારે મામલો થાળે પડ્યો ન હતો, ત્યારે તેઓ સુરક્ષા કોર્ડન તોડી અંદર પ્રવેશ્યા હતા.

### અમદાવાદની એલજી હોસ્પિટલ બ્લડ સેન્ટર ખાતે પણ બ્લડની અછત

# અમદાવાદ શહેરમાં બ્લડ યુનિટ કલેક્શનમાં 65થી 70 ટકા જેટલો ઘટાડો

- હાલમાં માંડ 1250થી 1500 જેટલા બ્લડ યુનિટ મળી રહ્યા છે
- તબીબના કહેવા પ્રમાણે, એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિની જિંદગી બચી શકે છે



(એજન્સી) અમદાવાદ । તા.10

અમદાવાદ શહેરમાં બ્લડ યુનિટ કલેક્શનમાં 65થી 70 ટકા જેટલો ઘટાડો થયો છે. જેમાં બ્લડ બેંકોમાં હજુયે લોહીની તંગી છે. તેમાંમ હોસ્પિટલોમાં સારવાર લઇ રહેલા દર્દીઓ અને સ્વજનોને હાલાકી પડી રહી છે. ગરમી અને વેકેશન વચ્ચે બ્લડ ડોનેશન કેમ્પોને ઠંડા પ્રતિસાદથી ચિંતા વધી છે. એ અને એબી પોઝિટિવ બ્લડ યુનિટની ભારે તંગી સર્જાઈ છે. હાલમાં માંડ 1250થી 1500 જેટલા બ્લડ યુનિટ મળી રહ્યા છે અમદાવાદની એલજી હોસ્પિટલ બ્લડ સેન્ટર ખાતે પણ બ્લડની અછત. એક અંદાજ પ્રમાણે 65થી 70 ટકા જેટલા બ્લડ યુનિટની તંગી છે.

### તબીબના કહેવા પ્રમાણે, એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિની જિંદગી બચી શકે છે

સૂત્રો કહે છે કે, કેટલીક બ્લડ બેંકો નિયમિત રીતે જે બ્લડ ડોનેટ કરે છે તેવા લોકોનો સામે ચાલીને પણ સંપર્ક કરી રહી છે. થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે નિયમિત લોહી આપવું પડે છે, જેમાં સ્વૈચ્છિક રક્તદાતાનો સંપર્ક કરાઈ રહ્યો છે. હોસ્પિટલોમાં દાખલ જે તે દર્દીના સગા દ્વારા લોહી મેળવવા માટે સોશિયલ મીડિયાનો સહારો લઈ રહ્યા છે. તબીબના કહેવા પ્રમાણે, એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિની જિંદગી બચી શકે છે.

આવી જ સ્થિતિ અન્ય બ્લડ બેંકોની પણ છે. તાજેતરમાં જ અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે પણ બ્લડ ડોનેશન માટે જાહેર અપીલ કરવી પડી હતી, જ્યાં એ અને એબી પોઝિટિવ બ્લડ યુનિટની ભારે તંગી સર્જાઈ હતી. હાલમાં પણ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે બ્લડ યુનિટની અછત વર્તાઈ રહી છે. અમદાવાદની શારદાબહેન હોસ્પિટલ ખાતેની બ્લડ બેંકમાં એબી પોઝિટિવ અને બી પોઝિટિવ બ્લડ ઉપલબ્ધ છે પરંતુ યુનિટની માત્રા ઓછી છે. અમદાવાદની એલજી હોસ્પિટલ બ્લડ સેન્ટર ખાતે પણ બ્લડની અછત છે. સરકારી, ખાનગી, ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોની બ્લડ બેંકમાં આ જ પ્રકારની સ્થિતિ પ્રવર્તે છે.

કાળઝાળ ગરમીમાં અમદાવાદ શહેરમાં બ્લડ યુનિટ કલેક્શનમાં 65થી 70 ટકા જેટલો ઘટાડો યથાવત્ રહ્યો છે, જેના કારણે હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા દર્દીઓ અને તેમના સ્વજનોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, વિવિધ સંસ્થાઓ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાઈ રહ્યા છે પરંતુ જોઈએ તેટલો રિસ્પોન્સ મળતો નથી.

### ચોમાસાની શરૂવાત થઈ ને ડામર રસ્તાનું કામ ચાલુ, સાલું કાંઈ સમજાતું નથી

## ડાંગમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગનું ચોમાસામાં મુહુર્ત થતા અનેક પ્રશ્નાર્થ





ડાંગ જિલ્લાનાં આહવા-ગલકુંડ રાષ્ટ્રીય ધોરીમાર્ગ ઉપર શીવઘાટથી દેવીનામાળ ફાટક સુધીનો માર્ગ તૂટી જતા હાલ ચોમાસાની શરૂઆતમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ હાઇવે ઓથોરિટીએ મરામતની કામગીરી હાથ ધરતા સરકારી નાણાનો દુરૂપયોગ થતો હોવાનું જણાય રહ્યુ છે

ડાંગ । તા.10

મળતી માહિતી અનુસાર ડાંગ જિલ્લાનાં મુખ્ય મથક અહવાને જોડતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ જે આહવાથી દેવીનામાળ ફાટક સુધીનો 10 કિમીનો માર્ગ ઠેરઠેર ઉખડી તૂટી જતા બિસમાર બન્યો હતો,આ માર્ગને દુરસ્ત કરવા શિયાળો અને ઉનાળો પૂર્ણ થઈ ગયા બાદ હાલ ચોમાસાની શરૂઆત થઈ હોય તેવા સમયે મુહર્ત નીકળતા માર્ગ ફરી બિસમાર બની જાય તેવી સ્થિતિ સર્જાઈ છે.સાપુતારાથી આહવાને જોડતો મહત્વનો માર્ગ હોય ઉનાળાની ગરમીથી અમુક ભાગ પીગળી જતા માર્ગ ક્ષતિગ્રસ્ત થયો છે , જેને સમયસર મરામત કરવાના બદલે હાઈવે ઓથોરિટી દ્વારા વરસાદ પડ્યા બાદ ડામર કામ શરૂ કરાવતા આશ્ચર્ય ફેલાયું છે,કારણકે માર્ગમાં વરસાદી પાણી પચી ગયા બાદ ડામર કામ થતું ન હોવા છતા હાઈવે ઓથોરિટીએ માર્ગ મરામતની કામગીરી હાથ ધરતા સરકારી નાણા પાણીમાં જવાની શક્યતા નકારી સકાતી નથી.ત્યારે હાઈવે ઓથોરિટીએ રાંધ્યા બાદ ડહાપણ કરી વરસાદ બાદ ડામર કામ શરૂ કરતાં કેટલો સફળ નીવડે છે તે જોવુ રહ્યુ.

## 8 વર્ષીય ઇફ્ફતને ફરીથી સાંભળવા માટે મદદ કરો: નવા હિયરીંગ એઈડ મશીન માટે સહાયની જરૂર

અમદાવાદ । તા.10

ઈરફાન ચીપા તેમની 8 વર્ષીય દીકરી, ઈફ્ફત, જેનો હિયરીંગ ઈમ્પ્લાન્ટમાં ગંભીર સમસ્યા છે, તે માટે સમુદાયને મદદ માટે પુકાર કરી રહ્યા છે. ઈફ્ફતના કોક્લીયર ઈમ્પ્લાન્ટ માટેનું હાલનું બાહ્ય મશીન અમાન્ય થઈ ગયું છે અને નવા બાહ્ય મશીનની કિંમત આશ્ચર્યજનક 7 લાખ છે. પરિવારમાં એકમાત્ર રોટલાવાળા ઈરફાનનો પગાર આ મહત્વપૂર્ણ ચિકિત્સા ખર્ચોને આવરી લેવા માટે પૂરતો નથી.

'મારી દીકરી, ઈફ્ફત, મારા માટે આખી દુનિયા છે. તે કેટલી મહેનત કરે છે અને સાંભળવામાં અક્ષમતા ધરાવતા લોકો માટે યત્ન કરે છે તે જોઈને મને ગર્વ થાય છે. ઈફ્ફત જીવનમાં સફળ થવા અને સાંભળવામાં અક્ષમતા ધરાવતા લોકો માટે સારા તકો માટે કામ કરવાની ઈચ્છા રાખે છે. મારી દીકરી ઈચ્છે છે કે અક્ષમતા ધરાવતા લોકો જીવનમાં કોઈ મર્યાદા ન રહે, અને તે આ સ્વપ્નને વાસ્તવમાં ઉકેલવા મદદ કરવા માંગે છે,' શેર કરે છે ઈરફાન ચીપા, ઈફ્ફતના પિતા. જો તમે ઈફ્ફત સાથે સમય વિતાવો, તો તમે જલ્દી જ તેની રમૂજી અને મસ્તીભરી બાજુ શોધી કાઢશો. તેને મજા કરવી ગમે છે, ખાસ કરીને તેના પરિવારમાં અને મિત્રો સાથે. માત્ર 8 વર્ષની વયે, ઈફ્ફત તેની ઉંમરને વધારે વિવેક અને પારણગી બતાવે છે. તે શૈક્ષણિક અને રમતગમત બંનેમાં પ્રગતિશીલ છે અને અભ્યાસ, સાયકલિંગ, ડ્રોઈંગ અને સ્કેચિંગ માટે ઉત્સાહ ધરાવતી પુર્ણવાર્તુ ની પરવરિશનો આનંદ માણે છે. જ્યારે ઈફ્ફત એક વર્ષની હતી, ત્યારે ઈરફાને ખ્યાલ આવ્યો કે તે જોરદાર અવાજો પર પ્રતિક્રિયા આપતી નથી. ચિંતિત થઈને, તેમણે તેને ડોક્ટર પાસે લઈ ગયા, જ્યાં ટેસ્ટે દર્શાવ્યું કે ઈફ્ફતના બન્ને કાનમાં સાંભળવાની સમસ્યા છે. આ સમાચાર પરિવારમાં ખોટી લાગણી ઉપજાવનાર હતા. ડોકટરે બંને કાન માટે હિયરીંગ એઈડની ભલામણ કરી. આર્થિક તંગી છતાં, ઈરફાને સરકારની સહાય, લોન અને બચતના સહારે ઈફ્ફતના જમણા કાન માટે હિયરીંગ એઈડ મેળવવા માંડ્યું. 2018 માં, ઈફ્ફતનું ઓપરેશન થયું અને તે પહેલીવાર અવાજ સાંભળવા માંડી. 2018 માં સફળ ઓપરેશન પછી, ઈફ્ફત સ્પષ્ટ રીતે સાંભળી શકતી હતી, જેને તેને તેની અભ્યાસ અને દૈનિક જીવનમાં સંપૂર્ણ રીતે જોડાવા માટે અનુમતિ આપી. જોકે, 2023 માં, તેનો કોક્લીયર ઈમ્પ્લાન્ટ અને બાહ્ય મશીન અમાન્ય થઈ ગયું અને બાહ્ય મશીનનું ઉત્પાદન કરતી કંપનીએ તેની કામગીરી બંધ કરી દીધી. હવે, ઈફ્ફતને ફરીથી સાંભળવા માટે નવા બાહ્ય મશીનની જરૂર છે. હાલમાં, ઈફ્ફત તેની ભાષણ કૌશલ્યમાં સુધારો કરવા માટે દર અઠવાડિયે ભાષણ થેરાપી સેશનમાં હાજરી આપે છે. નવા બાહ્ય મશીનનો ખર્ચ ઈરફાન માટે ભારે છે, જે ખાનગી કંપનીમાં કામ કરે છે અને તેની પગાર સાથે ચિકિત્સા ખર્ચો આવરી લેવામાં સંઘર્ષ કરે છે. વધુ વિગતો માટે, કૃપા કરીને મુલાકાત લો - https://www.impactguru.com/fundraiser/help-iffat-chhipa.

## ખાંભા અને ઉના રોડ બિસ્માર હાલતમાં ઠેકઠેકાણે ખડા અમરેલી જિલ્લાના અનેક રસ્તાઓ ખખડધજ હાલતમાં

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

અમરેલી જિલ્લામાં ચોમાસા પહેલા જ રોડ બિસ્માર હાલતમાં ઠેકઠેકાણે ખાંડા જોવા મળી રહ્યા છે. શહેરમાં કે ગ્રામીણ માંર્ગમા મગરની પીઠ જેવો ખરબચડો માર્ગ થઈ જતાં વાહન ચાલકો ને પારાવાર પરેશાની વેઠવી પડી રહી છે. ત્યારે ખાંભા,ઉના, દીવ,ગીર સોમનાથ જવાનો માર્ગ અકસ્માત નોતરે તેવી હાલતમાં હોય મસમોટા ખાડા ઓથી વાહન ચાલકો પરેશાન અકસ્માતની સતત ભીતિ સાવરકુંડલાથી ખાંભા,ઉના, દીવ, ગીર સોમનાથ જવાનો મુખ્ય રોડ ખખડધજ હાલતમાં અને ખરબચડો બની ગયો ગયો છે.

અગાઉ થયેલો ડામર રોડ સ્ટેટ હાઈવે પરથી બહાર આવી ગયો છે. ને ડામર રોડ જેવું નામ નિશાન આ માર્ગ પરથી નીકળી ગયું છે. આ રસ્તો અતિશય બિસ્માર બની જતા વાહનચાલકો પારાવાર પરેશાની ભોગવવી રહ્યા છે. જ્યારે ચોમાસું નજીક છે. અને વરસાદ થાય ત્યારે આ રોડ પર પાણીના ખાબોચિયાં ભરાયાં તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ટુ વ્હીલર વાહનો અકસ્માતે ખાબકે એવી હાલત છે. આમાં કોઈનો જીવ પણ જઈ શકે છે. તો કોઈ મોટો અકસ્માત પણ થઈ શકે તેવી ભિતી આ રોડ બનતા પહેલેથી જ હલકી ગુણવત્તાનો બનેલો માર્ગ ઉબડખાબડ બની જતા બાજુમાં ભાડ, વાંકિયા,જીકીયાળી, જવાનો રોડ પર ખૂબજ બિસ્માર છે. આ સ્ટેટ હાઈવે સમાન રસ્તા માં વાહન ચાલકો તોબાતોબા પોકારી ઉઠ્યા છે. આ રોડ ના કારણે વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ચોમાસાના દિવસો નજીક છે.

### રાજપીપળા શહેરના માથે મંડરાતું જોખમ..?

## 50 જેવા જર્જરિત મકાનો આવનારા ચોમાસામાં જોખમી હોવા છતાં પાલિકા તંત્ર નિષ્ક્રિય

ભરત શાહ દ્વારા - રાજપીપળા

રાજવી નગરી તરીકે ઓળખાતા રાજપીપળા શહેર માંથી આમ તો ઐતિહાસિક ઈમારતો નષ્ટ થતી જોવા મળે છે પરંતુ શહેર માં જૂના અને જર્જરિત મકાનો ની સંખ્યા વધતી જણાય છે જે ખરેખર જોખમી છે છતાં તંત્ર એ હજુ કોઈને મકાન ઉતારવા નોટિસ આપી નથી, વિકાસ ના નવા કામો કરી પોતાનો વિકાસ કરતા તંત્ર ના અધિકારીઓ અને સત્તાધીશો ને આમ જનતા નું જોખમ જણાતું નથી જોવા જઈએ તો દરબાર રોડ, લાલ ટાવર માલીવાડ સહિત ના ઘણા વિસ્તારો માં જર્જરિત મકાનો છે લગભગ ૫૦ જેવા જર્જરિત મકાનો શહેર માં



જોખમી હોવા છતાં પાલિકા તંત્ર કુંભકર્ણ ની નિંદ્રા માંથી જાગતું નથી તો શું કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોવાઈ રહી છે.?

બીજી તરફ હિન્દુ દેવસ્થાન કમિટી હસ્તક આવતા લક્ષ્મી નારાયણ મંદિર ના રહીશો ને તો નોટિસ આપી હોવા છતાં કોઈજ ગંભીરતા નથી જેના કારણે આસપાસ રહેતા લોકો ના માથે જોખમ મંડરાઈ રહ્યું છે.

એક તરફ પાલિકા તંત્ર એ કોઈને નોટિસ આપી નથી તેવામાં આવનારા ચોમાસા માં કોઈ મોટી દુર્ઘટના બનશે તો જવાબદાર કોણ ગણાશે તેવા સવાલો પણ ઉઠ્યા છે જ્યારે બીજી બાજુ હિન્દુ દેવસ્થાન કમિટી હસ્તક ના લક્ષ્મી નારાયણ મંદિર ના રહીશો ને નોટિસ આપી છે છતાં કોઈ ને કંઈ પડી નથી કેમ કે ત્યાં રહેતા મોટાભાગના લોકો વર્ષો થી અન્ય જગ્યા એ રહે છે પરંતુ મકાન ખાલી કરતા નથી, મામલતદાર હસ્તક આવતા હિન્દુ દેવસ્થાન કમિટી કે તેના કોઈપણ સભ્ય ને આ મકાન નજર આવતું નથી..? કે માત્ર હોદ્દા લઈ ને બેઠેલા છે. વોર્ડ નંબર 5 ના પાલિકા સદસ્ય પ્રજ્ઞેશ રામી ના જણાવ્યા મુજબ એક વર્ષ પહેલાં તેમણે તેમના વોર્ડ માં આવતા એક જર્જરિત મકાન ઉતારવા પાલિકા ને લેખિત જાણ કરી હોવા છતાં આજદિન સુધી કોઈજ કામગીરી કરાઇ નથી, જો પાલિકા તંત્ર પોતાના સદસ્ય ની વાત ગણકારતી ન હોય તો આમ જનતા નું તો જે થવાનું એ થાય તેવું જ સમજવું રહ્યું.

## જાફરાબાદ તાલુકાના મીઠાપુર નજીક જેટકો કંપની દ્વારા ખેડૂતોના ખેતરમાં ખેડૂતોની સંમતિ વગર આડેધડ વીજ પોલ નાખતા ખેડૂતોમાં આક્રોશ

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદ તાલુકામાં જેટકોની વીજ લાઈન નાખવા માટેની કામગીરી ખાનગી એજન્સી દ્વારા કરવામાં આવી રહી છે.

મીઠાપુર ગમ નજીક કેટલાક ખેડૂતોનાં ખેતરમાં ખેડૂતોની સંમતિ કે નોટિસ વગર આડેધડ વીજ પોલ નાખવા માટેની કામગીરી શરૂ કરતાં ખેડૂતોમાં આક્રોશ સાથે રોષ જોવા મળ્યો હતો ખેડૂતોના ખેતરમાં પ્રવેશી નુકસાન કર્યાનાં આક્ષેપ કામ બંધ રાખવાની ખેડૂતો એ કરી માંગણી મીઠાપુર ગામે ખેડૂતોની જમીનમાં જેટકોની લાઈન નાખવા કોઈ પણ ખેડૂતોની સંમતિ વગર કામગીરી શરૂ કરતાં રજૂઆતો કરવામાં આવી છે. ખેડૂતો એ જણાવ્યું હતું કે અમારી માલિકીની જમીનમાં અમારી કોઈ પણ જાતની સંમતિ કે નોટિસ કે જાણ કરી નથી જેટકો કંપની એજન્સી દ્વારા દાદાગીરી કરી કામ શરૂ કરી વિજ પોલો નાખવા માટે ટ્રાયલ ફિટ માટે ખાંડા કેરી દીધા છે.

અમારી ખેતીની જમીનમાં નુકસાન કર્યું છે. આ નુકસાન અંગે એજન્સી અથવા જેટકો કંપની તાત્કાલિક તપાસ કરી કાર્યવાહી કરે અને કામ બંધ કરે જો કામ બંધ નહીં કરેતો ખેડૂતોમાં ઘેરા પ્રત્યાઘાતો પડશે સાવરકુંડલા જેટકો ડીવીઝન અધિકારીએ જણાવ્યું હતું કે ખેડૂતોની સંમતિ લેવાની જ હોય અધિકારીને સુચના આપી છે. પહેલા ખેડૂત સાથે મિટિંગ કરો ઘણીવાર ખેડૂતો હાજર હોતા નથી અને ભાગીયા જ હાજર હોય છે. પરંતુ મેં અત્યારે જ ફરી સુચના આપી છે.

## આહવા નગરમાં પાણીની સમસ્યામાં વધારો થતા મહિલાઓ દ્વારા પાણી પુરવઠાની કચેરીમાં હલ્લાબોલ

ડાંગ । તા.10



ડાંગ જિલ્લાનાં વહીવટી મથક આહવા ખાતે પાણીનાં સંગ્રહ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. પરંતુ આ બધી યોજનાઓ માત્ર કાગળ પર જ હોય તેવું જણાઈ રહ્યું છે.કારણ કે ગત વર્ષે વરસાદ ઓછો પડતા અને બોર તથા કૂવામાં પણ પાણીનાં સ્ત્રોત ઊંડા જતા આહવા નગરનાં લોકોએ પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે.ત્યારે સમગ્ર મામલાને લઈને આહવા નગરની મહિલાઓએ પાણી પુરવઠા વિભાગની કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો.ગુજરાત સરકાર દ્વારા આદિવાસીઓને પાણીની સવલતો મળી રહે તે માટે પાણી પુરવઠા વિભાગને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે. તેમજ પાણીની સુવિધાઓ માટે કરોડો રૂપિયાની યોજના પણ સરકાર દ્વારા બહાર પાડવામાં આવતી હોય છે.જોકે હજુ પણ આહવાનાં કેટલાક વિસ્તારમાં પાણીની સમસ્યા જોવા મળી રહી છે.

## રાજુલા આહિર સમિતિ દ્વારા સમૂહલગ્નમાં નવદંપતીઓને સાત ફેરા યોજના અને મેરેજ સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો



કિશોર આર. સોલંકી-જાફરાબાદ

આહિર સમાજ સમૂહલગ્ન સમિતિ રાજુલા દ્વારા ૨૩ માં સમૂહલગ્ન સફળતાપૂર્વક પૂર્ણ કરવામા આવતા સમૂહલગ્નમા જોડાયેલ ૩૯ નવદંપતીઓને આહિર સમાજની વાડી ખાતે સરકારમાંથી મળતી સહાય તેમજ મેરેજ સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ.સમૂહલગ્નમા જોડાયેલ નવદંપતીઓને મેરેજ સર્ટિફિકેટ તેમજ સાતફેરા સમુહલગ્ન અને કુંવરબાઈના મામેરાની સરકારશ્રીની નવ લાખ છત્રીસ હજારની સહાય આપવાની સુંદર કામગીરી હિતેશભાઈકાતરીયા, ગોપાલભાઈ જાલોંધરા અને નાગજીભાઈ જીંજાળા સહિતની ટીમ દ્વારા કરવામાં આવી હોવાનું સમૂહલગ્ન સમિતિના પ્રમુખશ્રી બાબુભાઈ વાણીયા દ્વારા જણાવી આગામી સમયમાં લોકોની અનુકૂળતા મુજબ વધારે યુગલો જોડાય તે રીતે સમૂહલગ્નનું આયોજન કરવામાં આવશે. બાબુભાઈ વાણીયા,ઘુઘાભાઈ કાતરીયા, બચુભાઈ જાલોંધરા, તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.નિલેશભાઈ કલસરીયા, યાદવ યુવા ગ્રુપના પ્રમુખ લાલજીભાઈ જીંજાળા, ભુપતભાઈ લાડુમોર, નાગજીભાઈ જીંજાળા,નરશીભાઈ જાલોંધરા, હિંમતભાઈ જાલોંધરા, ધનજીભાઈ જાલોંધરા, નરેશભાઈ બલદાણીયા, હરેશભાઈ કાતરીયા, ચિથરભાઈ કાતરીયા, હર્ષદભાઈ હડિયા, ચીથરભાઈ જીંજાળા, ભુપતભાઈ બલદાણીયા, શામજીભાઈ હડિયા, માધાભાઈ જીંજાળા, દુલાભાઈ જાલોંધરા અને ભવાનભાઈ જીંજાળા સહિતના સભ્યો હાજર રહી કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવેલ જે યાદીમાં જણાવેલ છે.

## અમદાવાદ મંડળની કેટલીક સાપ્તાહિક ટ્રેનો પરિવર્તિત માર્ગ પર દોડશે

અમદાવાદ । તા.10

ઉત્તર મધ્ય રેલવે પર પ્રયાગરાજ સ્ટેશનના મેજર અપગ્રેડેશનના કામના સંબંધમાં પ્લેટફોર્મ નંબર 4 અને 05 બંધ કરવામાં આવી રહ્યા છે. જેના કારણે અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ, અમદાવાદ-પટના એક્સપ્રેસ અને અમદાવાદ-પટના સ્પેશ્યલ સાપ્તાહિક ટ્રેનો પરિવર્તિત કરાયેલામાર્ગ પર દોડશે. જેની વિગતો નીચે મુજબ છે.

14 જૂનથી 19 જુલાઈ, 2024 સુધી, અમદાવાદ થી ઉપડનારી ટ્રેન નંબર 15560 અમદાવાદ-દરભંગા અંત્યોદય એક્સપ્રેસ તેના નિર્ધારિત માણિકપુર-પ્રયાગરાજ-પ્રયાગરાજ રામબાગ-વારાણસીને બદલે પરિવર્તિત માર્ગ વાયા માણિકપુર-પ્રયાગરાજ છિવકી-વારાણસી થઈને દોડશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યા છે.

12 જૂનથી 24 જુલાઈ 2024 સુધીં દરભંગાથી ઉપડનારી ટ્રેન નંબર 15559 દરભંગા-અમદાવાદ અંત્યોદય એક્સપ્રેસ તેના નિર્ધારિત માર્ગ વાયા વારાણસી-પ્રયાગરાજ રામબાગ-પ્રયાગરાજ-માણિકપુર ના બદલે પરિવર્તિત માર્ગ વાયા વારાણસી-પ્રયાગરાજ છિવકી-માણિકપુર થઈને દોડશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યા છે.

16 જૂનથી 21 જુલાઈ 2024 સુધી અમદાવાદ થી ચાલતી ટ્રેન નંબર 19421 અમદાવાદ-પટના સાપ્તાહિક એક્સપ્રેસને તેના નિર્ધારિત માર્ગ વાયા માણિકપુર-પ્રયાગરાજ-પ્રયાગરાજ રામબાગ-વારાણસી-પં. દીનદયાલ ઉપાધ્યાય ના બદલે પરિવર્તિત માર્ગ વાયા માનિકપુર-પ્રયાગરાજ છિવકી-પં. દીનદયાળ ઉપાધ્યાય થઈને ચાલશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યો છે.

18 જૂનથી 23 જુલાઈ 2024 સુધી પટનાથી ઉપડનારી ટ્રેન નંબર 19422 પટના-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસને તેના નિર્ધારિત માર્ગ વાયા પં. દીનદયાલ ઉપાધ્યાય-વારાણસી-પ્રયાગરાજ રામબાગ-પ્રયાગરાજ- માણિકપુર ના બદલે પં. દીનદયાલ ઉપાધ્યાય-પ્રયાગરાજ છિવકી-માણિકપુરના રસ્તે ચાલશે. આ ટ્રેનને પ્રયાગરાજ છિવકી સ્ટેશન પર વધારાનો સ્ટોપ આપવામાં આવ્યો છે. 12 જૂનથી 24 જુલાઈ 2024 સુધી અમદાવાદ થી ઉપડનારી ટ્રેન નંબર 09447 અમદાવાદ-પટના સાપ્તાહિક વિશેષ તેના નિર્ધારિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-પ્રયાગરાજ-પં. દીનદયાલ ઉપાધ્યાય ના બદલે પરિવર્તિત માર્ગ વાયા કાનપુર સેન્ટ્રલ-લખનઉ-પં.દીનદયાલ ઉપાધ્યાય થઈને ચાલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને મુલાકાત લઈ શકે છે.

## ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને મળી રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ના રવિ પાકોની ખરીદી માટે ટેકાના ભાવની ભલામણ કરવા મળેલી આ બેઠકમાં સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા તેમજ કૃષિ રાજ્ય મંત્રી બચુભાઇ ખાબડ ઉપસ્થિત રહ્યા હતા. કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના ખેડૂતોને સ્વનિર્ભર અને સમૃદ્ધ બનાવવા નવતર પહેલો કરી છે. ખેડૂતોને તેમની ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને ખેડૂતો આર્થિક ઉન્નતી તરફ આગળ વધે તેવા નેક હેતુસર વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ ભારત સરકાર દ્વારા દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને પાકોની ખરીદી કરવામાં આવે છે. દર વર્ષે ખેડૂતો વાવેતર કરે તે અગાઉ જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### શ્વાસ થંભાવી દેતો ગમખ્વાર અકસ્માત, પત્નીનું કમકમાટીભર્યું મોત, પતિ ગંભીર

# વડોદરામાં દંપતીને ઉડાડી દીવાલ તોડી બેફામ સ્કોર્પિયો હોસ્પિ.માં ઘૂસી



(એજન્સી) વડોદરા | તા.10

વડોદરા શહેરના સમા વિસ્તારમાં ગઈકાલે મોડીરાત્રે એક સ્કોર્પિયો કારે ચાલવા નીકળેલા દંપતીને અડફેટે લીધું હતું અને કારચાલકે કાર પરનો કાબૂ ગુમાવતા કાર પલટી ખાઈને હોસ્પિટલમાં ઘૂસી ગઈ હતી. હિટ એન્ડ રનની આ ઘટનામાં પત્નીને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું કમકમાટીભર્યું મોત થયું હતું, જ્યારે પતિને હાથ, પગ અને પાંસળીઓના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં સમા પોલીસ દોડી ગઈ હતી અને આ મામલે તપાસ શરૂ કરી હતી. પૂરપાટ ઝડપે જતી સ્કોર્પિયો કાર અકસ્માત કર્યા બાદ પલટી ખાઈ ગઈ હતી, આ ઘટના CCTVમાં કેદ થઈ ગઈ છે. સીસીટીવામાં જોવા મળે છે કે, સ્કોર્પિયો કાર ખૂબ જ પૂરપાટ ઝડપે જઈ રહી હતી, અકસ્માત કર્યા બાદ કારચાલકે કાર પરનો કાબૂ ગુમાવી દીધો હતો. 100 ફૂટથી વધુ આડી થઈ કાર ઢસડાઈ હતી અને બાદમાં હોસ્પિટલ પરિસરની એક દીવાલ અને વીજપોલ તોડી અંદર ઘૂસી પલટી મારી ગઈ હતી.

સમા રોડ પર આવેલ ભવિતા પાર્ક સોસાયટીમાં રહેતા બિપીનભાઈ જેરામભાઈ પ્રજાપતીએ સમા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગતરાત્રે 11 વાગ્યે હું મારા ઘરે હાજર હતો, ત્યારે મારા એક મિત્રનો મારા પર ફોન આવ્યો હતો કે, તમે તાત્કાલિક પ્રિત પાર્ટી પ્લોટની બાજુમા આવી જાઓ, તમારા સાળા વિપુલભાઈ અને તેમના પત્ની શિલ્પાબેનને અકસ્માત થયો છે, જેથી હું તથા મારી નજીકમાં રહેતા મારા સાઢુ રોહિતભાઈ સવાણી અમારી ગાડી લઈને પ્રિત પાર્ટી પ્લોટ ખાતે પહોંચી ગયા હતા. જ્યાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ ગયેલા હતા. જ્યાં મારા સાળા વિપુલભાઈ અને તેમની પત્ની શિલ્પાબેનને સ્કોર્પિયો કાર (GJ-23-M-8877)એ ટક્કર મારી હતી અને કારચાલક અકસ્માત કરીને ત્યાંથી ભાગી છૂટ્યો હતો. શિલ્પાબેનને ગંભીર ઈજા પહોંચી હોવાથી તેમને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ મારા સાળાને જમણા પગ, ડાબા હાથ અને પાંસળીઓમાં ઈજા પહોંચતા તેઓને ખાનગી હોસ્પિટલમાં સારવાર ખસેડવામાં આવ્યા હતા. વિપુલભાઈને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા સમા પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી અને આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી હતી અને પોલીસે આરોપી કારચાલકની શોધખોળ શરૂ કરી છે.

**ન્યૂઝ કોર્નર**

## પાટડીના જૈનાબાદ રોડ પર અકસ્માત, એક ક્લિનરનું મોત

સુરેન્દ્રનગર | પાટડી જૈનાબાદ રોડ પર બે ટ્રકો વચ્ચે સામ સામે ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત નિપજ્યું હતું. પાટડી પાસે માવસર ઝાડી પાસે બે ટ્રક સામ સામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ગંભીર ઈજાને પગલે ક્લીનરનું મોત અને ચાલક ઈજાગ્રસ્ત થયો હતો. પાટડી જૈનાબાદ રોડ પર બે ટ્રકો સામસામે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ત્યારે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના માલવણ પાટડી જૈનાબાદ અને દસાડા માર્ગ પર છેલ્લા ઘણા સમયથી અકસ્માતોના બનાવમાં સતત વધારો થઈ રહ્યો છે, ત્યારે જૈનાબાદ પાટડી રોડ પર માવસર ઝાડી પાસે બે ટ્રક સામસામે અથડાતા અકસ્માત સર્જાયો હતો. ત્યારે આ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક ક્લીનરને ગંભીર ઈજાઓને પગલે તેને પાટડી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ત્યારે ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

## મીઠાપુર નજીક કારની અડફેટે બાઈક સવાર દંપતી, પુત્રી ઈજાગ્રસ્ત

દ્વારકા ખંભાળિયા | ઓખા મંડળના પોશીત્રા વિસ્તારમાં રહેતા ઈલિયાસ અયુબભાઈ ચાવડા નામના યુવાન તેમના પત્ની રહેમતબેન તથા પુત્રી માસુમબેનને લઈને તેમના બાઈક પર બેસીને જઈ રહ્યા હતા. ત્યારે આરંભડા સીમ વિસ્તારમાં જી.આઈ.ડી.સી. નજીકથી પસાર થતી વખતે પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. 03 એચ.આર. 6285 નંબરના એક ઈક્કો મોટરકારના ચાલકે ઈલિયાસભાઈના બાઈક સાથે ધડાકાભેર અકસ્માત સર્જ્યો હતો. જેના કારણે ઈલિયાસભાઈ, તેમના પત્ની રહેમતબેન અને પુત્રી માસુમબેનને ઈજાઓ થયાની ફરિયાદ મોસીન ઈલિયાસભાઈ ચાવડાએ મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવી છે. અકસ્માત સર્જી આરોપી કાર ચાલક નાસી છૂટ્યો.

# ગુજરાતમાં 3 દિવસ વરસાદી માહોલ...

## રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 72 તાલુકામાં વરસાદ વરસ્યો, અનેક જગ્યાએ પાણી ભરાયાં તો પ્રથમ વરસાદમાં જ 5 લોકોનાં મોત

(એજન્સી) વલસાડ | તા.10

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર ગુજરાતમાં 12 જૂન સુધી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ગતરોજ વહેલી સવારથી જ વલસાડથી શરૂ થયેલી મેઘ મહેર સમગ્ર રાજ્યમાં જોવા મળી રહી હતી. ગુજરાતના ચારેય ઝોનમાં ભારેથી સામાન્ય વરસાદ વરસ્યો હતો. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 72 તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ તાપીમાં પોણા ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. તેમજ વલસાડ જિલ્લામાં રાત્રે પણ વરસાદ જોવા મળ્યો હતો. કેટલીક જગ્યાએ પાણી ભરાવાની પણ સમસ્યા સામે આવી હતી. રાજ્યમાં વરસાદની ધમાકેદાર શરૂઆત થઈ ગઈ છે, પરંતુ પ્રથમ વરસાદમાં જ રાજ્યના અલગ-અલગ વિસ્તારમાં 5 લોકોના મોત થયા છે. ભરૂચમાં વૃક્ષ નીચે દબાઈ જતા ત્રણના મોત તો વડોદરામાં વીજળી પડતા એકનું મોત જ્યારે અમરેલીમાં એક બોલેરો ગાડી તણાઈ જતા બોલેરો ચાલકનું મોત નીપજ્યું છે.

રાજ્યમાં ગતરોજ રવિવારથી અનેક વિસ્તારમાં વરસાદ ખાબક્યો છે. જેને પગલે લોકોને ગરમીમાંથી રાહત મળી છે. ત્યારે રાજ્યમાં આવનારા ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ યથાવત્ત રહેશે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં આજે અમદાવાદ, બોટાદ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ સહિતમાં ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે વરસાદ વરસી શકે છે.



### કેરીના વેપારીઓમાં અને ખેડૂતોમાં દોડધામ મચી

વલસાડ કપરાડા અને ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં ગત રાત્રે વરસાદ ખાબક્યો હતો. રાત્રે 10થી 12 દરમિયાન ધરમપુર અને કપરાડા વિસ્તારમાં વરસાદ વરસ્યો હતો. કપરાડા તાલુકામાં 49 MM, ધરમપુર તાલુકામાં 74 MM વરસાદ પડ્યો હતો. ધરામપુરની ન્યુ APMCમાં કેરીના વેપારીઓમાં અને ખેડૂતોમાં દોડધામ મચી હતી. ધરમપુર APMCમાં કેરીના વેપારીઓ કેરી બચાવવા માટે પ્લાસ્ટિક અને તાંડપત્રી વડે કેરીના કેરેટને ઢાંકીને કેરીને વરસાદથી બચાવવાનો પ્રયાસ કર્યો હતો.

### અમરેલીમાં બોલેરો ચાલક તણાયો

અમરેલીના બાબરામાં છેલ્લા 24 કલાકમાં 73 MM વરસાદ વરસ્યો હતો. જેને પગલે બાબરાના ત્રબોડા ગામની સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. જે દરમિયાન સુખનાથ મંદિર પાસે નદીમાં બોલેરો ગાડી તણાઈ હતી. સ્થાનિકો લોકો એ વહીવટી તંત્રને જાણ કરતા તંત્ર ઘટના સ્થળ પર પહોંચી બોલેરોની શોધખોળ હાથ ધરી હતી.

પોલીસ, મામલતદાર અને ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ફાયર વિભાગની ટીમ દ્વારા મોડીરાત સુધી શોધખોળ હાથ ધરી હતી. ત્યારે બોલેરો ગાડી ચાલકનો મૃતદેહનો ફાયર વિભાગની ટીમને હાથ લાગ્યો હતો. મળતી માહિતી મુજબ બોલેરો ચાલક રાજસ્થાનનો હોવાનું સામે આવ્યું છે.

**છેલ્લા 24 કલાકમાં 72 તાલુકામાં વરસાદ :** રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 72 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. ગુજરાતના ચારેય ઝોનમાં વરસાદની ધમાકેદાર એન્ટ્રી થઈ ગઈ છે. અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ, ભાવનગર સહિત મોટા ભાગના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની પણ સમસ્યા સામે આવી હતી. સાથે જ ભારે પવનના પગલે અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાની તેમજ વીજપુરવઠો ખોરવાયો હોવાની ઘટના સામે આવી છે. ત્યારે ભરૂચમાં વૃક્ષ નીચે દબાઈ જતાં એક મહિલા સહિત ત્રણનાં મોત નીપજ્યાં છે.

# જામનગરના બેડમાં જુગાર રમતા મહિલા સહિત 5 શખ્સોને પોલીસે ઝડપી પાડ્યા...

(એજન્સી) જામનગર | તા.10

જામનગરના બેડ ગામમાં પોલીસે દરોડો પાડી મહિલાના ઘરમાં ચાલતુ જુગાર ધામને ઝડપી પાડ્યુ હતું. પોલીસે મહિલા સહિત પાંચ આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ રેડ દરમિયાન1.15 લાખની રોકડ અને એક મોટરસાયકલ તેમજ 5 મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જામનગર નજીક ખંભાળિયા ધોરીમાર્ગ ઉપર આવેલા બેડ ગામે ક્રિષ્ના ક્લિનિકની બાજુમાં રહેતી દિવ્યાબેન મહેશભાઈ કાથરાણી નામની મહિલાના ઘરમાં જુગાર ધામ ચાલતું હોવાનું સિક્કા પોલીસને ચોક્કસ હકીકત મળી હતી. આ વિગતના આધારે સિક્કા પોલીસે મોડી રાત્રે દરોડા પાડ્યો હતો.

આ દરોડામાં મહિલા ઉપરાંત જુગાર રમી રહેલા દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના મોરજર ગામના ઉમંગભાઈ પ્રવીણભાઈ પરમાર, બેડ ગામમાં રબારીવાસમાં રહેતા હસમુખભાઈ ધરમશીભાઈ કણજારીયા તથા મોરજર ગામના હિરેનભાઈ અશ્વિનભાઈ પરમાર, જામનગર તાલુકાના આમરા ગામના પરસોતમભાઈ



દેવજીભાઈ ધારવીયા નામના પાંચ શખ્સો આબાદ ઝડપાઈ ગયા હતા. પોલીસે આ તમામ શખ્સોના કબજા માંથી રૂપિયા 1.15 લાખની રોકડ અને પાંચ મોબાઈલ તથા મોટરસાયકલ સહિત 1.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે મહિલાને નોટિસ આપી મુક્ત કરી હતી. જ્યારે અન્ય આરોપીઓની અટકાયત કરી હતી. આ દરોડાના પગલે બેડ ગામમાં ચર્ચાઓ જાગી છે.

# દ્વારકામાં આસામીનો મોબાઈલ ફોન ચોરાયો, ખંભાળિયામાં પીધેલા ચાલકો સામે કાર્યવાહી

દ્વારકા ખંભાળિયા | અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા પ્રદીપ દેવજીભાઈ મકવાણા નામના 44 વર્ષના યુવાન ગત તારીખ 31મે ના રોજ દ્વારકા આવ્યા હતા. ત્યારે ગોમતી ઘાટથી સ્વામિનારાયણ મંદિર નજીકના રોડ પર તેમનો રૂપિયા 14,000ની કિંમતનો મોબાઈલ ફોન કોઈ ગઠિયો ચોરી કરીને લઈ ગયો હોવાની ફરિયાદ તેમના દ્વારા દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાં રહેતા કિશન અરવિંદભાઈ ડાભીને કેફી પીણું પીધેલી હાલતમાં રૂપિયા 30,000 ના મોટર સાયકલ પર ડ્રાયવિંગ લાયસન્સ વગર નીકળતા પોલીસે રેલવે સ્ટેશન પાસેથી ઝડપી લીધો હતો. અન્ય એક કાર્યવાહીમાં ટ્રાફિક પોલીસે કંચનપુર ટોલનાકા પાસેથી પીધેલી હાલતમાં રૂપિયા 50 હજારની કિંમતના બુલેટ મોટર સાયકલ પર નીકળેલા દાતા ગામના દશરથસિંહ રણુભા પરમારને તેમજ તુલસી પાર્ક વિસ્તારમાં રહેતા રફીક આમદભાઈ ઘાવડા (ઉ.વ. 49) ને પોલીસે પીધેલી હાલતમાં રૂપિયા 50 હજારની કિંમતનું મોટરસાયકલ લઈને નીકળતા ઝડપી લઈ, જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

# અમરેલીમાં ધોધમાર વરસાદ બાબરામાં અઢી ઈંચથી વધુ ખાબક્યો

(એજન્સી) અમરેલી | તા.10

અમરેલી જિલ્લાના ગઈકાલે બપોર બાદ લાઠી, ખાંભા, બગસરા, સાવરકુંડલા અને લીલીયા રૂલર વિસ્તારના વરસાદ ખાબક્યો હતો. કેટલીક જગ્યાએ ધોધમાર વરસાદ તો કેટલીક જગ્યાએ છૂટો છવાયો વરસાદ પડ્યો હતો. જેના કારણે ગરમ માંથી લોકોને રાહત મળી હતી.

બાબરા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં મોડી રાતે અઢી ઈંચ કરતા વધુ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જેમાં ત્રબોડા ગામ નજીક પાણીનું એક વોકળું પસાર થતા પવન ચક્કીના કામમાં ચાલતી બોલેરો ચાલક દ્વારા સાહસ કરી પસાર થતા બોલેરો ડૂબી જતાં સ્થાનિક લોકો દોડી આવી વહીવટી તંત્ર ફાયર વિભાગને જાણ કરી હતી. તંત્ર દ્વારા મોડી રાત્રે બોલેરોને બહાર કઢાયા બાદ બોલેરો ચાલકની લાશ મળી આવતા હોસ્પિટલમાં પીએમ માટે ખસેડવામાં આવી હતી. અન્ય કોઈ વ્યક્તિ ન હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

બોલેરો ચાલક પાણીમાંથી પસાર થવા માટે બોલેરો કાર પસાર કરતા પાણીનો પ્રવાહ વધુ હોવાને કારણે બોલેરો બહાર ન નીકળી શકી અને પાણીમાં ગરકાવ થયાની માહિતી હાલ મળી રહી છે. મોડી રાત સુધી તંત્ર પોલીસ ફાયરની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરી છે.

# વડોદરામાં વહેલી સવારે મોટી ઘાત ટળી



વડોદરા | શહેરમાં મોડી સાંજે તુફાની પવનો અને વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી. તોફાની પવન અને વરસાદને પગલે આજે વહેલી સવારે વારસિયા પોપ્યુલર બેકરી સામે આવેલ જૂની હવેલી ભાવ શિંદે મંદિરનો રોડ સાઈડનો એક ભાગ ધરાશાયી થયો હતો. સદનસીબે વહેલી સવારે આ ઘટના બનતા મોટી દુર્ઘટના થતા ટળી હતી. નોંધનીય છે કે, પાલિકા દ્વારા આ હવેલી સહિત 4 હજાર જેટલી જર્જરિત ઈમારતોને નિર્ભયતાની નોટિસ આપી પોતાની સેફ સાઈટ કરી લીધી છે.

# ભરૂચ જિલ્લા ભાજપ કાર્યાલયમાં આગ: આગ પર કાબુ મેળવ્યો

(એજન્સી) ભરૂચ | તા.10

ભરૂચ જિલ્લા ભાજપ કાર્યાલયમાં સોમવારે સવારના સમયે આચનક આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઇ હતી.આગની જાણ ભરૂચ પાલિકાના ફાયર બ્રિગેડની ટીમને થતાં તેઓએ દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.જોકે કાર્યાલયમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે.

ભરૂચ જીલ્લા ગરમીના કારણે આગની ઘટનાઓ બની રહી છે.ત્યારે આજે સવારના 10 વાગ્યાના અરસામાં કસક વડીલોના ઘર નજીક આવેલા ભારતીય જનતા પાર્ટીના જીલ્લા કાર્યાલયમાં આચનક ધૂમાડા સાથે આગ ભભૂકી ઉઠતાં દોડધામ મચી ગઇ હતી.આગ અંગેની જાણ ભરૂચ નગરપાલિકાના ફાયર બ્રિગેડની ટીમને કરવામાં આવતા તેઓએ તાત્કાલિક ફાયરના બંમ્બા સાથે દોડી આવી આગ ઓલવવાની કામગીરી હાથ ધરી હતી.

જોકે કાર્યલય બંધ હોય અંદર ધૂમાડા વધી જવાના કારણે લાશ્કરોને આગ ઓલવવા માટે ભારે જહેમત ઉઠાવી પડી હતી.જોકે ફાયરના માણસોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો.આગમાં કાર્યાલયમાં રહેલું અમુક સહિત્ય બળી ગયું હતું.આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવાઈ રહ્યું છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

## ટ્રક ડ્રાઇવરનું સ્કોર્પિયોમાં અપહરણ કરી ધોકા અને પાઇપ વડે હુમલો

રાજકોટ | ગંજીવાડાના ચામુંડા ચોકમાં રહેતા અને ટ્રક ડ્રાઈવિંગ કરતા મંગેશ જેરામભાઈ વાળા (ઉ.વ.૩૫)નું ટ્રાન્સપોર્ટનો માલ ભરવા બાબતે ચાલતા વિખવાદમાં ચાર શખ્સોએ સ્કોર્પિયોમાં અપહરણ કરી મારકૂટ કર્યાની કુવાડવા રોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે આરોપીઓને ઝડપી લેવા તજવીજ શરૂ કરી છે. ફરિયાદમાં મંગેશભાઈએ જણાવ્યું છે કે તે ટ્રાન્સપોર્ટના પાર્સલોની હેરાફેરી કરે છે. બે વર્ષ પહેલા માર્કેટિંગ યાર્ડ પાસે ટ્રાન્સપોર્ટની ઓફિસ હતી. જે બંધ કરી દીધી હતી.

## મહી નદીમાં નાહવા માટે ગયા બાદ ડૂબી જતા મહિલા સહિત બેના મોત

સાવલી | વડોદરા જિલ્લામાંથી પસાર થતી મહી અને નર્મદા નદી તેમજ કેટલાક જળાશયોમાં નાહવા પર જિલ્લા કલેક્ટરે પ્રતિબંધ ફરમાવ્યો હતો તેની વચ્ચે સાવલી તાલુકાના અમરાપુરા ગામ પાસેથી પસાર થતી મહી નદીમાં બે જણના ડૂબી જવાથી મોત થયા હતાં. સાવલી તાલુકાના ગોઠડા ગામે કાલુભાઈ ચૌહાણના ઘેર સગાઈ પ્રસંગે મહેમાન આવ્યા હતાં. આજે ભારે ગરમી અને ઉકળાટના પગલે અમરાપુરા ગામે આવેલા કેટલાંક મહેમાનો અમરાપુરા ગામે આવેલ મહી નદીમાં નાહવા પડયા હતા.

# આબુ-પાલનપુર હાઈવે પર કાર ચાલકે રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધને અડફેટે લીધા

(એજન્સી) બનાસકાંઠા | તા.10

અમીરગઢના ગંગાસાગર પાટીયા પાસે નેશનલ હાઈવે પર રાજસ્થાન તરફથી આવતી એક ગાડીએ રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધને ટક્કર મારતા વૃદ્ધનું ઘટના સ્થળ જ મોત થયું હતું. આ બનાવના પગલે અમીરગઢ પોલીસે તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી આગળની તપાસ કરી છે.

બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતોનો સીલસીલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે આબુ-પાલનપુર નેશનલ હાઈવે પર અમીરગઢના ગંગાસાગર પાટીયા પાસે એક વૃદ્ધ રોડ ક્રોસ કરી રહ્યા હતા, તે સમય દરમિયાન રાજસ્થાન તરફથી આવી રહેલી એક ગાડી ચાલકે વૃદ્ધને અડફેટે લીધા હતા. જેથી વૃદ્ધ ફંગોળાઈને રોડ પર પટાકાયા હતા. જેને પગલે તેને ગંભીર ઈજા પહોંચી હતી. જેથી વૃદ્ધનું ઘટના સ્થળ પર જ મોત થયું હતું.

આ અકસ્માતના કારણે હાઈવે ઉપર લોકોના ટોળેટોળા



એકઠા થયા હતા. બનાવની જાણ સ્થાનિકો દ્વારા પોલીસને કરતા અમીરગઢ પોલીસ તત્કાલિક ઘટના પર પહોંચી હતી. વૃદ્ધના મૃતદેહને અમીરગઢ પી એમ અર્થે ખસેડવામાં આવ્યો છે. તેમજ સ્કોર્પિયો ગાડી ચાલકની અમીરગઢ પોલીસે પૂછપરછ હાથ ધરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# 'પપ્પા હું મામાના ઘરે જાઉં છું':પિતાને ફોન કરીને નીકળેલો પુત્ર પરત ન ફર્યો, ખેરાલુ નજીક ડમ્પરે ટક્કર મારતાં કાર પલટી

(એજન્સી) મહેસાણા | તા.10

ખેરાલુ સિદ્ધપુર હાઈવે પર રામદેવપીરના મંદિર મલેકપુર ગામ નજીક બેફામ ડમ્પર ચાલકે ગાડીને ટકકર મારતા ગાડી 100 મીટર સુધી પલ્ટીઓ મારી રોડની સાઈડમાં ખાબકી હતી.સમગ્ર અકસ્માતમા વલાસણા અને મલેકપુર ગામના બે યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજતા પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.જોકે અકસ્માત સર્જી ડમ્પર ચાલક ગાડી મૂકી ફરાર થઇ ગયો હતો.ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.તેમજ અકસ્માતમાં મોત ને ભેટેલા બે યુવકોના મૃત દેહને પી. એમ કરાવ્યા બાદ અંતિમ વિધિ માટે પરિવાર ને સોંપવામાં આવ્યા હતા.તેમજ ખેરાલુ પોલીસે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે. વડનગર તાલુકામાં આવેલા વલાસણા અંબાજી માતા મંદિર પાસે ઠાકોર વાસમાં રહેતો 23 વર્ષીય ઠાકોર સંજય મલેકપુર ગામે રહેતા જયતીજી અમરતજી ઠાકોરની GJ02EC7215 માં બેસી મામાના ઘરે કામલી ગામે જવા નીકળ્યા હતા.જ્યાં ખેરાલુ સિદ્ધપ હાઈવે પર મલેકપુર ગામ નજીક GJ2XX9091 ડમ્પર ચાલકે બેફામ રીતે પોતાની ગાડી હંકારી આવી ગાડીને ટકકર મારી હતી.અકસ્માતમાં ગાડી 100 મીટર સુધી ફગોડાઈ રોડની સાઈડમાં ખાબકી હતી. અકસ્માતમાંની જાણ થતાં જ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.ઘટના પગલે ગાડીમાં સવાર બે યુવકોને બહાર કાઢવામાં આવતા બનેના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા.જોકે અકસ્માત સર્જી ડમ્પર ચાલક ફરાર થઇ ગયો હતો.

સમગ્ર અકસ્માતની ઘટનામાં મોત ને ભેટેલા સંજય ઠાકોરના પિતા હીરાજી ઠાકોરે દિવ્ય ભાસ્કર ને જણાવ્યું કે 'હું સિદ્ધપુર તાલુકામાં આવેલા છણોદરા ગામે કડીયા કામે ગયો હતો.જ્યાં મારા દીકરાએ મને ફોન કર્યો હતો અને જણાવ્યું હતું કે ' પપ્પા હું મારા મામાના ઘરે કામલી ખાતે જાઉં છું' એમ ફોનમાં વાત કરી ઘરેથી નીકળ્યો હતો.અને બાદમાં અકસ્માત થયાની જાણ મારી પત્નીએ મને ફોન કરી જણાવતા હું તાત્કાલિક ખેરાલુ સિવિલ દોડી આવ્યો હતો. જ્યાં મારો દીકરો મૃત હાલતમાં જોવા મળ્યો હતો.

વધુમાં મૃતક સંજયના પિતાએ ભાસ્કર ને જણાવ્યું હતું કે સિદ્ધપુર પાસે અમારું કડીયા કામ ચાલુ હતું અને મારા સાળા જયતી ભાઈ પણ સેન્ટિગ નું કામ ત્યાં જ કરતા હોવાથી અમે કામ પતાવી કામલી ગામે જવાના હતા ત્યાંથી મારો દીકરો મને પોતાની સાથે વલાસણા લઈ જવાનો હતો. સમગ્ર ઘટનામાં મોતને ભેટેલ સંજય ઠાકોર પરિવારમાં મોટો દીકરો હતો અને તે ઘરે ખેતી અને મંડપ નું નાનું મોટું કામ કરતો હતો.તેની સગાઈ પણ ત્રણ વર્ષ અગાઉ સિદ્ધપુર પાસે આવેલા સૂણોદર ગામે સગાઈ કરી હતી અને આ સાલ તેના લગ્ન પણ લેવાના હતા.જોકે અકસ્માત બાદ હાલ પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.સમગ્ર અકસ્માતની ઘટનામાં મૃતકના પિતાએ ખેરાલુ પોલીસમાં ડમ્પર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# કઠલાલમાં નિયમભંગ બદલ 63 ચાલકોને રૂ.31 હજાર દંડ

કઠલાલ | કઠલાલ પોલીસ દ્વારા શહેરના મુખ્ય રસ્તા સહિતના વિસ્તારોમાં ટ્રાફિકના નિયમોને લઈ ટ્રાફિક ડ્રાઈવ યોજી હતી. જેમાં 63 વાહન ચાલકોને રૂ 31 હજારનો દંડ ફટકાર્યો હતો જ્યારે 4 વાહનો ડિટેઇન કર્યા હતા. કઠલાલ પોલીસ દ્વારા મુખ્ય રોડ,ચાર રસ્તા સહિતના વિસ્તારમાં ટ્રાફિક નિયમન ને લઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ટ્રાફિક ના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકો સામે ટ્રાફિક ડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં કઠલાલ પીઆઈ કે. ડી. ભીમાણી સહિત પોલીસ સ્ટાફ દ્વારા ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકોને દંડ ફટકારવા સહિતની કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન પોલીસ દ્વારા 63 જેટલી એન. સી કરી હતી અને રૂ 31,500 હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો હતો તેમજ ચાર વાહનો ડિટેઈન કરવામાં આવ્યા હતા. સમસ્ત વાહન ચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવું જોઈએ અને ટ્રાફિકના નિયમો બાબતે જાગૃતિ આવે અને અકસ્માત ઘટાડી શકાય તેવા ઉદેશ્યથી સમગ્ર ટ્રાફિક નિયમનની કામગીરી કરવામાં આવી હતી.



### ભાવનગર, બોટાદ અને અમરેલીમાં કરચોરી અટકાવવા સ્ટેટ GST વિભાગનુ ચેકીંગ

## એસ.કે.બેગ્સ પેઢી પાસેથી ટેક્સ અને પેનલ્ટી પેટે રૂ. 1.25 કરોડ એસજીએસટીએ વસુલ્યા

(એજન્સી) ભાવનગર | તા.10

ભાવનગરમાં સ્ટેટ જીએસટીની ટીમો દ્વારા છેલ્લા બે દિવસથી શહેરમાં આવેલી એસ.કે બેગ્સની જુદી-જુદી બ્રાંચોમાં સર્ચ હાથ ધર્યું હતું. જીએસટી વિભાગની ઘટક અને ઓડિટ વિભાગના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ હિસાબી ચોપડા અને સ્ટોકના પત્રકો તપાસ્યા હતાં. સ્ટોક તફાવત મળી આવતા સ્ટેટ જીએસટી વિભાગે ટેક્સ અને પેનલ્ટી પેટે રૂ. ૧.૨૫ કરોડ વસુલ કર્યા હતાં. ભાવનગર શહેરની એસ.કે.બેગ્સ નામની પેઢીની ખારગેટ, ઘોઘાગેટ સહિત કુલ પાંચ બ્રાંચોમાં ગત શનિવારે સ્ટેટ જીએસટી વિભાગી જુદી-જુદી ટીમો દ્વારા સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. શનિવારે સવારથી જ ભાવનગર શહેરમાં આવેલી એસ.કે બેગ્સની જુદી-જુદી બ્રાંચમાં તપાસ શરૂ થઈ હતી જે મોડી રાત સુધી ચાલી હતી. જીએસટી વિભાગની ઘટક અને ઓડિટ વિભાગના અધિકારીઓ દ્વારા આ સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. અધિકારીઓ દ્વારા બ્રાંચના હિસાબી ચોપડાઓ, સ્ટોકના રજીસ્ટર તપાસ્યા હતાં. આ તપાસના અંતે સ્ટોક તફાવત મળી આવ્યો હતો અને કરચોરી પકડાઈ હોવાની ચર્ચા સાંભળવા મળી હતી. સ્ટેટ જીએસટી વિભાગે એસ. કે.બેગ્સ પેઢીના માલિક પાસેથી ટેક્સ અને પેનલ્ટી પેટે રૂ. ૧,૨૫,૧૧,૫૧૫ વસુલ્યા હતાં. સ્ટેટ જીએસટી વિભાગની આ




કાર્યવાહીથી કરચોરી કરનારા વેપારીઓમાં ફફડાટ ફેલાયો હોવાનુ ચર્ચાય રહ્યુ છે. આગામી દિવસોમાં અન્ય વેપારીઓને ત્યાં પણ સર્ચ થવાના એંધાણ છે. ઉલ્લેખનીય છે કે, ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લામાં સીધા ગ્રાહકને વેચાણ કરતા હોય એવા વેપારીઓનો સર્વે હાથ ધરવામાં આવેલ છે, જેમાંથી પસંદગીના આઉટલેટ પર શનિવારે તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં સ્ટોક તફાવત મળી આવ્યો હતો. આ પ્રકારની કરચોરીની મોડેસોપ્રેન્ડી વેપારીઓ દ્વારા નાના-મોટાપાયા પર હાથ ધરવામાં આવતી હોય છે તેથી ગ્રાહકો કોઈ પણ વસ્તુ ખરીદે ત્યારે બીલ રાખવાનો આગ્રહ રાખે તે જરૂરી છે. ગ્રાહક વસ્તુ બીલમાં લે કે બીલ વગર લે તેને એક જ ભાવે વસ્તુ મળે છે, જયારે ગ્રાહક બીલ ન લે ત્યારે સરકારને નુકશાન થતુ હોય છે તેમ સ્ટેટ જીએસટી, ભાવનગરના સંયુક્ત કમિશનરે જણાવેલ છે.

## ચાલુ ટ્રેનમાંથી ઉતરતો મુસાફર પટકાયો

રાજકોટ | તા. 10

રેલવેની વારંવાર ચેતવણી છતાં સામાન્ય રીતે લોકો ચાલુ ટ્રેને ચડવા-ઉતરવાનું છોડતા નથી. આવી રીતે ટ્રેન પકડવામાં જીવનું જોખમ હોવા છતાં અવારનવાર લોકો આવું કરતા હોય છે. ત્યારે આજે રાજકોટ રેલવે સ્ટેશન ખાતે ચાલુ ટ્રેનમાંથી ઉતરવા જતા પટકાયો હતો અને ટ્રેન-પ્લેટફોર્મમાં ફસાયો હતો અને 10 ફૂટ જેટલો ઢસડાયો હતો. જો કે, આ દ્રશ્યો જોઈને ફરજ પર હાજર RPF જવાન દોડી ગયો હતો અને મુસાફરને સહી સલામત રીતે બહાર કાઢી તેનો જીવ બચાવ્યો હતો. આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, સૌરાષ્ટ્ર મેલમાંથી ઉતરવા માટે એક મુસાફર પોતાનો એક પગ જેવો પ્લેટફોર્મ ઉપર મૂકે છે કે તુરંત જ બેલેન્સ ગુમાવે છે અને જોતજોતામાં આ મુસાફર પ્લેટફોર્મ અને ટ્રેનની વચ્ચે ફસાય જાય છે. જો કે, આ દ્રશ્યો જોઈને ત્યાં હાજર RPF જવાન પ્રભાત લોખીલ તેમજ અન્ય લોકો પણ દોડી જાય છે. તેમજ મુસાફરનો હાથ પકડી લે છે અને તેને બહાર કાઢ્યો હતો.

### મંજૂરી વગર આડેધડ લાગેલા કેબલોના કારણે શોર્ટસર્કિટ થવાનો ભય

## કપડવંજમાં વીજ પોલ ઉપર લગાડેલા ઓપ્ટિકલ ફાયબર વાયરો દૂર કરાશે

(એજન્સી) કપડવંજ | તા.10

કપડવંજ એમજીવીસીએલના મહત્તમ વીજ પોલ ઉપર ઓપ્ટિકલ ફાઈબર જે કેબલ ઓપરેટર તેમજ વાઈફાઈ ઈન્ટરનેટ કનેક્શન માટે અલગ અલગ કંપની દ્વારા એમજીવીસીએલના વીજ પોલ ઉપર ગેરકાયદેસર લગાવવામાં આવ્યા છે ત્યારે પ્રશ્ન એ ઉભો થયો છે કે આ રીતે વિજ પોલ ઉપર કેબલ આડેધડ કોઈ પણ પ્રકારની મંજૂરી વિના કેવી રીતે લગાવ્યા હશે? જ્યારે કપડવંજ નગરમાં પણ ખાનગી મિલકતો ઉપર તેમજ નગરપાલિકા હદ વિસ્તારમાં આડેધડ લટકતી હાલતમાં કેબલો લગાવવામાં આવ્યા છે તે એક ગંભીર પ્રશ્ન છે એ છે આ કેબલો લગાવવાથી કોઈ શોર્ટસર્કીટની ઘટનાથી ઘર વપરાશના વીજ ઉપકરણો તેમજ કોઈ આકસ્મિક ઘટના બને તો જબાવદાર કોણ તેવા સવાલો નગરજનોમા ઉઠયા



છે. આ રીતે એમજીવીસીએલના અનેક ઠેકાણે વીજ પોલ ઉપર ફાયબર ઓપ્ટિકલ કેબલો લગાવેલ હોવા બાબતે એમજીવીસીએલ કપડવંજના અધિકારી ડેપ્યુટી ઈજનેર શૈલેષ કડિયાને પુછતા કપડવંજમાં જે એમજીવીસીએલના વીજ પોલ ઉપર જે ક્લેમ્પ લગાવી ઓપ્ટિકલ ફાઈબર અને ઈન્ટરનેટ તેમજ કેબલો લગાવવામાં આવ્યા છે સદંતર ગેરકાયદેસર છે. આ બાબતે એમજીવીસીએલ દ્વારા યોગ્ય તપાસ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે ભુતકાળમાં અમોએ ગેરકાયદેસર કેબલો કાપી નાખવામાં આવેલ આ રીતે કોઈ પણ કંપની એમજીવીસીએલના વીજ પોલ કેબલો લગાવી શકે નહિ તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

## છાપરાના યુવકે વાત્રક નદીના બ્રિજ પરથી મોતની છલાંગ લગાવી

નડિયાદ | તા.10

મહેમદાવાદ તાલુકાના છાપરાના યુવાને વાત્રક નદીના પુલ ઉપરથી કૂદકો મારી આપઘાત કર્યાના બનાવ અંગે મહેમદાવાદ પોલીસ મથકમાં અકસ્માત મોતની નોંધ કરવામાં આવી છે. મહેમદાવાદ હાઈવે પર સિદ્ધિવિનાયક મંદિર નજીકથી પસાર થતી વાત્રક નદીના બ્રિજ ઉપરથી આજે રવિવારે બપોરે એક યુવાને કોઈ અગમ્ય કારણસર નદીમાં કુદી પડી મોતને વહાલુ કર્યું હતું. આ યુવકનું નદીમાં પાણી ન હોય મોટા પથ્થર સાથે અથડાતા માથામાં ગંભીર ઈજા થતાં ઘટના સ્થળે મોત નિપજ્યુ હતુ. આ અપરણિત યુવક છાપરા શિવપુરામાં રહેતો ધવલ નટુભાઈ ચૌહાણ (ઉંમર વર્ષ ૨૦) હોવાની ઓળખ થઈ છે. આ યુવકે કયા કારણસર આપઘાત કર્યો તે જાણવા મળેલ નથી. આ બનાવ અંગે મનુભાઈ રમણભાઈ ચૌહાણએ મહેમદાવાદ પોલીસમાં જાણ કરતા પોલીસે અકસ્માત મોતની નોંધ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

### બ્લેક ટ્રેપ મામલે 10 થી 30 હજારનો દંડ કરાય તેવી શક્યતા

## ખેડા જિલ્લામાં ખનનમાં ગેરરીતિ પકડાતા ભૂસ્તર વિભાગની કાર્યવાહીની તજવીજ

(એજન્સી) નડિયાદ | તા. 10

ખેડા જિલ્લા ભૂસ્તર વિભાગ દ્વારા ઠાસરા, ગળતેશ્વર અને કપડવંજ સહિતના તાલુકાઓમાં ચાલી રહેલી બેફામ ખનનની પ્રવૃતિ અંગે થયેલી ફરીયાદોમાં તપાસ કર્યા બાદ હવે દંડ ફટકારવાની તજવીજ હાથ ધરી છે. બ્લેટ ટ્રેપની લીઝમાં ધારકો દ્વારા ઈ.સી.ના નિયમોનો ભંગ કરી અને ખનન કરવામાં આવી રહ્યુ હોવા અંગે પી.જી. પોર્ટલ પર ફરીયાદો ઉઠી હતી. જે મામલે હાલ ભૂસ્તર વિભાગ દ્વારા સ્થળ ચકાસણી કર્યા બાદ અનેક ગેરરીતિ ઝડપી પાડી છે અને આગળની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે. ખેડા જિલ્લામાં પાલી, અકલાચા, અંધાડી, રૂસ્તમપુરા ખાતે વિવિધ બ્લેટ ટ્રેપની લીઝો આવેલી છે. જેમાં ૯ લીઝ ધારકોના નામ અને તેમની લીઝના સર્વે નંબર સહિતની વિગતો ભૂસ્તર વિભાગમાં રજૂ કરી આ લીઝમાં ગેરરીતિ ચાલી રહી હોય અને સરકારી નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરાતો હોવાની નાગરિકે પીજી પોર્ટલ પર ફરીયાદો કરી હતી. તો



કપડવંજમાં રેતીની એક લીઝ અંગે પણ ફરીયાદ ઉઠી હતી. આ સમગ્ર મામલે ભૂસ્તર વિભાગના અધિકારીના નેજા હેઠળ રોયલ્ટી ઈન્સપેક્ટર અને તેમના સ્ટાફ દ્વારા તાજેતરમાં તમામ બ્લેક ટ્રેપની લીઝ પર અને રેતની લીઝ પર તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ઈસીના નિયમોનો ભંગ થતો જણાયો હતો. તેમજ હદ સીમા દર્શાવતા બોર્ડ અને નિશાની લગાવી ન હોય ઉપરાંત સર્વે નંબરની આસપાસની અન્ય જમીનોમાં ખોદકામ કર્યુ હોવાનું પણ જણાયું હતું. જેથી સમગ્ર મામલે તમામ બાબતોની નોંધ કરી અને ખાણ-ખનીજ વિભાગે તમામ લીઝ ધારકોને નોટીસ આપવાની તજવીજ હાથ ધરી છે પ્રારંભીક તબક્કે મળતી માહિતી મુજબ નિયમોનો ભંગ કરવા બદલ ૧૦ હજારથી માંડી અને ૩૦ હજાર રૂપિયા સુધી દંડ ફટકારાય તેવી શક્યતાઓ છે. જો કે, ભૂસ્તર વિભાગ દ્વારા નિયમોનુસારની કાર્યવાહી કરાય તો તમામ લીઝલોક કરવાથી માંડી અને લાખો રૂપિયાનો દંડ વસુલી શકાય તેમ હોવાની લોકો ચર્ચા કરી રહ્યા છે.

### પંચાયતોમાં વર્ગ ત્રણના કર્મચારીઓની ઘણા વર્ષોથી બદલી કરાઈ જ નથી

## ખેડા જિલ્લાની પંચાયતોમાં વર્ગ-૩ના કર્મચારીઓની બદલી નહીં કરાતા રોષ

(એજન્સી) કપડવંજ | તા. 10

સરકારમાંથી પરિપત્ર મારફતે કલેક્ટર અને મામલતદાર કચેરીઓમાં એક જ જગ્યાએ કામ કરતા કર્મચારીઓની બદલીની કાર્યવાહી કરવા આદેશ કરાયો હતો. છતાં કપડવંજ સહિત ખેડા જિલ્લાની તાલુકા પંચાયતોમાં વર્ગ ત્રણના કર્મચારીઓની ઘણા વર્ષોથી બદલી કરાઈ જ નથી. ત્યારે આચારસંહિતા હટી ગઈ હોવાથી ત્વરિત બદલીઓ કરાય તેવી માંગણી ઉઠી છે. ખેડા જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોમાં સરકારના પરિપત્રના નિયમો અનુસાર વર્ગ ત્રણના કર્મચારીઓની બદલી દર ત્રણ કે પાંચ વર્ષ સુધીમાં કરવાની હોય છે. છતાંય ઘણા વર્ષો વીતિ ગયા છતાં વર્ગ ત્રણના કર્મચારીઓની બદલીઓ નહીં કરાતા ચર્ચાનો વિષય બન્યો છે. આ અંગે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા વર્ગ ત્રણના કર્મચારીઓની કપડવંજ સહિત ખેડા જિલ્લાના તમામ તાલુકાઓમાં જે કર્મચારીઓની બદલીઓ ત્રણ કે પાંચ વર્ષ સુધીમાં ન થઈ હોય તેવા કર્મચારીઓની યોગ્ય તપાસ કરી બદલી માટેની કાર્યવાહી કરવામાં આવે આ બાબતે ગાંધીનગર જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન- નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાના કાર્યાલય દ્વારા તા. ૨૪ મે ૨૦૨૩ના રોજ અન્ન અને નાગરિક પુરવઠા સાથે સંકળાયેલા નાયાબ મામલતદાર, કારકુન, ડેટા એન્ટ્રી ઓપરેટર કે જેઓ ત્રણ વર્ષથી વધુ સમયથી કલેકટર કે મામલતદાર સહિતની કચેરીઓએ એક જગ્યાએ કામ કરતા હોય તેવા તમામ કર્મચારીઓની જન હિતમાં અન્યત્ર બદલવા નિયમો અનુસાર કાર્યવાહી કરવા તમામ કલેકટરને પત્ર ક્રમાક ૨૨૫૨/૨૦૨૩થી આદેશ કરવામાં આવ્યો હતો. છતાં આદેશનું પાલન કરાયું નથી. ત્યારે ભ્રષ્ટાચારને ડામવાના આશયથી વર્ષોથી એક જ જગ્યાએ સ્થાયી થયેલા કર્મચારીઓની વહેલી તકે બદલી કરાય તેવી માંગણી ઉઠી છે.

### લેન્ડ ગ્રેબિંગ એક્ટ મુજબ તલાટીએ ફરિયાદ નોંધાવી હતી

## ધંધુકાના છસિયાણા ગામે સરકારી જમીન પર કબ્જો જમાવનાર શખ્સ જેલ હવાલે કરાયો

(એજન્સી) ધંધુકા | તા. 10

ધંધુકાના છસિયાણા ગામના શખ્સ દ્વારા પોતાનો ઘર પાસે આવેલ સરકારી પંચાયત જમીન વાળી સર્વે ૩૨૯/૧ જૂનો અને નવો ૧૬ પૈકીની સરકારી જમીનમાં ૧૦૦ વારનો પ્લોટ ફાળવેલ તે સિવાયની સરકારી જમીનમાં દબાણ કરી કબ્જો કરવામાં આવ્યો હતો પડતર જગ્યામાં આશરે આજુબાજુની સરકારી જમીન વાળી લઈ તેમાં દબાણ કરી સરકારી જગ્યા પચાવી પાડતા અમદાવાદ જિલ્લા ગ્રામ્યના કલેક્ટરના હુકમથી શખ્સ વિરુદ્ધના લેન્ડ ગ્રેબિંગ કમિટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી શખ્સની ધરપકડ કરવામાં આવી. અને જેલ હવાલે કરાયો હતો. અમદાવાદ જિલ્લાના ધંધુકાના છસિયાણા ખાતે ગઈ કાલના બપોરના ૧૨ વાગ્યે જિલ્લા કલેક્ટર, અમદાવાદ જિલ્લા ગ્રામ્યના લેન્ડ ગ્રેબિંગ કમિટી એક્ટના હુકમથી છસિયાણા ગામે રહેતા શખ્સ મૂળજીભાઈ નરશીભાઈ વાઘેલા (ઉ વ.૫૦) પોતાને મળેલા ૧૦૦ વાર



પ્લોટ વિસ્તાર સહિત પોતાના ઘરની નજીકમાં આવેલ અન્ય સરકારી પડતર જમીન પર પોતાનો ગેરકાયદે કબ્જો જમાવી લીધો હતો.

આમ કોઈ પણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કર્યા વગર જ સરકારી જમીનમાં દબાણ કરતાં સરકારી જમીનમાં કબ્જો જમાવતા તેના વિરૂદ્ધ ગઈકાલે તલાટી કમ મંત્રી બિપિનભાઈ દેસાઈ દ્વારા જિલ્લા કલેક્ટર,અમદાવાદ જિલ્લા ગ્રામ્ય દ્વારા લેન્ડ ગ્રેબિંગ કમિટી એક્ટ મુજબનો હુકમ કરતા છસિયાણાના શખ્સ મૂળજીભાઈ નરશીભાઈ વાઘેલા વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ધંધુકા પોલીસ મથકમાં ગુનો નોંધી, ધરપકડ કરી સાબરમતી જેલ હવાલે કરવામાં આવ્યો હતો.

## ખાત્રજ ચોકડી નજીક બાઈક અકસ્માતમાં એસટી ડ્રાઈવરનું મોત

નડિયાદ | મહેમદાવાદ ખાત્રજ ચોકડી નજીક રોંગ સાઈડથી આવેલ બાઈક સામેથી આવતી મોટરસાયકલ સાથે અથડાતા ગંભીર રીતે ઇજા પામેલ બાઈક ચાલકનું મોત નિપજ્યુ હતું. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. મહેમદાવાદ તાલુકાના માંકવા બંગલજીની મુવાડીમાં રહેતા પ્રવીણભાઈ રાવજીભાઈ ચૌહાણ ખેડા એસટી ડેપોમાં કંડકટર તરીકે નોકરી કરે છે, જ્યારે તેમનો નાનો ભાઈ મહેશ ખેડા ડેપોમાં ડ્રાઇવર તરીકે નોકરી કરે છે. મહેશભાઈ આજે રવિવારે બપોરે ૧૨ વાગ્યાના સુમારે ખાતરજ ગામના રોડ ઉપરથી હાઇવે ઉપર બાઈક લઈને ચડતા હતા ત્યારે શંકર લોજ નજીક રોંગ સાઈડ પર સામેથી આવેલ મોટર સાયકલ ધડાકાભેર બાઇક સાથે અથડાયું હતું.જેથી મહેશભાઈ ચૌહાણને બાઈક પરથી રોડ ઉપર પડી જતા માથામાં તેમજ શરીર પર ગંભીર ઈજા થઈ હતી. આ અકસ્માતની જાણ થતા આજુબાજુના લોકોએ દોડી આવી ઇજાગ્રસ્તને તુરંત જ સારવાર માટે ખાત્રજ ચોકડી પર આવેલ હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના મેડિકલ ઓફિસરે મહેશભાઈ રાવજીભાઈ ચૌહાણ(ઉંમર આશરે ૪૬ વર્ષ) ને મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે પ્રવીણભાઈ રાવજીભાઈ ચૌહાણની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે અકસ્માત સર્જનાર બાઈક ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

## સુભાષનગરમાં ઓરડીમાંથી ઇંગ્લીશ દારૂ,બિયર ટીન સાથે શખ્સ ઝડપાયો

ભાવનગર | ભાવનગર શહેરના સુભાષનગર વિસ્તારના રહેણાંકના મકાનની ઓરડીમાં છૂપાયેલો ઇંગ્લીશ દારૂ,બિયર ટીન,દેશીદારૂની બોટલનાં જથ્થા સાથે લોકલ ક્રાઇમ બ્રાન્ચ તથા પેરોલ ફર્લો સ્કવોડે એક શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભાવનગર, એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડનાં સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં. બાતમી આધારે રેઇડ કરી તલાશી લેતા ઇંગ્લીશ દારૂની નાની-મોટી બોટલ નંગ-૨૭૯૫, બિયર ટીન-૪૩૨, દેશીદારૂની બોટલ નંગ-૮૯ મળી આવતા પોલીસે સરફરાજ ઉર્ફે નનકો ઉર્ફે મુંગો રફીકભાઇ સૈયદ ઉ.વ.૧૮ (રહે.પ્લોટ નં.૪૬/એફ, શેરી નં.૦૨, ૫૦-વારીયા, શંકર મંદીર પાછળ, સુભાષનગર, ભાવનગર ) ને વિદેશી દારૂ,બિયરના ટીન, મોબાઈલ,સ્કૂટર ,દેશી દારૂની બોટલો મળી કુલ રૂ.૪,૭૬,૬૮૨ નાં મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતી જ્યારે મદદગારી કરનાર કેવલ ઉર્ફે સાંગો રમેશભાઇ સોલંકી (રહે. શેરીનં.૨, રજુપતવાડા, સુભાષનગર, ભાવનગર), હીરેન ગોબરભાઇ ઢાપા (રહે. શેરી નં.૨, રજુપતવાડા, સુભાષનગર, ભાવનગર), શૈલેષ ઉર્ફે સન્ની રમેશભાઇ જાદવ (રહે.મુખ્યમંત્રી આવાસ, ભરતનગર, ભાવનગર), અફઝલભાઇ અસલમભાઇ પઢીયાર (રહે. શિહોર, તા.જી. ભાવનગર) સહિતના શખ્સો વિરૂધ્ધ ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનની અલગ-અલગ કલમો હેઠળ ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો.

**વૃષભ (બ,વ,ઉ)**
ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે.

**મિથુન (ક,છ,ઘ)**
ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.

**કર્ક (ડ,હ)**
આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો.

**સિંહ (મ,ટ)**
આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.

**કન્યા (પ,ઠ,ણ)**
આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

**તુલા (ર,ત)**
આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે.

**વૃશ્ચિક (ન,ય)**
આજે તમારો મૂડ બગાડી શકે છે અને તમે ગુસ્સે થઈ શકો છો. વિશિષ્ટ ધૈર્ય રાખો કારણકે ઉતાવળમાં કરવામાં આવેલા કામથી નુકસાન થઈ શકે છે. તમારા સુખમાં વધારો થશે.

**ધન (ભ,ધ,ફ)**
તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

**મકર (ખ,જ)**
આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

**કુંભ (ગ,શ,સ)**
ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.

**મીન (દ,ચ,ઝ,થ)**
આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી.

# મોદી સરકાર 3.0ના શપથ બાદ શેરબજારમાં ઉછાળો, સેન્સેક્સ 77000ને પાર, નિફ્ટી પણ ઐતિહાસિક ટોચે

(એજન્સી) મુંબઈ | તા.10

મોદી સરકાર 3.0ના શપથવિધિ બાદ સરકારનું ચિત્ર સ્પષ્ટ થતાં રોકાણકારો ગેલમાં જોવા મળ્યા છે. ભારતીય શેરબજાર સર્વોચ્ચ ટોચે ખૂલ્યા છે. સાર્વત્રિક સ્તરે પોઝિટીવ મોમેન્ટમ જોવા મળ્યો છે. સેન્સેક્સ આજે 76935.41ની રેકોર્ડ ટોચે ખૂલ્યા બાદ 77079.04ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો હતો. જો કે, બાદમાં 9.50 વાગ્યે 49.98 પોઈન્ટના ઘટાડે ટ્રેડ થઈ રહ્યો હતો. જે બાદમાં ત્રણ મિનિટમાં જ ફરી પાછો 138.81 પોઈન્ટના ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટીએ પણ 23411.90ની સર્વોચ્ચ ટોચ નોંધાવી છે. નિફ્ટી 105 પોઈન્ટના ઉછાળે ખૂલ્યા બાદ 9.50 વાગ્યે ફ્લેટ 23291.60 પર ટ્રેડ થઈ રહ્યો હતો. બીએસઈ ખાતે ટ્રેડેડ શેર્સમાંથી માર્કેટ ખૂલતાંની સાથે જ 200 શેર્સમાં અપર સર્કિટ જોવા મળી હતી. જ્યારે 72 શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. 196 શેર્સ 52 વીક હાઈ અને 18 શેર્સ વર્ષની બોટમે નોંધાયા છે. સમાચાર લખાયા ત્યાં સુધીમાં 2399 શેર્સ સુધારા તરફી અને 940 શેર્સ ઘટાડા તરફી ટ્રેડ થઈ રહ્યા હતા. સેન્સેક્સ પેકમાં સામેલ 30 શેર્સ પૈકી 17 શેર્સમાં સુધારો અને 13 શેર્સમાં ઘટાડો કર્યો હતો. પાવરગ્રીડ 3.38 ટકા, અલ્ટ્રાટેક 2.32 ટકા, એક્સિસ બેન્ક 1.95 ટકા, રિલાયન્સ 1.21 ટકા અને એનટીપીસી 1.11 ટકા ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો. બીજી બાજુ ટેક મહિન્દ્રા 2.28 ટકા, વિપ્રો 1.74 ટકા, ઈન્ફોસિસ 1.61 ટકા, એચસીએલટેક 1.23 ટકા અને ટાઈટન 1.12 ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યા હતા. આઈટી શેરોમાં ગત સપ્તાહે નોંધાયેલી તેજીનો લાભ લેતાં રોકાણકારો પ્રોફિટ બુક કરી રહ્યા છે. જેના પગલે આજે આઈટી-ટેક્નો શેરોમાં 5 ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો છે. બીએસઈ ટેક ઈન્ડેક્સ 1.29 ટકા ઘટાડે ટ્રેડ થઈ રહ્યો છે. ટોચની આઈટી કંપનીઓ ટીસીએસ, ઈન્ફોસિસ, એચસીએલ ટેક, વિપ્રો સહિતના શેર્સ 2થી 3 ટકા સુધીના ઘટાડે ટ્રેડ થઈ રહ્યા છે.



### ઐતિહાસિક ટોચ પર

ભારતીય શેરબજારમાં જબરદસ્ત તેજી જોવા મળી રહી છે અને નવી સરકાર બન્યા બાદ બજારને જોરદાર તેજી મળી છે. સેન્સેક્સ પહેલીવાર 77,000ને પાર કરી ગયો છે અને નિફ્ટીએ 23400ની સપાટી વટાવીને તેની ઐતિહાસિક ટોચ પર પહોંચી ગયો છે. બજાર ખુલતાની સાથે જ બેન્ક નિફ્ટીએ 50,000 ની સપાટી વટાવી દીધી હતી અને તે 51,133.20 ની સર્વકાલીન ઊંચી સપાટીથી થોડો દૂર ટ્રેડ કરી રહ્યો છે. બેંક નિફ્ટી ખુલતાની સાથે જ 50,252.95ની ટોચે પહોંચી ગયો છે.

### સેન્સેક્સ શેરોની સ્થિતિ

સેન્સેક્સના 30 શેરોમાંથી 14 શેરમાં વધારો અને 16 શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. પાવર ગ્રીડના શેર 3.33 ટકા અને એક્સિસ બેન્ક 1.63 ટકા વધ્યા છે. અલ્ટ્રાટેક સિમેન્ટ 1.50 ટકા અને નેસ્લે 0.66 ટકા મજબૂત છે. SBI 0.63 ટકા વધીને ટ્રેડ કરી રહ્યું છે. ઘટતા શેરોમાં ટેક મહિન્દ્રા 2.23 ટકા, ઈન્ફોસીસ 1.70 ટકા, વિપ્રો 1.65 ટકા, એચસીએલ ટેક 1.35 ટકા, ટાઈટન 1.11 ટકા અને ટીસીએસ 1 ટકાના ભાવે ટ્રેડ કરી રહ્યા છે.

### નવા રેકોર્ડ હાઈ લેવલ

આજે બજાર ખુલતાની સાથે જ BSE સેન્સેક્સ 77,079.04 ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયો છે. તે જ સમયે, નિફ્ટીએ 23,411.90ના સ્તરે પહોંચીને પ્રથમ વખત 23400ની સપાટી વટાવી છે.

### કેવું રહ્યું માર્કેટ ઓપનિંગ?

આજે બજારની શરૂઆત ઓલ ટાઈમ હાઈ પર થઈ હતી અને સેન્સેક્સ 242.05 પોઈન્ટ અથવા 0.32 ટકાના વધારા સાથે 76,935 પર હતો, જે તેની નવી રેકોર્ડ હાઈ છે. જ્યારે NSEનો નિફ્ટી 29 પોઈન્ટ અથવા 0.12 ટકાના વધારા સાથે 23,319.15 પર ખુલ્યો હતો.

## ફોકસ લાઈટિંગ એન્ડ ફિક્સ્ચર્સે નાણાકીય વર્ષ 24ના ચોથા ત્રિમાસિકના ચોખ્ખા નફામાં 99%નો વધારો નોંધાવ્યો

મુંબઈ | ફોકસ લાઈટિંગ એન્ડ ફિક્સ્ચર લિમિટેડ (NSE - FOCUS), એલઈડી લાઈટ અને ફિક્સર્સના ઉત્પાદન અને નવીન લાઈટિંગ સોલ્યુશન્સ સાથે સંકળાયેલ છે, તેણે ચોથા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ 24 માટેના તેના ઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં, ફોકસ લાઈટિંગ એન્ડ ફિક્સર્સના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અમિત શેઠે જણાવ્યું, "અમે નાણાકીય વર્ષ 24માં અમારા મજબૂત નાણાકીય પ્રદર્શનની જાહેરાત કરતાં આનંદ અનુભવીએ છીએ. અમે અમારા ચોખ્ખા નફામાં પર્યાપ્ત વધારો અને EBITDAમાં નોંધપાત્ર વધારો જોયો છે, સાથે જ માર્જિનમાં પણ સુધારો થયો છે, જે અમારી વ્યૂહાત્મક પહેલની અસરકારકતાને રેખાંકિત કરે છે. અમારા નવીન એલઈડી લાઈટિંગ સોલ્યુશન્સ માટે વધતી જતી બજારની માંગ આ સિદ્ધિઓ પાછળના મુખ્ય ચાલક છે. તદુપરાંત, અમારો કાર્યકારી રોકડ પ્રવાહમાં સકારાત્મક રૂપાંતરણ મળી રહ્યું છે, જે અમારી કાર્યકારી કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે.

## પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશને (ગુજરાત) નાણાકીય વર્ષ 24ના ચોખ્ખા નફામાં 62% વૃદ્ધિ હાંસલ કરી

મુંબઈ | પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડ, (NSE - PIGL, - 543912) ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટિંગ અને ઈક્વિપમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં અગ્રણી ખેલાડીએ તેના ઓડિટેડ નાણાકીય વર્ષ 24ના ચોથા ત્રિમાસિક અને નાણાકીય વર્ષ 24ના પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન અંગે ટિપ્પણી કરતા, પાવર એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન (ગુજરાત) લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પદ્મરાજ પદ્મનાભન પિલ્લાઈએ જણાવ્યું, “અમને નાણાકીય વર્ષ 24માં મજબૂત નાણાકીય પ્રદર્શનની જાણ કરવામાં આનંદ થાય છે, જે અમારી બજાર ઉપસ્થિતિ અને વ્યૂહાત્મક અમલીકરણને દર્શાવે છે. પડકારજનક આર્થિક વાતાવરણ હોવા છતાં, અમે આવક અને નફાકારકતામાં નોંધપાત્ર વૃદ્ધિ હાંસલ કરી છે. અમારા વ્યાપક ઈલેક્ટ્રિકલ, પ્રોક્યોરમેન્ટ અને કન્સ્ટ્રક્શન (ઈપીસી) સોલ્યુશન્સે ઉર્જા-કાર્યક્ષમ વિદ્યુત ઉકેલો અને અદ્યતન બિલ્ડિંગ મેનેજમેન્ટ સિસ્ટમ્સ સહિત અમારા સર્વિસ પોર્ટફોલિયોમાં નોંધપાત્ર વિસ્તરણ સાથે અમારી સફળતાને આગળ ધપાવી છે. મે 2023માં એનએસઈ અને બીએસઈના મુખ્ય બોર્ડમાં સ્થળાંતરથી અમારી બજારની દૃશ્યતા અને વિશ્વસનીયતામાં વધારો થયો છે.

## આ ડિફેન્સ સ્ટોકે રોકાણકારોને કર્યા માલામાલ, રૂપિયા 1 લાખના થયા 5 લાખ

નવી દિલ્હી | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના છેલ્લા કાર્યકાળ દરમિયાન સરકારે દેશને ડિફેન્સ સેક્ટરમાં આત્મનિર્ભર બનાવવા માટે ઘણા પગલાં લીધાં છે. સરકારના આ પ્રયાસોથી ઘણી સ્થાનિક ડિફેન્સ કંપનીઓને ફાયદો થયો છે. ત્યારે એક કંપની એવી પણ છે, જેના શેરની કિંમત 500 ટકા વધી છે. અમે Zen Technologies Limited કંપની વિશે વાત કરી રહ્યા છીએ, જેના શેરોએ માત્ર 2 વર્ષમાં રોકાણકારોને 500 ટકા વળતર આપ્યું છે. Zen Technologies Limited એક સ્થાનિક ડિફેન્સ કંપની છે. આ કંપની એન્ટી ડ્રોન સિસ્ટમ બનાવે છે. તાજેતરમાં આ કંપનીએ ઓડિશાના ગોપાલપુરમાં સ્થિત આર્મી એર ડિફેન્સ કોલેજનો ઓર્ડર પૂરો કર્યો છે. આ કારણે શુક્રવારે પણ કંપનીના શેર એક દિવસમાં 9 ટકા વધ્યા હતા. હાલમાં તેના શેરની કિંમત 971 રૂપિયા છે. Zen Technologiesના શેરના ભાવમાં વધારાની વાત કરીએ, તો તેણે છેલ્લા 2 વર્ષમાં 500 ટકા સુધીનું વળતર આપ્યું છે. છેલ્લા 4 વર્ષના રેકોર્ડ પર નજર કરીએ તો આ વળતર 3,750 ટકા છે. છેલ્લા એક મહિનામાં જ આ શેરની કિંમતમાં લગભગ 35 ટકાનો વધારો જોવા મળ્યો છે. લગભગ 2 વર્ષ પહેલા કંપનીનો શેર 188 રૂપિયાની આસપાસ હતો. હવે તે વધીને 971 રૂપિયા થઈ ગયો છે. આ ભાવ 7 જૂન, 2024ને શુક્રવારના રોજનો છે.

## ભારતમાં જ નહીં પાકિસ્તાનમાં પણ PM મોદીનો જાદુ, PAK ઉદ્યોગપતિએ કર્યા વખાણ

(એજન્સી) મુંબઈ | તા.10

એક પાકિસ્તાની અમેરિકન બિઝનેસમેન નરેન્દ્ર મોદી ફરી એકવાર ભારતના વડાપ્રધાન તરીકે ચૂંટાયાથી ખૂબ જ ખુશ છે. હાલમાં જ નિવેદનમાં તેમણે ભારતના નવા ચૂંટાયેલા PM નરેન્દ્ર મોદીના વખાણ કર્યા છે. ભારતમાં નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા વિશે તો બધા વાકેફ હશે પરંતુ હવે એક પાકિસ્તાની-અમેરિકન ઉદ્યોગપતિએ કહ્યું છે કે નરેન્દ્ર મોદીનું ફરી એકવાર વડાપ્રધાન બનવું એ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ એશિયા ક્ષેત્રમાં સ્થિરતાની ગેરંટી છે. ઉદ્યોગપતિ સાજિદ તરારે મોદીના નેતૃત્વની પ્રશંસા કરી અને ભારતની સ્થિરતા જાળવવામાં અને સંભવિત અસ્થિરતાને રોકવામાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો છે. અહેવાલ અનુસાર, તરારએ કહ્યું હતું કે ભારતની ભાવિ સ્થિરતા માટે મોદીનું નેતૃત્વ જરૂરી છે. રાજકીય ઉથલપાથલ અટકાવવા અને દેશના બંધારણને જાળવી રાખવા માટે તેઓ મજબૂત નેતા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે મોદીનું નેતૃત્વ ભારતની સ્થિરતા અને ભવિષ્યની સંભાવનાઓની ગેરંટી છે. મોદી ત્રીજી વખત વડાપ્રધાન બન્યા બાદ તરારે કહ્યું હતું કે પાકિસ્તાનના લોકો બંને દેશો વચ્ચેના સંબંધોમાં સુધારાની અપેક્ષા રાખે છે. તેમણે પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ તરફથી અભિનંદન સંદેશ ન મળવા પર નિરાશા વ્યક્ત કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે શરીફ મોદીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.

## અમદાવાદ સ્થિત યુનાઈટેડ કોટફેબ લિમિટેડનો IPO 13મી જૂન 2024ના રોજ ખુલશે

(એજન્સી) મુંબઈ | તા.10

અમદાવાદ સ્થિત યુનાઈટેડ કોટફેબ લિમિટેડ ઉચ્ચ ગુણવત્તાવાળા ઓપન-એન્ડ કોટન યાર્નના ઉત્પાદનમાં રોકાયેલી છે, તે ઓપન એન્ડ કોટન યાર્ન અને કોટન વેસ્ટના વેચાણ અને વિતરણમાં પણ અગ્રેસર છે. 2015ના વર્ષમાં યુનાઈટેડ કોટફેબ એલએલપી નામથી શરૂ થયેલી કંપની હવે ઈક્વિટી માર્કેટમાં પ્રવેશી રહી છે અને 13મી જૂન 2024ના રોજ શરૂ થવાની પ્રારંભિક જાહેર ઓફરની જાહેરાત કરી છે.

કંપનીએ શેર દીઠ રૂ.70/-ના ઈશ્યુ ભાવે રૂ. 36.29 કરોડ એકત્ર કરવાનું લક્ષ્ય રાખ્યું છે. દરેક શેરની ફેસ વેલ્યુ રૂ. 10 છે., બી એસ ઈ ના એસ એમ ઈપ્લેટફોર્મ પર સૂચિબદ્ધ થવાની છે. આઈ પી ઓ ની અંતિમ તારીખ 19મી જૂન 2024 છે. આઈપીઓ ખુલે છે - ગુરુવાર, જૂન 13, 2024. આઈપીઓ




બંધ થાય છે - બુધવાર 19 જૂન, 2024 ઈશ્યૂનું કદ - રૂ. 36.29 કરોડ શેરની કિંમત રૂ. 70/- ફેસ વેલ્યુ - રૂ. 10/- ઈસ્યુનો પ્રકાર - તાજો ઈશ્યુ - નિશ્ચિત કિંમત શેર્સની સંખ્યા - 51, 84,000 ઈક્વિટી શેર લોટ સાઈઝ - 2000 ઈક્વિટી શેર એચ એન આઈ ક્વોટા - 24,62,000 ઈક્વિટી શેર્સ રિટેલ ક્વોટા - 24,62,000 ઈક્વિટી શેર્સ માર્કેટ મેકર ક્વોટા - 2,60,000 ઈક્વિટી શેર્સ ઈસ્યુના લીડ મેનેજર બીલાઈન કેપિટલ એડવાઈઝર્સ પ્રા. લિ. અને ઈશ્યૂના રજિસ્ટ્રાર પૂર્વ શેરજિસ્ટ્રી (ઈન્ડિયા) પ્રા. લિ. છે. કાપડ ઉદ્યોગમાં 18 વર્ષથી વધુનો અનુભવ ધરાવતા ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ગગન નિર્મલકુમાર મિત્તલે કહ્યું, “અમને અમારા આગામી આઈ પી ઓ ની જાહેરાત કરતાં આનંદ થાય છે. યાર્ન ઉદ્યોગમાં અમારો મજબૂત પગપેસારો છે અને કોટન ઓપન એન્ડ યાર્નના ઉત્પાદનમાં વર્ષોનો અનુભવ છે. યાર્ન એ સ્પિનિંગનું અંતિમ ઉત્પાદન છે, જે કપાસના વણેલા અથવા ગૂંથેલા કાપડ માટે મહત્વપૂર્ણ છે. અમે ઓપન એન્ડ કોટન યાર્ન અને કોટન વેસ્ટના વેચાણ અને વિતરણ ચેનલમાં પણ રોકાયેલા છીએ.

કાર્યકારી મૂડીની જરૂરિયાત અને સામાન્ય કોર્પોરેટ હેતુઓને પહોંચી વળવા ઈશ્યુની આવકનો ઉપયોગ કરવામાં આવશે.

## યુટીઆઈ ફ્લેક્સી કેપ ફંડ – વ્યવસાયના ટકાઉપણા ઉપર ભાર મૂકતો અને વર્ષ 1992થી મૂલ્ય સર્જન કરતો ફ્લેક્સી-કેપ પોર્ટફોલિયો

(એજન્સી) મુંબઈ | તા.10

કોઈપણ રોકાણકાર માટે વાસ્તવિક નાણાકીય લક્ષ્યો નિર્ધારિત કરવા એ રોકાણની દિશામાં પ્રથમ કદમ છે. તમને રોકાણ ઉપર સતત વળતર આપે તેવાં વિકલ્પને પસંદ કરવું ખૂબજ મહત્વપૂર્ણ છે ત્યારે લાંબાગાળે ઉત્તમ પરિણામ મેળવવા માટે તેની સાથે સંકળાયેલા જોખમને સમજવું પણ ઘણું જરૂરી બને છે. વિવિધ એસેટ ક્લાસમાં પ્રોડક્ટ્સની વિશાળ શ્રેણીમાં રોકાણનો નિર્ણય કરવા દરમિયાન ટૂંકા-લાંબાગાળાના નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કરવા માટે મ્યુચ્યુઅલ ફંડનો વિકલ્પ પણ ધ્યાનમાં રાખી શકાય. અહીં રજૂ કરાયેલી મ્યુચ્યુઅલ ફંડ પ્રોડક્ટ કેટેગરીમાં રોકાણકારો તેમના લાંબાગાળાના નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કરવા રોકાણનો વિચાર કરી શકે છે. ફ્લેક્સી-કેપ ફંડ્સ એક ઓપન-એન્ડેડ ઈક્વિટી ફંડ્સ છે, જે કુલ એસેટના ઓછામાં ઓછા 65 ટકાનું રોકાણ લાર્જ-કેપ, મિડ-કેપ અથવા સ્મોલ-કેપ ફંડ જેવી વિવિધ માર્કેટ કેપિટલાઈઝેશનની કંપનીઓની ઈક્વિટી એસેટમાં કરે છે. યુટીઆઈ ફ્લેક્સી કેપ ફંડ તેની કેટેગરીમાં સૌથી જૂના ફંડ્સ પૈકીનું એક છે (વર્ષ 1992માં લોંચ કરાયું હતું) તથા સાતત્યપૂર્ણ પ્રદર્શનનો લાંબો ટ્રેક-રેકોર્ડ ધરાવે છે.

# અમદાવાદ સોનામાં રૂ.2,000, ચાંદીમાં રૂ.1,500નો કડાકો

(એજન્સી) અમદાવાદ,મુંબઈ | તા.10

ચીન દ્વારા સોનાની નવી ખરીદી બંધ કરાયાના અહેવાલો પાછળ વૈશ્વિક બજારમાં ફેલાયેલા ગભરાટ તેમજ અમેરિકામાં જોબ ગ્રોથના આંકડા અપેક્ષાથી સારા આવતા વૈશ્વિક ફંડો દ્વારા આજે વિશ્વ બજારમાં સોનામાં મોટા પાયે વેચવાલી હાથ ધરાતાં તેની સીધી અસર સ્થાનિક સોના ચાંદી બજાર પર જોવા મળી હતી. આ અહેવાલો પાછળ આજે અમદાવાદ સોના ચાંદી બજારમાં સોનામાં રૂપિયા ૨૦૦૦નો તથા ચાંદીનો રૂપિયા ૧૫૦૦નો પ્રચંડ કડાકો નોંધાયો હતો. મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે વિશ્વબજાર પાછળ સોના-ચાંદીના ભાવમાં તીવ્ર કડાકો બોલાઈ ગયો હતો. વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૨૩૨૦થી ૨૩૨૧ વાળા ગબડી નીચામાં ૨૩૦૦ની અંદર ઉતરી ૨૨૮૬થી ૨૨૮૭ થઈ છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૨૨૯૩થી ૨૨૯૪ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વિશ્વબજાર ગબડતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઝડપથી નીચી ઉતરતાં દેશના ઝવેરીબજારોમાં આજે ભાવમાં મોટા ગાબડાં પડયા હતા. અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૨૦૦૦ ગબડી ૯૯.૫૦ના ભાવ રૂ.૭૨૩૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૭૨૫૦૦ના મથાળે ઉતરી ગયા હતા. એક દિવસમાં ભાવમાં રૂ.૨૦૦૦નો કડાકો આ પૂર્વે જોવા મળ્યો ન હતો એવું બજારના જાણકારોએ જણાવ્યું હતું. અમદાવાદ ચાંદીના ભાવ આજે કિલોના




રૂ.૧૫૦૦ તૂટી રૂ.૯૦૫૦૦ બોલાયા હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૨૯.૯૯થી ૩૦.૦૦ ડોલરવાળા તૂટી નીચામાં ભાવ ૨૯.૦૩થી ૨૯.૦૪ થઈ છેલ્લે ભાવ ૨૯.૧૫થી ૨૯.૧૬ ડોલર રહ્યા હતા વિશ્વબજારના સૂત્રોના જણાવ્યા મુજબ ચીને સોનાની નવી ખરીદી બંધ કરતાં તથા અમેરિકાના જોબગ્રોથના આંકડા સારા આવતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ ઉંચા મથાળે વધ્યાના નિર્દેશો હતા. ચીન દ્વારા સતત ૧૮ મહિના સોનાની ખરીદી કરાયા પછી તાજેતરમાં મે મહિનામાં આવી ખરીદી અટકાવી દેવામાં આવ્યાના આંકડા બહાર આવતાં વૈશ્વિક બુલીયન બજારમાં ગભરાટ ફેલાયાની ચર્ચા હતી. આ દરમિયાન, અમેરિકામાં જોબગ્રોથના આંકડા સારા આવતાં ત્યાં વ્યાજ દરમાં ઘટાડો થવાની શક્યતા ઘટતાં વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ વધી જતાં તથા બોન્ડ યીલ્ડ પણ વધતાં તેના પગલે પણ સોનાના ભાવ પર દબાણ વધ્યાની ચર્ચા બજારમાં સંભળાઈ હતી. અમેરિકામાં જોબગ્રોથ વધી ૨ લાખ ૭૨ હજાર આવ્યાના સમાચાર હતા જેની અપેક્ષા ૧ લાખ ૮૫ હજારની હતી. જોકે ત્યાં બેરોજગારીના દર ૩.૯૦ વાળો ૪.૦૦ ટકા આવ્યાના પણ સમાચાર હતા. દરમિયાન, મુંબઈ કરન્સી બજારમાં બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ વિશ્વબજાર પાછળ રૂ.૮૩.૩૮ વાળા ઉછળી રૂ.૮૩.૫૩થી ૮૩.૫૪ બોલાતા થયાનું બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. દરમિયાન, વિશ્વબજારમાં કોપરના ભાવ ગબડી છેલ્લે ૪.૧૬ ટકા માઈનસમાં રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૧૬૨૫ વાળા તૂટી રૂ.૭૦૮૦૦ જ્યારે ૯૯.૯૦ના ભાવ રૂ.૭૧૯૧૩ વાળા રૂ.૭૧૧૦૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૦૫૩૫ વાળા ગબડી રૂ.૮૭૯૦૦ બોલાયાહતા.

## પોસ્ટ ઓફિસની આ સ્કીમમાં મેચ્યોરિટી પર મળશે 4.5 લાખ સુધીનું વ્યાજ

(એજન્સી) મુંબઈ | તા.10

Personal Finance: સુરક્ષિત રોકાણ કરવા ઈચ્છુકો બેન્ક એફડી સિવાય સરકારની આ યોજનાઓમાં રોકાણ કરી 7 ટકાથી વધુ વ્યાજનો લાભ શકે છે. પોસ્ટ ઓફિસ દ્વારા વિવિધ સરકારી યોજનાઓ જારી છે, જેમાં સુરક્ષિત રોકાણ સાથે મેચ્યોરિટીના અંતે આકર્ષક વ્યાજનો લાભ લઈ શકો છો. તદુપરાંત ટેક્સમાં છૂટનો લાભ પણ મળે છે. નાની બચત યોજના અંતર્ગત પોસ્ટ ઑફિસ ટાઈમ ડિપોઝિટ (Post Office TD) સ્કીમમાં એકસામટુ રોકાણ કરી મબલક વ્યાજ મેળવી શકો છો. પોસ્ટ ઓફિસ એફડી તરીકે જાણીતી આ સ્કીમમાં ચાર પ્રકારના મેચ્યોરિટી પિરિયડ છે. પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝીટ હેઠળ, 1 વર્ષની મુદત માટે 6.9% વ્યાજ, બે વર્ષની ટાઈમ ડિપોઝીટ મુદત માટે, 7.0% વ્યાજ, 3 વર્ષની મેચ્યોરિટી પર ટાઈમ ડિપોઝીટ વ્યાજ 7.1%, 5 વર્ષ માટે ટાઈમ ડિપોઝીટ સ્કીમ પર 7.5% વ્યાજ.



પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝીટ હેઠળ જોઈન્ટ એકાઉન્ટ અથવા સિંગલ એકાઉન્ટ મારફત લઘુત્તમ રૂ. 1000નું રોકાણ કરી શકો છો. મહત્તમ રકમ પર કોઈ મર્યાદા નથી. પાંચ વર્ષના કાર્યકાળ હેઠળની આ યોજનામાં, આવકવેરાની કલમ 80C હેઠળ 1.5 લાખ રૂપિયાની વાર્ષિક છૂટ આપવામાં આવે છે. તમે આ યોજના હેઠળ છ મહિના પહેલા પૈસા ઉપાડી શકતા નથી. ધારો કે પૈસાબાઝારના પોસ્ટ ઓફિસ એફડી કેલ્યુલેટર અનુસાર, પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝીટ હેઠળ તમે રૂ. 10 લાખનું રોકાણ કર્યું હોય તો તમને પાંચ વર્ષના મેચ્યોરિટી પર રૂ. 4,49,948નું વ્યાજ મળશે. પાંચ વર્ષમાં કુલ રૂ. 14,49,948ની મૂડી ઉભી થશે.

## અમદાવાદના એક સ્ટાર્ટઅપે હાર્ટબીટને ચોકસાઈપૂર્વક માપી શકે તેવા ગંજી ડેવલપ કર્યા

(એજન્સી) મુંબઈ | તા.10

New Innovation to check Heart beat: ટેક્નિકલ ટેક્સ્ટાઈલની બોલબાલા સતત વધી રહી છે ત્યારે ગુજરાતના એક સ્ટાર્ટઅપે ટેકનિકલ ટેક્સટાઈલની મદદથી ગંજી તૈયાર કર્યા છે. આ ગંજી પહેરનારી વ્યક્તિના હાર્ટબીટનું અન્ય સિસ્ટમ કરતાં પાંચ ગણા પરફેક્શન સાથે મોનિટરિંગ કરીને ડેટા નોંધી શકે છે. અમદાવાદના એક સ્ટાર્ટઅપે વિકસાવેલા આ ગંજીનું ઉત્પાદન પણ શરૂ થઈ ગયું છે, જે સ્માર્ટ વૉચનો વિકલ્પ બની શકે છે. આગામી 15 જૂને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા યોજવામાં આવનારી ટેક્સ્ટાઈલ લીડરશીપ કોન્ક્લેવ માટે શોર્ટ લિસ્ટ પાંચ સ્ટાર્ટઅપમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. અન્ય એક સ્ટાર્ટઅપે પાઈનેલપલમાંથી ટેક્સ્ટાઈલડેવલપ કર્યું છે. ટેક્લટાઈલના સેક્ટરમાં ઈનોવેશન લઈને આવતા સ્ટાર્ટઅપને પ્રમોટ કરવાનું ગુજરાત ચેમ્બરે આયોજન કર્યું છે. આ ગંજી નાયલોન, પોલિએસ્ટર, અને સ્પિન્ડેક્સ (લાયક્રાનું મટિરિયલ) વાપરવામાં આવી રહ્યું છે. મશીનમાં તેને 40 વારથી વધુ વાર ધોઈ શકાય છે. તેમ જ હાથથી રિન્સ કરીને દોઢ વર્ષ સુધી તે વાપરી શકાય છે. સ્પોર્ટ્સમાં સાઈકલિંગ કે રનિંગ કરનારા જે પેન્ટ પહેરે છે, તેવા જ મટિરિયલમાંથી આ ગંજી તૈયાર કરાયા છે. તેમાં



સિલિકોનનો ઉપયોગ કરાયો હોવાથી ચામડી પર ઈરિટેશન થવાની સંભાવના ન હોવાનું રિસર્ચર પ્રશાંત વર્માએ જણાવ્યું છે. તેની પેટન્ટ અમદાવાદના યુવાને મેળવી લીધી છે, જેના હવે ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરાશે. કે સીડીએસસીઓ પાસેથી મંજૂરી મેળવી લીધા પછી તેની ટ્રાયલ શરૂ થશે. મહિલાઓ માટે પણ હાર્ટબીટ મેઝર કરતાં ઈનરવેર તૈયાર કરાશે. ટેક્સ્ટાઈલ કોન્કલેવમાં અનાનસ એટલે કે પાઈનેપલના પાદડાંમાંથી ફાઈબર, ફાઈબરમાંથી યાર્ન, યાર્નમાંથી ફેબ્રિક્સ અને ફેબ્રિક્સમાંથી અપરલ બનાવવાનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. આ યાર્ન બનાવવાની અને તેમાંથી ફેબ્રિક્સ તૈયાર કરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ હોવાનું ઈનોવેટર જયશ્રી શાહ જણાવે છે. તેમાંથી કાપડ અને છેવટે શર્ટિંગ મટિરિયલ બનાવવાનું લક્ષ્યાંક છે. આ શર્ટિંગ મટિરિયલની ખાસિયત એ છે કે તે કપાસમાંથી તૈયાર કરેલા યાર્નમાંથી બનાવેલા કોટનના શર્ટની જેમ પરસેવો ઝડપથી શોષી લેવાની ક્ષમતા ધરાવે છે. પરસેવો શોષી લીધા પછી તે શર્ટ કોટનના શર્ટ કરતાંય વધારે ઝડપથી સૂકાઈ જાય તે તેની બીજી ખાસિયત છે. ટેકનિકલ ટેક્સટાઈલના સેક્ટરમાં અગિયારથી વધુ પેટા સેક્ટર છે. તેમાં એગ્રોટેક, મેડિકલ ટેક, ડિફેન્સ ટેક, પ્રોટેક્ટિવ ટેક, સ્પોર્ટ્સ ટેકનો સમાવેશ થાય છે.




બોડી શોપ મુંબઈના પેલેડિયમ મોલમાં તેના એક્ટિવિસ્ટ વર્કશોપ સ્ટોરમાં બ્રેઈલ ફીચર્સ રજૂ કરીને ભારતમાં તેની 18મી વર્ષગાંઠની ઉજવણી કરી રહી છે. આ પ્રસંગે ધ બોડી શોપ- એશિયા સાઉથના ચીફ બ્રાન્ડ ઓફિસર સુશ્રી હરમીત સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2080, જેઠ સુદ-05

# નિર્દોષોની બલિ લેતા દુષ્કર્મના ખોટા કેસો

ઉત્તર પ્રદેશના અલીગઢમાં એક મધ્યમવર્ગીય પરિવારનો યુવાન પુત્ર યોગેશ પરિવારના ભરણપોષણ માટે થોડાં વર્ષ પહેલાં નોઇડા આવે છે અને એક બેકરીમાં કામ કરેછે. ત્યાં સાથે કામ કરનારી મહિલાઓ સાથે તેની લડાઈ થઈ જાય છે. બેકરીના માલિક દ્વારા યોગેશ અને એ મહિલાઓને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે છે અને વાત ત્યાં પૂરી થાય છે, પરંતુ થોડા દિવસ બાદ આ મહિલાઓ યોગેશ વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવે છે અને પોલીસ ૧૫ મેની રાત્રે તેને ઉઠાવી લે છે, કોઈ ફરિયાદ નોંધ્યા વિના! થાણામાં યોગેશનો ભાઈ જીતેન્દ્ર કરગરે છે તેના ભાઈને મળવા માટે, પરંતુ પોલીસ તેનું એક નથી માનતી. ભાઈ પોલીસને કોઈક રીતે મનાવીને યોગેશને મળે છે, જે આઘાતમાં હોય છે. ૧૫ મેની બપોરે તેની જીવનલીલા સમાપ્ત થઈ જાય છે. તેના પરિવારને કહેવામાં આવે છે કે તેણે ગળાફાંસો ખાઈ લીધો. બીજા દિવસે આખા પોલીસ સ્ટેશનને સસ્પેન્ડ કરી દેવામાં આવે છે અને પેલી મહિલાઓની દુષ્કર્મનો ખોટો કેસ લખાવવાના આરોપમાં ધરપકડ કરી લેવામાં આવે છે. પ્રશ્ન એ થાય છે કે જો ફરિયાદ ખોટી હતી તો યોગેશની ધરપકડ કેમ કરી? ગત ૨૯ મેના રોજ રાજસ્થાનના ઝુંઝુનૂમાં એક થાણામાં દુષ્કર્મના આરોપમાં કેદ ગૌરવ શર્માનું મોત થઈ જાય છે. ગૌરવ એક મહિલા સાથે ૧૦ દિવસ હૈદરાબાદમાં રહ્યો. મહિલાના પરિવારે ફરિયાદ કરી તો તેમને ત્યાંથી પાછા લાવવામાં આવ્યા. મહિલા કહે છે કે તે તેની મરજીથી તેની સાથે ગઈ હતી, પણ થોડા દિવસ બાદ ગૌરવ વિરુદ્ધ લગ્ન અને નોકરીની લાલચ આપીને દુષ્કર્મ કરવાની ફરિયાદ નોંધાય છે અને તેની ધરપકડ કરી લેવાય છે. તેની સાથે ઘોર અમાનવીય વર્તન કરવામાં આવે છે. તેને કારણે તેનું મોત થઈ જાય છે. આ જવાન મોત માત્ર ગયા મહિને બનેલી જ ઘટનાઓ છે. ખબર નહીં કેટલાય પુરુષ દુષ્કર્મના ખોટા કેસોમાં ફસાઈને ફાંસી લગાવી લે છે કે જીવતે જીવ મરી રહ્યા હોય છે. થોડા દિવસ પહેલાં જયપુરમાં ભાવના શર્મા નામની એક મહિલાની ધરપકડ કરવામાં આવી. તે છેલ્લા આઠ વર્ષોમાં દુષ્કર્મ, છેડતી જેવા ૧૪ ખોટા કેસો લગભગ ૨૦ પુરુષો વિરુદ્ધ કરી ચૂકી હતી. છેલ્લા છ મહિનામાં તેણે બે વકીલો વિરુદ્ધ લગ્નની લાલચ આપીને દુષ્કર્મ કરવાના ખોટા કેસો કર્યા. ત્યારે જઈને બાર એસોસિએશને તેના વિરુદ્ધ ફરિયાદ કરી અને તેની ધરપકડ થઈ. એ મહિલા વિરુદ્ધ ગયા વર્ષે રાજસ્થાનના ડીજીપી પાસે ફરિયાદ કરવામાં આવી હતી, છતાં તેના વિરુદ્ધ કાર્યવાહી નહોતી થઈ. એ મહિલાએ કરેલા લગભગ બધા જ કેસો ખોટા નીકળ્યા, છતાં પણ લાંબા સમય સુધી તેની ધરપકડ નહોતી કરવામાં આવી. છેલ્લા કેટલાક વર્ષોમાં આવી કેટલીય મહિલાઓ વિરુદ્ધ કાર્યવાહીની માંગ કરવામાં આવી છે. ગુરુગ્રામની એક મહિલાએ એક વર્ષમાં દુષ્કર્મના નવ ખોટા કેસો નોંધાવ્યા, જબલપુરની એક મહિલાએ સાત કેસો કર્યા, મુંબઈની એક મહિલાએ દિલ્હી અને મુંબઈમાં દુષ્કર્મના ચારખોટા કેસો કર્યા, પંજાબની એક મહિલાએ ગુરુગ્રામ, દિલ્હી અને પુણેમાં દુષ્કર્મ અને છેડતીના અડધો ડઝન ખોટા કેસો કર્યા. દિલ્હીની એક પરિણીત મહિલાએ દુષ્કર્મ અને સામુહિક દુષ્કર્મના પાંચ-છ કોટા કેસો કરાવ્યા. પ્રશાસનને અરજ કરવા અને પુરાવા આપવા છતાં આવી મહિલાઓ વિરુદ્ધ પોલીસે કાર્યવાહી ન કરી, જે સીરિયલ રેપ એક્યુઝર છે. આ બધા કેસોમાં સૌથી વધુ અચંબિત કરવાની વાત એ હોય છે કે એક જ મહિલા વારંવાર એમ કહે છે કે તેને લગ્નની લાલચ આપીને શોષણ કરવામાં આવ્યું. ચાહે મહિલા પહેલાંથી પરિણીત હોય, પુરુષને દુષ્કર્મીનું લેબલ ચોંટાડી દેવામાં આવે છે.

# ચાણસ્માવાસીઓએ 8 વર્ષ બાદ રેલવેની સિટી સાંભળી

### મીટરગેજમાંથી બ્રોડગેજમાં રેલવે લાઈન રૂપાંતરિત કરવાની હોવાથી વર્ષ ૨૦૧૬થી રણુંજ - બેચરાજી રેલવે ટ્રેનો બંધ કરાઈ હતી, મીટરગેજ માંથી બ્રોડ ગેજમાં લાઈન નાંખવાનું કામ પુર્ણ કરાતાં રેલવે વિભાગના અધિકારીઓ દ્વારા સોમવારે રેલવે એન્જિન ચલાવી ટ્રાયલ કરાયું હતું

નીતિન ઠાકર | ચાણસ્મા




રણુંજથી ચાણસ્મા થઈ બેચરાજી સુધીની ૪૦ કી.મી.ની મીટરગેજ રેલવે લાઈનને બ્રોડગેજ લાઈનમાં રૂપાંતરિત કરવાની હોઈ રેલવે વિભાગ દ્વારા સને.૨૦૧૬ થી રણુંજ થી બેચરાજી સુધી દોડતી રેલવે સેવા બંધ કરવામાં આવી હતી ત્યારબાદ રેલવે વિભાગ દ્વારા પાટા ઉખાડવા રણુંજથી બેચરાજી સુધી વચ્ચે આવતા જૂના રેલવે સ્ટેશનો દુર કરવા સહિતની કામગીરી શરૂ કરાઇ હતી બાદમાં સને ૨૦૨૦થી રણુંજથી બેચરાજી સુધી બ્રોડગેજ રેલવે લાઈન નાંખવાની કામગીરી હાથ ધરાઇ હતી જે વર્ષ, ૨૦૨૪ - જૂન સુધીમાં ચાણસ્મા રેલવે સ્ટેશન સહિત રણુંજથી બેચરાજી વચ્ચે જે જે નાના રેલવે સ્ટેશનો ફાટક નાના મોટા પુલ નું કામ પૂર્ણ થઈ જતાં રેલવે અધિકારીઓ દ્વારા ૧૦ જૂન ૨૦૨૪ના રોજ રેલવે અધિકારીઓ દ્વારા ૨ ડબા એન્જિન સાથે રણુંજથી બેચરાજી સુધી ટ્રાયલ શરૂ કરાયું હતું

ચાણસ્મા રેલવે સ્ટેશને ૮ વર્ષ બાદ ટેન આવી પહોંચતા ચાણસ્મા વાસીઓએ ૮ વર્ષ રેલવેની સીટીની ગુંજ સંભળાઈ.

રણુંજથી બેચરાજી વચ્ચેની રેલવે લાઈનનું કામ કરવાનું હોઈ વર્ષ ૨૦૧૬ થી રેલવે રૂટ બંધ કરાયો હતો ૨૦૨૪માં રેલવે લાઈનનું કામ પૂર્ણ થઈ જતાં ૮ વર્ષ બાદ ટ્રાયલ માટે બે ડબા ની ટ્રેન ચાણસ્મા રેલવે સ્ટેશને આવી પહોંચતા ૮ વર્ષ બાદ ચાણસ્મા વાસીઓના કાને ટ્રેન છક છક સાથે ટ્રેનની સીટી નો અવાજ સંભળવા મળ્યો હતો.

### રેલવે અધિકારીઓ શું કહે છે

૨ ડબાની ટ્રેનમાં ટ્રાયલ બેજ માટે આવેલા અધીકારીઓએ જણાવ્યું હૂં રણુંજથી બેચરાજી સુધીનુ બ્રોડગેજ રેલવે લાઈનનું કામ પૂર્ણ થઈ જતાં રેલવેના પાટા ની ક્ષમતા લાઈનીંગ ફાટકો સહિતના કામનું ટ્રાયલ નિરીક્ષણ કરાવાની કાર્યવાહી કામગીરી માટે આવ્યા હોવાનું સાથે ડીસેમ્બર - ૨૪ સુધી ગુડઝ ટ્રેનો દોડાવવામાં આવશે ડીસેમ્બર બાદ પેસેન્જર ટ્રેનો દોડાવવામાં આવશે તેમ જણાવ્યું હતું

ચાણસ્મા રેલવે સ્ટેશનનો લાલ જાજમ સાથે રંગબેરંગી ફુગાઓથી શણગારાયું

તમામ ભૌતિક સુવિધાઓ સાથે બનાવવામાં આવેલા ચાણસ્મા રેલવે સ્ટેશને ટ્રાયલ બેજ ઈસ્પેક્ષન માટે અમદાવાદથી આવી રહેલા રેલવેના ઉચ્ચ અધિકારીઓને આવકારવા માટે લાલ જાજમ પાથરવામાં આવી હતી સાથે રેલવે સ્ટેશનને રંગબેરંગી ફુગાઓથી શણગારવામાં આવ્યું હતું

# રાજપીપળા શ્રીજીનગર સોસાયટીમાં પાણીની સમસ્યા મુદ્દે સ્થાનિકોએ કરી પાલિકાના ચીફ ઑફિસરને કરી રજૂઆત

■ **સોસાયટીમાં જતી મુખ્ય લાઈનમાંથી અન્ય સોસાયટીનું કનેશન આપતા પાણીનો પ્રવાહ ઓછો થયો**

ભરત શાહ | રાજપીપળા



રાજપીપળા શહેરમાં આવેલી શ્રીજી નગર સોસાયટીમાં ઘણા સમયથી પાણીની ગંભીર સમસ્યા હોવાથી સ્થાનિકો એ પાલિકાના મુખ્ય અધિકારી ને રજૂઆત કરી છે.

સ્થાનિક રહીશો એ કરેલી રજુઆત માં જણાવ્યા મુજબ શ્રીજી નગર સોસાયટી ના રેહવાશીઓ ને પાછલા ઘણા સમયથી જમવાનું બનાવવાના અને નાહવા ધોવાના પાણીની ઘણી તકલીફ પડી રહી છે. શ્રીજી નગર સોસાયટીમાં આવતા પાણીની મૂળ લાઈનના કનેક્શન માથી ગોકુળ નગરમાં કનેક્શન આપવામાં આવ્યું છે અને વચ્ચે વાલ્વ મૂકી ને શ્રીજી નગરમાં આવતા પાણીનો પ્રવાહ ઓછો અને નહિવત કર્યો છે.

જેને લીધે અમારી સોસાયટીમાં પાણીની મોટી તંગી ઊભી થઈ છે. ગોકુળ નગરને પાણી પૂરું પાડવામાં આવે છે એનો અમને કોઈ વાંધો નથી પણ અમારું રોજીંદુ આવતું પાણી બંધ કરી ને શ્રીજી નગરના રેહવાસીઓ ને નુકશાન પોહચાડીને જે રીતે હેરાનગતિ કરવામાં આવી રહી છે, જે યોગ્ય નથી માટે આ પ્રશ્નનું નિરાકરણ ના આવે ત્યાં સુધી મિત્ર મૂલો પાણીના ટેન્કર વર્ક શ્રીજી નગર સોસાયટીને ઘર દીઠ પાણી પૂરું પાડી આપશો જેથી અમે અમારું રોજીંદુ જીવન સામાન્ય રીતે જીવી શકીએ.માટે આ બાબતનું નિરાકરણ લાવી ને અમારૂ રોજીંદુ આવતું પાણી નિયમિત કરી આપવા આપ રજૂઆત કરવામાં આવી છે.

## રાજપીપળાના વકીલોની અચોક્કસ મુદતની હડતાળ

■ **રાજપીપળા કોર્ટના જજની કામગીરીથી વકીલ મંડળ નારાજ**

ભરત શાહ | રાજપીપળા



**પોતાના કામકાજથી અળગા રહેવાનો ઠરાવ કરી નર્મદા જિલ્લા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ જજ, યુનિટ જજ અને ચીફ જસ્ટિસ ઓફ ગુજરાતને પણ રજૂઆત કરાઇ**

નર્મદા જિલ્લા બાર એસોસિયેશન ના પ્રમુખ વંદના ભટ્ટ ની અધ્યક્ષતામાં બાર રૂમ માં એસોસિયેશનના સભ્યોની જનરલ મિટિંગમાં મળી જેમાં રાજપીપળા કોર્ટના જજ ની ગેરવર્તણૂક મુદ્દે નર્મદા જિલ્લા બાર એસોસીએશન ના તમામ સભ્યો દ્વારા ચર્ચા કરી અચોક્કસ મુદતની હળતાલ પર ઉતરી પોતાની કામગીરી થી અળગા રહેવાનું નક્કી કરવામાં આવ્યું છે. નર્મદા જિલ્લા બાર એસોસિયેશન પ્રમુખ વંદના ભટ્ટે જણાવ્યું હતું કે નર્મદા જિલ્લા બાર એશોશીએશન હમેશા નિર્વિવાદિત તેમજ વાતવરણ ને અનુકૂળ થઈને કામગીરી કરવામાં અને બાર અને બેન્ચ ના સંબધો સુમેળ ભર્યા રહે અને શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે રીતે હમેશા કાર્યરત રહેલા છે. પરંતુ રાજપીપળાના એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં પક્ષપાતી વલણ કરવામાં આવે છે. મુદત અરજી પર પોતે હાથથી લખેલા હુકમો પૂર્ણ થતાં પહેલા તેમાં છેકછાંક કરીને નવો હુકમ કરે છે. જે તદ્દન પક્ષપાતીભર્યું વલણ જણાય આવે છે. આ બાબતે છેલ્લા ઘણા સમયથી નર્મદા જિલ્લાના પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ સમક્ષ રૂબરૂ મૌખિક રજૂઆત કરી છે. સાથે સાથે યુનિટ જજ અને ચીફ જસ્ટિસ ઓફ ગુજરાત ને પણ રજૂઆત કરી છે. આમ નર્મદા બાર એસોસિયેશન નામદાર જજ વિરુદ્ધ જઈને હડતાલ પર ઉતરી પોતાની કામગીરી થી બધા અળગા રહીશું.

## રાજપીપળામાં વર્ડ હાયપરટેન્શન ડે નિમિત્તે આરોગ્ય શાખા દ્વારા કેમ્પ અને સાયકલ રેલીનું આયોજન



ભરત શાહ | રાજપીપળા

હાલમાં આરોગ્ય વિભાગ દ્વારા વર્લ્ડ હાઈપરટેન્શન દિવસ ઉજવણીના ભાગરૂપે વિવિધ એક્ટીવીટી કરવામાં આવી રહી છે.જેમાં તા.૦૮.૦૬.૨૦૨૪ થી તા.૧૫.૦૬. ૨૦૨૪ સુધીમાં સરકારી કચેરી, જાહેર સ્થળ બસ સ્ટેન્ડ, વૃધ્ધાશ્રમ, નારી સંરક્ષણ ગૃહ ખાતે આરોગ્ય કેમ્પ તેમજ સાઈકલ રેલી જેવી પ્રવૃતિઓ કરવાની હોય જેમાં આજરોજ જિલ્લા આરોગ્ય અધિકારી જનકકુમાર માઢક ના માર્ગદર્શન હેઠળ અને નાદોદ બ્લોક ના ઈન્ચાર્જ હેલ્થ ઓફિસર ડોકટર ધનંજય વલવી ના આયોજનથી તાલુકાનાં હેડક્વાટર એવા રાજપીપળા ની જૂની સિવિલ હોસ્પિટલ ખાતે થી એક સાયકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું આ સાઈકલ રેલીમાં ૩૦ થી વધુ આરોગ્ય કર્મચારીઓ જોડાયા અને રેલી જૂની સિવિલ થી ઝુંડા મંદિર સુધી નિકળી હતી.

## દેડીયાપાડાના ગીચડ ગામમાં વરસાદમાં ભેંસ પર વીજળી પડતાં મોત



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લામાં રવિવારે ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો જેમાં કેટલીક જગ્યાઓ પર વૃક્ષો ધરાશાઈ થયા હતા જ્યારે ક્યાંક વીજળી પડવાની ઘટના પણ બની જેમાં ડેડીયાપાડા તાલુકાના ગીચડ ગામમાં વીજળી પડતાં એક ભેંસ નું મોત થયું હતું. મળતી વિગતો અનુસાર સોમાભાઇ ભંગડાભાઈ વસાવા રહે.ગીચડ પટેલફળીયુ તા.દેડીયાપાડા જી. નર્મદા નાઓ એ પોલીસમાં જાણ કર્યા મુજબ રવિવારે સાંજના પાંચેક વાગ્યાના સમયગાળા દરમ્યાન તેઓ પોતાના ખેતરે હાજર હતા અને તે વખતે સાંજના આશરે છ એક વાગ્યાના અરસામા અચાનક ગાજવીજ સાથે વરસાદી વાવાઝોડુ આવતા તેમના ઘરના આંગણામાં લાકડાના ઘાસચારો મુકેલ માંડવા પાસે એક કાળા કલરની ભેંસ ઉં.વ.આ.૧૨ બાંધેલ હોય જ્યાં અચાનક આકાશી વિજળી પડતા તેમની કાળા કલરની ભેંસનું સ્થળ ઉપર જ મોત થયું હતું. દેડીયાપાડા પોલીસે આ બાબતની નોંધ લઈ જરૂરી કાર્યવાહી કરી છે.

## વરસાદ સાથે આવેલા વાવાઝોડામાં નાંદોદ તાલુકાના ગામોમાં કેળનો પાક આખે આખો સુવડાવી દીધો

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લામાં રવિવારે આવેલા વરસાદ માં નાંદોદ તાલુકાના કેટલાક ગામો માં ખતરનાક વાવાઝોડું આવતા કેટલાય ખેડૂતો ના કેળા ના પાકને મોટું નુકશાન થયું છે.

નાંદોદ તાલુકામાં આવેલાં ટંકારી, શોઢલીયા, શહેરાવ જીયોર જેવા કેટલાક ગામોમાં રવિવારે આવેલા વરસાદ સાથે વાવાઝોડા ના કારણે ખેડૂતો ના લગભગ ૧૫૦૦ થી વધુ એકર માં વાવેલા કેળા ના ઊભા પાકને નુકશાન થયું છે, ખેડૂતો નું કહેવું છે કે અમારા આ ત્રણ ચાર ગામ માં એક ખતરનાક વંટોળ એવું આવ્યું કે ૧૫૦૦ થી વધુ એકર કેળાના આખેઆખા થડ સુવડાવી દીધા હતા અને ગામમાં ૩૦ થી વધુ કાચા મકાનો ના પતરા તો હવામાં ઉડતા નજરે પડ્યા હતા જેમાં ગરીબ પરિવારો અટવાઈ પડયા હતા અને આ તમામ ગામોમાં ૧૦૦ ટકા કેળ નો પાક ખતમ થઈ જતાં ખેડૂતો ને મોટું નુકશાન થયું છે.

### ખતરનાક વંટોળના કારણે ગામના 30થી વધુ ઘરોના પતરા હવામાં ઉડ્યા



## વરસાદમાં માર્ગો પર પડેલા વૃક્ષો દૂર કરી રસ્તો ખુલ્લો કરતી તિલકવાડા પોલીસ



ભરત શાહ | રાજપીપળા

રવિવારે સાંજે નર્મદા જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો જેના કારણે ઘણા વિસ્તારો માં વૃક્ષો પણ ધરાશાઈ થયા હતા ત્યારે વાવાઝોડાને કારણે તિલકવાડા પો.સ્ટે. વિસ્તારમાં પડેલા કેટલાક ઝાડ જે રોડ પર ધરાસાઈ થયા હતા અને વાહનોની અવર જવર ને અડચણરૂપ હોય જેની જાણ તિલકવાડા પોલિસને થતા પોલીસ સ્ટાફ ના માણસો તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી રસ્તા ઉપર પડેલા અડચણરૂપ વૃક્ષો રસ્તા પરથી હટાવી રસ્તો સાફ કરી વાહનો ની અવર જવર રાબેતા મુજબ ચાલુ કરાવી હતી.

# શામગહાન સી.એચ.સીમાં ફરજ બજાવતી મહિલા ડોકટર ભાન ભૂલી પ્રસુતા માતાને રઝળપાટ કરવા મજબૂર બનાવી

સુશીલ પવાર | ડાંગ



રાજયનાં મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીનાં રાજમાં છેવાડેનાં ડાંગ જિલ્લાની આદિવાસી પ્રસુતા બહેનોને રઝળપાટ કરવાની નોબત ઉભી થઈ છે.રાજ્ય સરકાર છેવાડેનાં આદિવાસી ગરીબ દર્દીઓ માટે વર્ષ દહાડે કરોડોની ગ્રાંટ ફાળવે છે.પરંતુ તંત્રનાં પાપે આદિવાસી જનજીવન આજે પણ બાપડુ બીચારૂ બની રઝળપાટ કરતા જોવા મળી રહ્યુ છે.જેનું ઉત્તમ ઉદાહરણ ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં શામગહાન સી.એચ.સીમાં જોવા મળ્યુ છે.ડાંગ જિલ્લાનાં શામગહાન સી.એચ.સીમાં ફરજ બજાવતી મહિલા ડોકટરે ભાન ભૂલી માતાની ગરિમાને લજવી છે.શામગહાન સીએચસી ખાતે ફરજ બજાવતી ખુશ્બુ ટંડેલ નામની તબીબ મનસ્વી વલણ અખત્યાર કરી ગરીબ આદિવાસી દર્દીઓ સાથે અમાનુષ વર્તન કરી રહી હોવાની રાવ સ્થાનિકો કરી રહ્યા છે. ગતરોજ તા. 09/06/24નાં રોજ સંગીતાબેન રાહુલભાઈ ગાવિત ઉ લ.24 .રહે શામગહાન અને તુળશીબેન સંદીપભાઈ મહવરે રહે નડગચોંડ તા. વઘઇ ડાંગનાઓને પ્રસુતિની પીડા થતા 108 એમ્બ્યુલન્સ મારફતે નજીકની શામગહાન સીએચસીમાં દાખલ કર્યા હતા.બાદમાં બન્ને મહિલાઓની બપોરે 3 વાગ્યા સુધીમાં નોર્મલ પ્રસુતિ થઈ હતી,અને બન્ને મહિલાઓએ બાળકોને જન્મ આપ્યો હતો.પરંતુ અહી સીએચસીનાં ફરજ પરનાં મહિલા ડોકટર ખુશ્બૂ ટંડેલ દ્વારા પ્રસૂતા મહિલાઓને દવા ગોળી કે સારવાર આપવાની તસ્દી પણ લીધી ન હતી.જેના કારણે પ્રસુતિ થયેલ સંગીતાબેન ગાવીતને અશક્તિ આવી જતા તેણી ચક્કર ખાઈ પડી જતા કફોડી સ્થિતિ સર્જાઈ હતી.ત્યારબાદ ફરજ પરના તબીબ ડો ખુશ્બૂ ટંડેલ દ્વારા બન્ને પ્રસૂતા મહિલાઓને 108 બોલાવી સીએચસીમાંથી કોઈપણ કારણ જણાવ્યા વગર સાપુતારા પીએચસીમાં મોકલી દેતા વરસતા વરસાદ વચ્ચે પ્રસૂતાઓ નવજાત બાળકો સાથે સાપુતારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડતા દર્દીઓ સહીત તેમના પરિવારની કફોડી સ્થિતિ સર્જાઈ હતી.ત્યારે પ્રસુતા મહિલાઓએ બાળકોને જન્મ આપ્યા બાદ તેઓની હાલત નાજુક હોવા છતાંય આ મહિલા ડોકટરે તેઓને રઝળપાટ કરવા માટે મૂકી દેતા શામગહાન સીએચસીમાં ચાલતુ ભખડજંતર બહાર આવ્યુ હતુ.અત્રે ઉલ્લેખનીય છે કે કોઈપણ સગર્ભા દર્દી ને સીએચસીમાં દાખલ કરાયા બાદ તે શસ્ક્ત બને ત્યાં સુધીની જવાબદારી હોસ્પિટલની હોય છે,તેવા સંજોગોમાં સામગહાન સી.એચ.સીમાંથી દર્દીઓને પીએચસીમાં કે જ્યાં ગાયનેક કે એમબીબીએસ ડોકટર ને બદલે આયુર્વેદ તબીબ હોય તેવી જગ્યાએ રીફર કરી દેવાતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે.આ બન્ને પ્રસુતિ થયેલ ગરીબ મહિલાઓની દયનિય હાલત જોઈને અન્ય લોકોનું હૃદય પણ કંપિત થઈ ઊઠ્યુ હતુ.જોકે કોઈ જાગૃત આગેવાન દ્વારા સમગ્ર બાબતની જાણ ડાંગ ક્લેકટરને કરતા કલેકટર એમ.આઈ. પટેલે માનવતા બતાવી સંબધિત તંત્ર ને કડક સૂચના આપતા સફાળા જાગેલા ડોક્ટર દ્વારા એમ્બ્યુલન્સ મારફતે બન્ને પ્રસૂતા મહિલાઓ અને પરિવારોને ફરીથી શામગહાન સીએચસી ખાતે રીફર કરતા હાશકારો અનુભવ્યો હતો. એકબાજુ રાજ્ય સરકાર આદિવાસીઓ માટે અનેકવિધ આરોગ્યલક્ષી યોજનાઓ સાકાર પામી હોવાની મોટી મોટી જાહેરાતો કરે છે,તેવામાં શામગહાન સીએસીસી ખાતે પ્રસુતિ પામેલ ગરીબ મહિલાઓને યોગ્ય સારવાર અપાવ્યા વગર દવાખાના માંથી કાઢી મુકવાની બાબતને લઈ આદિવાસી સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.અને શામગહાન સહિત વિસ્તારનાં આગેવાનોએ સી. એચ.સીનાં ડોકટર સામે ફિટકાર વરસાવ્યો હતો.

### એક મહિલા ડોકટર માતાની વેદના ન સમજે તો બીજું કોણ સમજશે ?

આ બાબતે પ્રસૂતા સંગીતાબેન ગાવિતે જણાવ્યુ હતુ કે ગતરોજ રવિવારે સાંજે મારા પેટમાં દુખાવો ઉપડ્યા બાદ મારા પરિવારે શામગહાન સીએચસીમાં દાખલ કરાવી હતી, જ્યાં મારી નોર્મલ સુવાવડ થઈ હતી,પરંતુ મારુ લોહી વધુ નીકળી જતા મને ચક્કર આવી ગયા હતા તેમ છતાં સીએચસીનાં ડોકટર ખુશ્બુ ટંડેલે કોઈ સારવાર કે દવા આપી ન હતી, તેમજ અમને સખ્ત દુખાવો ઉપડેલ હોવા છતા બળજબરી પૂર્વક 108માં બેસાડી સાપુતારા પીએચસીમાં રીફર કરી દેવાયા હતા, ત્યારે સીએચસીના ડોક્ટર અને સ્ટાફની માનવતા મરી ગઈ છે કે શું. એક મહિલા ડોકટર માતાની વેદના ન સમજે તો બીજું કોણ સમજશે.

**ડોકટર ખુશ્બુ ટંડેલ આદિવાસી દર્દીઓને હાથ ન અડાડી ઓરમાયુ વર્તન કરતી હોવાની ફરિયાદ :** શામગહાન સી.એચ.સીની મહિલા ડોકટર ખુશ્બુ ટંડેલ સારવારનાં અર્થે આવતા આદિવાસી દર્દીઓને હાથ પણ ન અડાડી ઓરમાયુ વર્તન કરતી હોવાની અનેક ફરિયાદ. સાપુતારાની તળેટીય વિસ્તારમાં આવેલ અંદાજીત 25 ગામડાઓનાં દર્દીઓ માટે શામગહાન સી.એચ.સી આશીર્વાદરૂપ સમાન છે.પરંતુ અહી ડોકટર ખુશ્બુ ટંડેલની બેદરકારી અને આદિવાસી દર્દીઓ સાથેનાં ઓરમાયા વર્તનનાં પગલે સી.એચ.સી હોસ્પિટલની સ્થિતિ ગડું રાજાની અંધેરી નગરી જેવો ઘાટ સર્જાયો છે.વધુમાં આ ડોકટર દ્વારા સારવાર માટે આવતા ગરીબ દર્દીઓને હાથ પણ ન લગાડી ખરાબ વર્તન કરાઇ રહીની ફરિયાદો ઉઠવા પામી છે.ત્યારે આવા બેજવાબદાર ડોકટરોને કાયમી ધોરણે ડિસમિસ કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

**આ સંદર્ભે શામગહાન સીએચસી હોસ્પિટલનાં અધિક્ષક ડૉ સુરેશભાઈ પવારને પૂછતાં તેમણે જણાવ્યુ હતુ કે કોઈપણ દર્દી સીએચસીમાં દાખલ થાય તો તે સાજો થાય ત્યાં સુધીની સંપૂર્ણ જવાબદારી સીએચસીની હોય છે,કથિત પ્રસૂતા મહિલાઓને ક્યાં કારણથી પીએચસી ખાતે ખસેડવામાં આવ્યા હતા તેની મને જાણ નથી,આ સમગ્ર બાબતની તપાસ હાથ ધરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે..**

## ભગવાન બિરસા મુંડાની 125મી શહાદત દિવસની ઉજવણી કરવામાં આવી




સુશીલ પવાર | ડાંગ

ઉલગુલાન વિદ્રોહનાં મહાનાયક બિરસા મુંડાની 125 મી શહાદત દિવસની ઉજવણી ઓલ ઈન્ડિયા ડેમોક્રેટિક યુથ ઓર્ગેનાઇઝેશન ડાંગ જિલ્લા કમિટી દ્વારા ડૉ. આંબેડકર હોલ આહવા ખાતે કરવામાં આવી.જેમાં યુવા સંગઠનનાં આગેવાન ખંડુભાઈ પવાર, ઉમેશભાઈ ગાયકવાડ, દેવલુ પવાર, શિવદાસ પવાર, રામદાસ પવાર વગેરે આગેવાનોએ બિરસામુંડાનાં જીવન સંઘર્ષ વિશે ચર્ચા કરી હતી. અહી એસ.યુ.સી.આઈ. (કમ્યુનિસ્ટ)નાં જિલ્લા સંગઠક કોમરેડ રઘુનાથ બાગુલ દ્વારા બિરસા મુંડાનાં આંદોલન ઉલગુલાન વિશે માહિતી આપી હતી. વધુમાં ચાલુ વર્ષે બિરસા મુંડાની જન્મ જયંતિ સહિતનાં વિવિધ કાર્યક્રમોની ઉજવણી ડાંગ જિલ્લાનાં ગામડે ગામડે કરવામાં આવશે તેવું જણાવ્યુ હતુ..

# 1 કપ કોફીથી ડાયાબિટીસ પાર્કિન્સનનું જોખમ ઘટશે - કોફી ફાયદાઓથી ભરપૂર

# ત્રણથી પાંચ કપ કોફી પીવાથી હૃદય રોગનું જોખમ 15% ઘટશે

જો તમને ઓફિસમાં કામ કરતી વખતે ઊંઘ આવતી હોય અથવા મોડી રાત સુધી જાગ્યા પછી અભ્યાસ કરવામાં મુશ્કેલી પડતી હોય અથવા કોઈ પ્રિય વ્યક્તિ સાથે સમય વિતાવવાનું બહાનું શોધવાનું હોય તો એક કપ કોફી મનમાં આવે છે. કોફી પ્રેમીઓને પૂછો કે કોફીનો ગરમ કપ તેમના માટે શું અર્થ છે. કોફી એ પ્રેમ, સુખ, આરામ અને તાજગી છે. પણ ડૉક્ટરને એ જ પ્રશ્ન પૂછો કે કોફી શું છે? તમને ખબર પડશે કે કોફી એ સિગારેટ કે આલ્કોહોલ જેવું ઝેર નથી. કોફી પણ ખૂબ જ ફાયદાકારક છે. આપણી મનપસંદ વસ્તુઓમાંની એક પણ સ્વસ્થ હોય તેનાથી સારું શું હોઈ શકે? સ્પેનની રાજધાની મેડ્રિડમાં 2018માં કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ, દરરોજ ત્રણથી પાંચ કપ કોફી પીવાથી હૃદય રોગનું જોખમ 15% ઓછું થઈ શકે છે. નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિનમાં પ્રકાશિત એક અભ્યાસ કહે છે કે કોફી વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિનમાં પ્રકાશિત 2018ના સંશોધન મુજબ, કોફી બોડી માસ ઈન્ડેક્સ (BMI) અને ચરબીમાં સરેરાશ ઘટાડો તરફ દોરી શકે છે. અગાઉ, 2015 માં અમેરિકામાં હાથ ધરવામાં આવેલા અભ્યાસ અનુસાર, દરરોજ બેથી ત્રણ કપ કોફી પીવાથી હેપેટોસેલ્યુલર કાર્સિનોમા અને ક્રોનિક લિવર ડિસીઝ (સીએલડી) નું જોખમ 38% ઓછું થઈ શકે છે. વિજ્ઞાને પણ સ્વીકાર્યું છે કે કોફી પીવાથી શરીરમાં એનર્જી લેવલ વધે છે. તણાવ દૂર કરવા, આરામ કરવા અને ઘણા રોગોથી બચવાનો આ શ્રેષ્ઠ માર્ગ હોઈ શકે છે. અમેરિકન હાર્ટ એસોસિએશન અને ઈન્ટરનેશનલ એજન્સી ફોર રિસર્ચ ઓન કેન્સર (IARC) એ પણ સ્વીકાર્યું છે કે એક કપ કોફી હાર્ટ ફેલ્યોર તેમજ કેન્સરનું જોખમ ઘટાડે છે.



**વધુ પડતી કોફી પીવી એટલે સ્વાસ્થ્ય સાથે રમત કરવી |** દરેક વસ્તુની એક મર્યાદા હોય છે અને જો તમે તે મર્યાદા ઓળંગી જશો તો તમારે નુકસાન સહન કરવું પડશે. જેમ ન તો વધુ પડતો તડકો સારો છે અને ન તો વધુ પડતો વરસાદ, તે જ રીતે ખાવા-પીવાની બાબતમાં પણ સાચું છે. બધું ખૂબ ખરાબ છે. વધુ પડતી કોફી પીવી એ પણ જોખમી સંકેત છે.

## એક કપ કોફી તમારા મૂડને 6 કલાક સુધી ફ્રેશ રાખે છે

વિશ્વના તમામ વેકઅપ પીણાંમાંથી, કોફી સૌથી વધુ વપરાતું પીણું છે. આજકાલ લોકો દૂધ સાથેની કોફીને બદલે બ્લેક કોફી પીવાનું પસંદ કરે છે. એક કપ કોફીમાં 100 મિલિગ્રામ કેફીન હોય છે. આ જથ્થામાં લેવામાં આવેલી કોફી તમારા મૂડને 6 કલાક સુધી ફ્રેશ રાખે છે. આ ઉપરાંત, તે તમારા ઉર્જા સ્તર અને મૂડને પણ સુધારે છે.

## કોફી અનેક રોગો સામે રક્ષણ આપે છે

ફિલ્ટર કોફી હોય કે 100% શુદ્ધ કોફી ગ્રાન્યુલ્સ, બંને એન્ટીઑક્સિડન્ટોથી સમૃદ્ધ છે. આ તેનો સૌથી મોટો ફાયદો છે. કોફી બીન્સમાં પોલીફેનોલ એન્ટીઓક્સીડેન્ટ હોય છે જે શરીરને ફ્રી રેડિકલથી બચાવે છે. તે તેના કારણે થતા અનેક રોગોને રોકવામાં પણ મદદ કરે છે. વેલ, કોફી બીન્સના ઘણા પ્રકારો છે. બે મુખ્ય છે અરેબિકા અને રોબસ્ટા. સામાન્ય રીતે આપણે બજારમાંથી જે કોફી ખરીદીએ છીએ તે રોબસ્ટા કોફી છે. અરેબિકા કોફીની સરખામણીમાં તેમાં કેફીનની માત્રા બમણી હોય છે.

## કોફી પીવા માટે સવારનો સમય શ્રેષ્ઠ છે

ડૉ. સચિન ગુપ્તા કહે છે કે સવારનો સમય કોફી પીવાનો શ્રેષ્ઠ સમય છે. યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેના ન્યુરોસાયન્સના પ્રોફેસર મેથ્યુ વોકર કહે છે કે કોફીમાં કેફીન એકમાત્ર હાનિકારક તત્વ છે. કોફી પીવાના 12 થી 14 કલાક પછી પણ કેફીન શરીરમાં રહે છે અને મગજના ન્યુરોન્સને સક્રિય રાખે છે. તેથી, વધુ પડતી કોફી પીવાથી મગજની પ્રવૃત્તિ પર અસર પડે છે. ચોક્કસ સંજોગોમાં, જેમ કે પરીક્ષા પહેલાં અથવા સમયમર્યાદા પૂરી કરવા માટે, ક્યારેક-ક્યારેક રાત્રે કોફી પીવી ઠીક છે, પરંતુ સામાન્ય રીતે, સાંજે 4 વાગ્યા પછી કોફી ન પીવી જોઈએ કારણ કે સાંજના સમયે કોફી પીવી એ રાત્રિના નાસ્તામાં પણ ફેરવાઈ જાય છે તમારી ઊંઘને અસર કરે છે. પ્રોફેસર વોકર કહે છે કે જો તમારે કોફી પીવી હોય તો બજારમાં મળતી કેફીન ફ્રી કોફી પી શકો છો. પ્રોફેસર વોકર પોતે સવારે જ કોફી પીવે છે, દિવસ દરમિયાન બિલકુલ નહીં.

## કોફી ત્યારે જ ફાયદાકારક છે જ્યારે તેની માત્રા નિયંત્રિત કરવામાં આવે

જો કોફી ફાયદાકારક હોય તો તેનો અર્થ એ નથી કે તમારે દિવસમાં દસ કપ કોફી પીવી જોઈએ. વિજ્ઞાન સંશોધન પણ કહે છે કે કોફી મર્યાદિત માત્રામાં જ લાભ આપે છે. વધુ પડતી કોફી પીવાના નુકસાન અને આડઅસર તેના ફાયદાઓ કરતાં વધી જાય છે. ન્યુટ્રિશનિસ્ટ અને ડોકટરોના મતે વધુ પડતી કોફી પીવાથી ચિંતા વધી શકે છે. તે શરીરમાં વધુ પડતી ગરમીનું કારણ બની શકે છે, બ્લડ પ્રેશર વધારી શકે છે અને પાચનતંત્રને પણ બગાડી શકે છે. 'ધ અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ ન્યુટ્રિશન'માં પ્રકાશિત થયેલા એક રિસર્ચ અનુસાર, દિવસમાં 6 કપથી વધુ કોફી પીવાથી હાર્ટ રિસ્ક 22 ટકા વધી જાય છે.

## હેડ મસાજ કરવાથી માઈગ્રેનથી મળે છે રાહત, ડેસ્ક વર્કર માટે બેહદ ફાયદાકારક

# હેડ મસાજથી દૂર થાય છે તણાવ

તમારી આંખો બંધ કરો અને કોઈ સીન અંગે વિચાર કરો. તમે આખા દિવસના કામ પછી થાકી ગયા છો અને આરામદાયક ખુરશી પર બેઠા છો. બે મજબૂત હથેળીઓ તમારા માથા અને ગરદનને માલિશ કરી રહી છે. પ્રેશર પોઈન્ટ્સ તમારી ગરદનથી તમારા માથાના ઉપરના ભાગમાં હળવાશથી દબાવવામાં આવે છે. તમારા કપાળને હળવા હાથથી ટેપ કરવામાં આવી રહ્યું છે અને તમે રિલેક્સ મોડમાં છો. આ લાગણી વિશે વિચારીને જ ખૂબ સારું લાગે છે. હેડ મસાજ ખૂબ આરામ આપે છે. અમે હેડ મસાજ વિશે વાત કરી રહ્યા છીએ. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે દિવસભર થાક્યા પછી માથાનું મસાજ કરાવવું જેથી બધો થાક ઉતરી જાય. માથાનું મસાજ માત્ર આરામ આપતી નથી, પરંતુ તે આપણા સ્વાસ્થ્ય માટે પણ એટલું જ ફાયદાકારક છે. શું તમે જાણો છો કે આપણું માથું આખા શરીર સાથે જોડાયેલું છે? જ્યારે માથું સ્વસ્થ રહેશે, તો જ આપણું શરીર પણ સ્વસ્થ રહેશે. મગજ દ્વારા જ આપણે વિચારીએ છીએ, તર્ક કરીએ છીએ, શીખીએ છીએ અને વસ્તુઓ યાદ રાખીએ છીએ. આપણું મન આપણને કહે છે કે આપણા માટે શું સાચું છે અને શું ખોટું છે. પરંતુ ઘણી વખત આપણે એકસાથે ઘણી બધી બાબતોમાં એટલા ફસાઈ જઈએ છીએ કે આપણે યોગ્ય રીતે વિચારી શકતા નથી, ગભરાઈ જઈએ છીએ, વસ્તુઓ પર તણાવ અનુભવીએ છીએ અથવા સમયસર જમતા નથી. આ વસ્તુઓ છે જે માથાનો



દુખાવો કરે છે. કેટલાક લોકોમાં સતત માથાનો દુખાવો સમય જતા માઈગ્રેનનું રૂપ લઈ લે છે. જ્યારે બ્લડ ફ્લો મગજ સુધી યોગ્ય રીતે પહોંચતો નથી, તો તેનાથી બ્રેઈન સ્ટ્રોકનું જોખમ પણ રહે છે.આ બધી વસ્તુઓ ફક્ત આપણા મગજ સાથે જોડાયેલી છે. હવે તમે સમજી જ ગયા હશો કે આપણા મગજ માટે સ્વસ્થ રહેવું કેટલું જરૂરી છે.

### હેડ મસાજથી બ્લડ સર્ક્યુલેશન સુધરે છે

હેડ મસાજ મગજમાં બ્લડ સર્ક્યુલેશન વધારે છે. જ્યારે પ્રેશર પોઈન્ટ દબાવવામાં આવે છે, ત્યારે તે જગ્યાએ બ્લડ સર્ક્યુલેશન વધે છે. આમ કરવાથી વાળનો ગ્રોથ સુધરે છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિનમાં પ્રકાશિત થયેલા 2015ના અભ્યાસ મુજબ, માથા અને ગરદનના પાછળના ભાગમાં અમુક પોઈન્ટને દબાવવાથી માથાનો દુખાવો ઓછો થાય છે.

### માથાનો દુખાવો અને માઈગ્રેનમાં રાહત આપે છે

માઈગ્રેનના દુખાવાને રોકવા અને સારવાર માટે દવાઓ એ એક સામાન્ય રીત છે, પરંતુ કેટલાક સંશોધનો સૂચવે છે કે માથાની મસાજ કેટલાક લોકો માટે મદદરૂપ થઈ શકે છે. જો તમે માથાનો દુખાવો અથવા માઈગ્રેનથી પીડિત હો તો હેડ મસાજ કરવાથી દુખાવો ઓછો થઈ શકે છે. આ ખાસ કરીને એવા લોકો માટે સારા સમાચાર છે કે જેઓ માઈગ્રેનની દવાઓની આડઅસરો સાથે સંઘર્ષ કરે છે. એ જ રીતે, નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિનમાં પ્રકાશિત 2016ના અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે દરરોજ માત્ર 15 થી 25 મિનિટની હેડ મસાજથી સ્ત્રીઓનું સિસ્ટોલિક અને ડાયસ્ટોલિક બ્લડ પ્રેશર ઘટે છે.

### ઊંઘની સમસ્યા દૂર થશે અને તમને સારી ઊંઘ આવશે

ઘણા લોકો ફરિયાદ કરે છે કે તેઓ આખી રાત સૂઈ શકતા નથી. આવી સ્થિતિમાં હેડ મસાજ કરવાથી આ સમસ્યામાંથી રાહત મળી શકે છે. રાત્રે સૂતા પહેલાં ગરમ તેલની માલિશ કરવાથી સારી ઊંઘ આવે છે.

## ડાયાબિટીસમાં બ્લડ સુગર કંટ્રોલમાં રાખવું હોય તો રોટલીનો લોટ બાંધો ત્યારે તેમાં ઉમેરી દો આ વસ્તુ



### ઘઉંના લોટમાં મિક્સ કરો ચણાનો લોટ

જો ઘરમાં ડાયાબિટીસના દર્દી છે તો ઘઉંના લોટની રોટલી બનાવો ત્યારે ઘઉંના લોટની સાથે થોડો ચણાનો લોટ મિક્સ કરી દેવો. ચણાનો લોટ જે તૈયાર મળે છે તે નહીં પરંતુ કાળા ચણાને પીસી તેનો લોટ બનાવી લેવો. આ લોટને ઘઉંના લોટના સાથે મિક્સ કરીને તેનો ઉપયોગ કરવો. આ લોટની રોટલી સ્વાદિષ્ટ બને છે અને તે બ્લડ સુગરને કંટ્રોલ કરવામાં ઘણી હદે મદદ કરે છે. નિયમિત તમે આ લોટની રોટલી ખાવ છો તો અન્ય સ્વાસ્થ્ય લાભ પણ જોવા મળે છે.

### ચણાના લોટથી થતા લાભ

ચણાનો લોટ ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક સાબિત થાય છે. તેનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. તે બ્લડ સુગરને સામાન્ય રાખવામાં મદદ કરે છે. ચણા ફાઈબરથી ભરપૂર હોય છે જે બ્લડ સુગરની સાથે કોલેસ્ટ્રોલને ઘટાડવામાં પણ મદદ કરે છે. ચણાનો લોટ શરીરમાં ઈન્સ્યુલિન સ્પાઈક રોકવામાં મદદ કરે છે. ઘઉંનો લોટ અને ચણાનો લોટ મિક્સ કરીને બનાવેલી રોટલી ખાવાથી પેટ કલાકો સુધી ભરેલું રહેશે જેનાથી તમને વજન ઘટાડવામાં પણ મદદ મળશે.

# પપ્પાના મોબાઈલનો પાસવર્ડ "સોનું darling" છે



**પંચાત રસ**

**- રુપાલી દવે**

બે ભાઈબંધો અંધારામાં જતા હતા ને વાતચીતમાં રસ્તો ભૂલી ને જંગલ ના રસ્તે ચડી ગયા.અચાનક સિંહ ની ત્રાડ સંભળાતા બે માનો એક ભયભીત થઈ ગયો ને બીજાનો હાથ પકડી ઝડપથી ભાગ્યો. કેમ? પ્રશ્ન તો થાય પણ પૂછનાર ઓછા ને પંચાત કરનાર વધારે છે. વિચારશીલ વ્યક્તિ એ પૂછ્યું કે ચાલો પેલો બેરિયો હતો એટલે સિંહ ની ત્રાડ ના સંભળાઈ પણ અંધ તો બન્ને માંથી કોઈ નહતું.. આવી જ કઈક વર્તમાન સમયમાં જનતાની સ્થિતિ છે છેલ્લા બોલે એ રન આઉટ થઈ ને હાર્યા બાદ હાર ની વિશ્લેષણ કરવામાં લાગી જાય છે.રાજનીતિ કે રાજનેતા ભલે સગા બાપ ના નહિ પણ ચૂંટણી તો લોકોની સમજો. પરંતુ જેટલું રાજકારણ માં હાસ્ય રસ છે એટલું ક્યાંય નથી. સપથ સમારોહ માં પ્રથમ હરોળ માં બિરાજમાન રાજનેતા ની પત્નીઓ હાથ માં પંખા લઈને અંદરોઅંદર ગોસીપ કરતી હતી કે આજ ક્લબ માં કીટી પાર્ટી છે ને હું બફારા વચ્ચે બોરિંગ સમારંભમાં બેઠી છું શું કરું હનીબની ચૂંટણી જીત્યા એટલે.બાજુ માં બેઠેલ વિપક્ષ ના રાજનેતા ના પત્ની બોલ્યા કે અમારા તો હાર્યા ને એનો પક્ષ પણ હાર્યો છતાંય આવ્યા છીએ શું થાય? સબંધ. દુબઈ શોપિંગ નો પ્રોગ્રામ હતો કેન્સલ કરવો પડ્યો...વગેરે વગેરે વાતચીત સાંભળી ને મેઘરાજાને થયું કે પંચાત રસ માં તડકો કરું.મેઘરાજાએ વાદળા ઓને આંખ મિચકર્તા કહ્યું કે માત્ર ને માત્ર પહેલી હરોળ પરની સન્નારીઓ.. પ્રસિદ્ધ અંગ્રેજી લેખક બર્નાર્ડ શો ને એક પત્રકાર એ પૂછ્યું કે તમારા લગ્ન મેરેલીન મનરો સાથે થાય તો તમારું સંતાન બુધ્ધિ અને સુંદરતા માં અન્ય સેલિબ્રિટી ના સંતાન કરતા શ્રેષ્ઠ અને બેસ્ટ થશે...બર્નાર્ડ શૉ નો સ્વભાવ ખૂબ મજાકિયા એટલે પત્રકાર ને નજીક બોલાવી ને કીધું કે ઉલટું થયું તો મતલબ કે સંતાન ની બુદ્ધિ મેરેલીન જેવી ને દેખાવ મારા જેવો તો...'લાફ્ટર ઈઝ અ મેડિસન ઓફ ટ્રેસ' લાફીંગ ક્લબ, લાફ્ટર શો, મિમિક્રી ઓ, કોમેડી સીરીયલ,મુવીઝ, જોક્સ,કોમેડી રાઉટર વગેરે માં લોકોને વધારે રુચિ હોય છે એનું કારણ લોકોને દુ:ખ કરતા સુખ,દર્દ કરતા ખુશીઓ, રહેવું કરતા ગમવું વધારે પસંદ છે.કેમ? કેમકે એ શરીર કરતા મન અને મગજ નો મનપસંદ ખોરાક છે. આમ તો હસવું અને હસાવવું બન્ને ખૂબ મુશ્કેલ કામ છે પરંતુ હસવું એ અત્યંત જરૂરી છે. હાસ્ય ના પણ ઘણાં બધાં પ્રકાર છે પરંતુ હસવા માટે પ્રકાર જોવા નથી પડતાં એ સામન્ય જન જીવન માં બનતી અનેકો અનેક ઘટનાઓ પર આધારિત છે.માણસ ને પરિવાર અને અનેક સબંધો વચ્ચે ધબકતું હદય સમજો. એકલો ક્યારેય હોતો નથી ને એકલો દેહ છોડતી વખતે પણ હોતો નથી.

ભગવાને માણસ ને ગિફ્ટ માં જન્મતા ની સાથે જ પરિવાર આપ્યો છે ને મને મારા ફ્લેટ ની બાલ્કની માંથી દેખાતી સોસાયટી ના પરિવાર ઓની નોક જોક ને હસી મજાક જોતાજ મન ફ્રેશ થઈ જાય છે તો ચાલો ફરી એક મજાની સોસાયટી ની યાત્રા કરાવું:જય મંગલ સોસાયટી માં કૂકડો બાંગ દે ત્યારે સવાર પડતી નથી,અરે!!!બકા, ટુ બીએચકે ફ્લેટ કુકડા રાખવા ની જગા ના મળે,વળી પડોશી વેજ કે નોન વેજ ની બબાલ. હા!!!સાચી વાત ચારેય ફ્લેટ ના વચ્ચે કુકડા ને મુકયા હોય તો ચાલે પણ ચાર માંથી એક કુકડા એ સામે વાળા ફ્લેટ ના બારણે બાંગ દીધી તો..તો...સમજ ફાઈટિંગ...જય મગલ સોસાયટી માં કુકડા ને બદલે પટેલ પરિવાર ના પટલાણી કમળા દેવી નો ઢોલક જેવો અવાજ કાફી છે..D- ૫૦૪ માં સવાર પડતાં પડતાં જ એલાર્મ કલોક વાગ્યો 'મોટી મુસીબત સર્જો છો ક્યાં છો? પટેલ,શું ક્યારના બાથરૂમ માં કરો છો?મને તો લાગે છે કે મોબાઈલ પર કઈક જોતા લાગે છે? સાંભળો છો જલદી બહાર નીકળવું છે કે નહિ.10 મિનિટ માં નાં નીકળ્યા તો ગબ્બર ને સાદ પાડું છું પછી ત્યાં જવાબ આપજો'પટેલ એ અંદર થી ધીમા સુરમાં સમજાવ્યું કે વહાલી તે જ કીધું હતું કે હિરો બનીને બાથરૂમ માંથી નીકળું.તું કહેતી હોય તો આમજ નીકળું બોલ છે મજૂર....નાં બાપા મસ્ત રેડી થજો ને કાન માં લટકતા વાળ નો સફાયો ખાસ કરજો. કાલ જ મને પેલી વાયડી નાં પેટની કહેતી હતી કે તમારા હસબન્ડ નાં કાન મતલબ સસલા જેવા ને એમાં પણ લટકતા વાળ મતલબ ઉહ.. છી..કેવી રીતે સહો છો? કમળા બેન.

સાંભળો મારી વાત મે હમણાં ગેલેરી માંથી તમારા મિત્ર શાહ ભાઈને ગરબાના પંડાલ તરફ જતા જોયા. એમણે મને કીધું કે જલદી પટેલ ને નીચે મોકલો.મારે થોડું કહેવાઈ છે કે પટેલ બાથરૂમ ને સ્પા સમજી ને તૈયાર થઇ રહિયા છે. જે કરવું હોય એ જલદી કરો ને થોડો દરવાજો ખોલીને મને મોબાઈલ આપી દયો. તમારા હાથમાં મોબાઈલ હશે ત્યાં સુધી કશું કરવું તમારા માટે અશક્ય. પટેલ ભાઈ એ મોબાઈલ માં સ્પેશિયલ કોડ મૂકીને લોક કરીને પત્નીના હાથ માં થમાવી દિધો.

કમળા બેન મોબાઈલ લઈને સીધા દીકરા મોન્ટુ ના બેડરૂમ માં ગયા ત્યારે એ પણ બાપની જેમ બાથરૂમ માં મોબાઈલ સાથે વ્યસ્ત હતો. કમળા બેન પ્રેમથી દીકરા ને કહીયું કે શું કરે છે? બેટા,જલદી પેલી સિંહ કાકા ની પ્રિસીને જોવી હોઈ તો શું મસ્ત ફટકડા જેવી તૈયાર થઈ છે.એકતો રૂપાળી એમાં મેકઅપ ને ઘરેણાં,મોન્ટુડા લાલ કલરના ગાવુન માતો બિલકુલ પરી જેવી લાગે છે.એને જોઈને મારી તો આંખ જ ઠરી ગઈ.

મોન્ટુ એ કહ્યું કે મમ્મી,મોબાઈલમાં ક્યારનો એને જ જોવ છું તું ચિંતા નાં કર.તારે પપ્પા ના મોબાઈલ નું લોક ખોલવું છે ને તો એનો પાસવર્ડ 'સોનું darling' છે.. કમળા બેન,પતિદેવ નો મોબાઈલ ફોન ઓન કરવા જાય ત્યાજ સોસાયટી ના સૌથી સુંદર સોનાલિકા ઓઝા 40વર્ષની ઉમરે પણ 25વર્ષની યુવતી જેવા લાગે છે.એકતો ખૂબ ગોરા ને હસે ત્યારે એની કાળી મોટી આંખો પણ હસ્તી હોઈ એવું લાગે.એના બન્ને ગાલ માં ઊંડા ખંજન પડે ત્યારે તો બધા એને જોતાજ રહી જતા. ઓઝા પરિવાર વર્ષો પહેલા જૂનાગઢ થી અમદાવાદની વસ્ત્રાપુર સ્થિત જય મંગલ સોસાયટી માં પટેલ પરિવારની સામેના ફ્લેટમાં રહે એટલે એને કમળાબેન સાથે પાક્કી મિત્રતા છે.મોન્ટુ અને પ્રિંસી બાળપણ થી લઈને કૉલેજ માં પણ સાથેજ ભણે છે.

હકીકતમાં સોસાયટી નું મહિલા મંડળ 85 સભ્યોનું છે પરંતુ સોના ઓઝા તો બધાથી અલગ જ દેખાય.એની સુંદરતા ની સાથે સાથે એને સંગીત પણ આવડે એટલે સોસાયટી ના કાર્યક્રમ નું સંચાલન એ જ વર્ષોથી કરે છે.ટી વી પર આવતા ગુજરાતી ચેનલ પર સુરિલા સંગીત ના ત્રણ ટાઈમ ના વિનર છે.સોનાબેન ખૂબ ધીમેથી બોલે ને કમળા બેન એનાથી ઉલટું ખૂબ મોટે મોટેથી બૂમ પડતાં હોઈ એમ બોલે એટલે ઘણીવાર ઓઝા સાહેબ મજાક માં કહેતા કે સોના ની વાત સાંભળવી હોઈ તો કમળા બેન ને વચ્ચે રાખવા પડે.સોનાના ધીમા અવાજે બોલેલા શબ્દો માત્ર ને માત્ર કમળાબેન ના કાન સુધી જ પોહચી શકે છે.

આજ ના સોસાયટી ના અષ્ટમી નાં કાર્યક્રમ નું સંચાલન સોના બેન કરવાના હતા.મહિલા મંડળ ની થીમ ચણીયા ચોળી હતી.એટલે બધા બૈરા મંડળ ચણીયા ચોળી માં સજ્જ થઈને આવવું ફરજિયાત હતું.બાકી બધાનું તો બોડી ઠીકઠાક હતું પરંતુ મહેસાણા ના મધુબા ને હેવી ડાયાબિટીસ એટલે એનું શરીર પોલું થઈ ગયું હતું.એની ઉંમર પણ કમળા બેન અને સોના ઓઝા જેટલી જ હતી છતાંય સોસાયટી ના જુવાનિયા એને મધૂબા કહી બોલાવતા હતા.એનાથી એને કશો ફર્ક પડતો નહતો,બીમારીના કારણે થાક્યા હતા. ઉમર કરતા વહેલા યુવાની ગુમાવી ચૂક્યા હતા પરંતુ મીજાજ એનો કોમેડી વિથ કપિલ શો માની ગુથી જેવો હતો.પોતે પણ ખડખડાટ હસે ને અન્ય ને પણ મહેસાણાની ભાષા બોલી બોલીને હસાવ્યા કરે...ચણીયા ચોળી પહેરવાની વાત સાંભળી ને બોલ્યાં કે બુન મુને ક્યાં આ વનેચર નાં વરઘોડામાં ઘાલો, બુન શરમ આવે તમારા ડોહા ને જોઈને નવાઈ લાગશે.કહેશે કે ડૉહીને માથે ધોળાને ફટકડી બનવાના શોખ ઓણ જતાં નથ.

## ખરતા વાળ રોકવાનો અકસીર નુસખો

વાળ ખરવા એ સામાન્ય સમસ્યા બની ગઈ છે. તેનાથી છુટકારો મેળવવા માટે લોકો વિવિધ ઉપાયો અપનાવી રહ્યા છે. તેમ છતાં વાળ ખરવાનું બંધ નથી થઈ રહ્યું. જો કે, વાળ તૂટવા અને ખરવા એ જીવનશૈલી સંબંધિત સમસ્યા હોઈ શકે છે. જો તમે તમારા આહારમાં કેલ્શિયમ, વિટામિન્સ, પ્રોટીન જેવા પોષક તત્વોને સારી માત્રામાં સામેલ કરો છો, તો તમારા વાળની સમસ્યા ઓછી થઈ શકે છે.

### વાળ ખરતા કેવી રીતે અટકાવવા

1 લીટર પાણીમાં 1 ટેબલસ્પૂન મેથીના દાણા મિક્સ કરીને આખી રાત પલાળી રાખો. પછી સવારે આ બોટલનું અડધું પાણી પી લો. બાકીનું પાણી આખો દિવસ ચૂસકીને પીવો. તેનાથી તમારા વાળનો ગ્રોથ સારો થશે અને તમારા વાળ કાળા, જાડા અને લાંબા થશે.

### કેટલીક અન્ય ટિપ્સ

1- એલોવેરા જેલમાં નાળિયેરનું તેલ ભેળવીને વાળમાં લગાવવાથી તમારા વાળની વૃદ્ધિ (વાળની વૃદ્ધિ અને એલોવેરા જેલ)માં સુધારો થાય છે. આ વાળને નરમ અને જાડા રાખવામાં મદદ કરે છે.

2- આદુના 1 નાના ટુકડાનો રસ તમારા વાળના ગ્રોથ માટે સારો સાબિત થઈ શકે છે. તેમાં એલોવેરા જેલ મિક્સ કરો અને તેને વાળમાં 10 થી 15 મિનિટ સુધી લગાવો.

3- તમે તમારા વાળમાં તાજી એલોવેરા જેલ પણ લગાવી શકો છો. દસ મિનિટ લગાવ્યા બાદ વાળ ધોઈ લો. પછી જુઓ તમારા વાળ કેવી રીતે મુલાયમ બને છે.

**વાળની સંભાળની ટિપ્સ:** જો તમે તમારા આહારમાં કેલ્શિયમ, વિટામિન્સ, પ્રોટીન જેવા પોષક તત્વોને સારી માત્રામાં સામેલ કરો છો, તો તમારા વાળની સમસ્યાઓ ઓછી થઈ શકે છે.

### પાઈ-પાઈનો મોહતાજ બન્યો હતો રિઝવાન ખાન, સલમાન આવ્યો હતો મદદે

# મહામારી દરમિયાન શાહરુખના લૂક અલાઇકને ખાવાના પણ ફાંફા હતા

(એજન્સી) મુંબઇ | કોરોના મહામારીમાં સામાન્ય માણસને જ તકલીફ પડી એવું નથી પરંતુ અનેક સેલિબ્રિટીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. કોરોના મહામારીનો સમય શાહરુખ ખાનના લૂક અલાઈક રીઝવાન ખાન માટે ખૂબ જ ડરામણો હતો. ક્યાંયથી કામ મળતું ન હતું. બધી બચત પુરી થઇ ગઈ હતી. સગર્ભા પત્નીની સારવાર માટે પણ પૈસા ન હતા. પરિણામે તેમણે પોતાનું ઘર પણ વેચવું પડ્યું. પછી આ ખરાબ સમયમાં સલમાન ખાન તેમની પડખે ઉભો હતો. તેમણે લુક અલાઈક યુનિયનના તમામ સભ્યોને રાશન સાથે 2500 રૂપિયા પણ મોકલ્યા હતા. જેના કારણે થોડા દિવસ આરામથી જીવવું શક્ય બન્યું હતું. રિઝવાને 'મોહબ્બતેં' અને 'ચક દે ઈન્ડિયા' જેવી ફિલ્મોમાં શાહરુખના બોડી ડબલ તરીકે કામ કર્યું છે. આ ઉપરાંત તે શાહરુખ સાથે ઘણી એડ ફિલ્મોમાં પણ જોવા મળ્યો છે.

વેબ શો દમ બિરયાનીના હાલના એપિસોડમાં રિઝવાન ખાને સંઘર્ષના દિવસોને યાદ કર્યા હતા. તેમણે કહ્યું, 'મહામારી દરમિયાન પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે મારે મારો કેટલોક સામાન વેચવો પડ્યો કારણ કે મારી પાસે ખાવાના પૈસા પણ ન હતા.


જોકે હવે ભગવાનની કૃપાથી મારી પાસે 2 BHK ફ્લેટ છે. ત્યાં તે બધી વસ્તુઓ પણ છે જે મારે મહામારી દરમિયાન વેચવી પડી હતી. મુશ્કેલીના સમયમાં સલમાન ખાન મસીહા બનીને આવ્યો હતો. આજે પણ



હું તેમના સમર્થન માટે આભારી છું. રિઝવાને વધુમાં જણાવ્યું કે એક સમય હતો જ્યારે તે રસ્તાની બાજુમાં ગાડીઓ પર કામ કરતો હતો. પરંતુ મુંબઈ આવીને તેનું નસીબ બદલાયું હતું. રિઝવાન શાહરુખને પણ મળી ચૂક્યો છે. આ મીટિંગ વિશે તેમણે કહ્યું- હું તેમને મળવા માટે નર્વસ હતો. રાત્રે 2 વાગ્યે મને ફોન આવ્યો અને કહેવામાં આવ્યું કે મારે શાહરુખ સર સાથે શૂટિંગ કરવું છે. હું ચોંકી ગયો. તેઓ મને નામથી ઓળખતા હતા. મેં તેમની સાથે ઘણી બધી જાહેરાતો કરી છે. તેમના સ્ટાફના દરેક સભ્ય મને ઓળખે છે. રિઝવાને કહ્યું કે શાહરુખના લુક અલાઈકમાં ઘણા છે પરંતુ તે આ લિસ્ટમાં ટોપ પર છે. તેમણે કહ્યું કે તે એકમાત્ર એવો લુક અલાઈક છે

# સોનાક્ષી 23 જૂને ઝહીર ઈકબાલ સાથે લગ્ન કરશે

### શિલ્પા શેટ્ટીની રેસ્ટોરાંમાં થશે સેલિબ્રેશન, ફક્ત પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજરી આપશે



(એજન્સી) મુંબઇ | બોલિવૂડ એક્ટ્રેસ સોનાક્ષી સિન્હા તેના પાર્ટનર અને બોલિવૂડ એક્ટર ઝહીર ઈકબાલ સાથે 23 જૂને મુંબઈમાં લગ્ન કરવા જઈ રહી છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ આ લગ્નમાં ફક્ત કપલના પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજરી આપશે. આ સિવાય સોનાક્ષીની તાજેતરમાં રિલીઝ થયેલી વેબ સિરીઝ 'હીરામંડી'ની સ્ટારકાસ્ટને પણ આ લગ્નમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. સૂત્રોનું માનીએ તો સોનાક્ષીના લગ્નનું આમંત્રણ મેગેઝીનના કવરની જેમ તૈયાર કરવામાં આવશે. તેના પર



લખવામાં આવશે - 'અફવાઓ સાચી છે...' લગ્નમાં આવનાર તમામ મહેમાનોને ઔપચારિક રીતે હાજર રહેવા વિનંતી કરવામાં આવી છે. આ ઉજવણી મુંબઈમાં થઈ શકે છે. આ રેસ્ટોરાંની માલિક બોલિવૂડ અભિનેત્રી શિલ્પા શેટ્ટી છે. સોનાક્ષી અને ઝહીર લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યાં છે. જો કે અત્યાર સુધી બંનેએ આ અંગે ખુલીને વાત કરી નથી કે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. બંનેની સોશિયલ મીડિયા પોસ્ટ્સ તેમના બોન્ડને જાહેર કરે છે. તાજેતરમાં જ સોનાક્ષીના જન્મદિવસ પર પણ ઝહીરે અભિનેત્રી સાથેના ઘણા ક્યૂટ ફોટા શેર કર્યા હતા. 36 વર્ષીય ઝહીર ઈકબાલે 2019માં ફિલ્મ 'નોટબુક'થી ડેબ્યૂ કર્યું હતું. આ પછી, તે 2022 માં સોનાક્ષી સિંહા અને હુમા કુરેશી સ્ટારર 'ડબલ એક્સએલ' માં જોવા મળ્યો હતો. પોતાની 6 વર્ષની કારકિર્દીમાં ઝહીરે આ બંને ફિલ્મોમાં કામ કર્યું છે જે ફ્લોપ રહી હતી. ઝહીરના પિતા ઈકબાલ રત્નાસી પણ સલમાન ખાનના નજીકના મિત્ર છે. ઝહીરને લોન્ચ કરવામાં સલમાને પણ મદદ કરી હતી. આ પહેલા ઝહીર સલમાનના ભાઈ સોહેલની એક ફિલ્મમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર પણ હતો.

સોનાક્ષી ઉપરાંત ઝહીરનું નામ દીક્ષા સેઠ અને સના સઈદ જેવી અભિનેત્રીઓ સાથે પણ જોડાઈ ચૂક્યું છે. સોનાક્ષીના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આ દિવસોમાં તે 'હીરામંડી'ને લઈને ચર્ચામાં છે. તે ટૂંક સમયમાં 'કાકુડા' અને 'નિકિતા રોય' જેવી ફિલ્મોમાં જોવા મળશે.

### નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ અભિનંદન'

# ચૂંટણીમાં જનતાએ મજબૂત વિપક્ષને ચૂંટ્યો છે : રજનીકાંત, લોકશાહી માટે સારો સંકેત છે

(એજન્સી) મુંબઇ | નરેન્દ્ર મોદીએ ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા, શપથ ગ્રહણ સમારોહ દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયો હતો, જેમાં દેશ-વિદેશની ઘણી મોટી હસ્તીઓ હાજરી આપી હતી. શપથ ગ્રહણ સમારોહમાં શાહરૂખ ખાન, અનુપમ ખેર, અક્ષય કુમાર, રાજકુમાર હિરાનીએ પણ હાજરી આપી હતી. રજનીકાંત પણ સમારોહનો ભાગ બન્યા હતા. રજનીકાંત રવિવારે સવારે દિલ્હીથી ચેન્નાઈ જવા રવાના થયા હતા. રજનીકાંતને ચેન્નાઈ એરપોર્ટ પર પૂછવામાં આવ્યું કે જવાહરલાલ નેહરુ પછી ત્રીજી વખત વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીના શપથ લેવા અંગે તેમનું શું કહેવું છે. તેના પર રજનીકાંતે કહ્યું, 'આ એક ઐતિહાસિક ક્ષણ છે. હું નરેન્દ્ર મોદીને ત્રીજી વખત વડાપ્રધાન બનવા બદલ હૃદયપૂર્વક અભિનંદન આપું છું. રજનીકાંતે વધુમાં કહ્યું કે આ લોકસભા ચૂંટણીમાં જનતાએ મજબૂત વિપક્ષને ચૂંટ્યો છે, જે લોકશાહી માટે એક સ્વસ્થ સંકેત છે.



રજનીકાંત તાજેતરમાં આધ્યાત્મિક યાત્રા પર નીકળ્યા છે. જ્યારે તેમને ચેન્નાઈ એરપોર્ટ પર ચૂંટણી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લગતો પ્રશ્ન પૂછવામાં આવ્યો તો તેમણે જવાબ આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. તેમને પૂછવામાં આવ્યું કે શું નરેન્દ્ર મોદી આ લોકસભા ચૂંટણી જીતશે? આના પર તેણે કહ્યું હતું કે, 'કોઈ કોમેન્ટ નહીં, રાજનીતિ સાથે સંબંધિત કોઈ સવાલ ન પૂછો'.

રજનીકાંતની ફિલ્મ 'વેટ્ટૈયાન' ઓક્ટોબરમાં રિલીઝ થશે રજનીકાંત ટૂંક સમયમાં ફિલ્મ 'વેટ્ટૈયાન'માં જોવા મળવાના છે. આ ફિલ્મનું શૂટિંગ 14 મેના રોજ પૂરું થયું હતું. ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરીમાં શરૂ થયું હતું. ફેબ્રુઆરીમાં ફિલ્મનું 80 ટકા શૂટિંગ પૂર્ણ થયું હતું. રાણા દગ્ગુબાતીએ માર્ચમાં હૈદરાબાદમાં તેના ભાગનું શૂટિંગ કર્યું હતું. આ તમિલ ફિલ્મમાં રજનીકાંતની સાથે અમિતાભ બચ્ચન, ફહાદ ફાઝીલ, રાણા દગ્ગુબાતી પણ જોવા મળશે.

# થપ્પડ કાંડમાં સપોર્ટમાં આવ્યા ફિલ્મી સિતારાઓ

### એક્સ બોયફ્રેન્ડ હૃતિક રોશને પણ કર્યું રીએક્ટ, એક સમયે વિવાદને કારણે મામલો કોર્ટમાં પહોંચ્યો હતો...

(એજન્સી) મુંબઇ | 6 જૂને ચંદીગઢ એરપોર્ટ પર CISFની મહિલા કોન્સ્ટેબલે કંગના રનૌતને થપ્પડ મારી હતી. અનુપમ ખેર, શબાના આઝમી જેવા કેટલાક સેલેબ્સ સિવાય ઈન્ડસ્ટ્રીના કોઈ સ્ટારે આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી ન હતી, જો કે હવે કંગનાના એક્સ બોયફ્રેન્ડ હૃતિક રોશને પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે. જેમની સાથે કંગનાનો ક્યારેક વિવાદ પણ થયો છે. હાલમાં જ પત્રકાર ફાયે ડિસોઝાએ કંગના રનૌતના સમર્થનમાં એક પોસ્ટ શેર કરી હતી. તેમણે પોસ્ટમાં લખ્યું, 'સાંસદ કંગના રનૌતને એરપોર્ટ પર થપ્પડ મારવામાં આવી છે. હિંસા કોઈ પણ વસ્તુનો જવાબ હોઈ શકે નહીં. ખાસ કરીને એવા દેશમાં જ્યાં ગાંધીજીની અહિંસાની વિચારધારાને અનુસરવામાં આવે છે. આપણી વિચારસરણી શું છે અને કોણે શું નિવેદન આપ્યું છે તેનાથી કોઈ ફરક પડતો નથી. આપણે કોઈને હિંસાથી જવાબ આપી શકતા નથી. ફાયે આગળ લખ્યું, 'જ્યારે યુનિફોર્મમાં સુરક્ષા માટે ઊભેલી વ્યક્તિ હિંસા સાથે જવાબ આપે છે ત્યારે તે ખૂબ જ ખતરનાક છે. કલ્પના કરો જો છેલ્લા 10 વર્ષથી સરકાર સામે સવાલ ઉઠાવી રહ્યા છીએ, તો એરપોર્ટ પર એક કોન્સ્ટેબલ દ્વારા શોષણ કરવામાં આવે જેની વિચારસરણી અલગ છે. પત્રકાર ફેય ડિસોઝાની આ પોસ્ટ પર બોલિવૂડની ઘણી હસ્તીઓએ પ્રતિક્રિયા આપી છે. પ્રતિક્રિયા આપનારાઓમાં હૃતિક રોશનનું નામ પણ સામેલ છે. હૃતિક ઉપરાંત આલિયા ભટ્ટ, ભૂમિ પેડનેકર, સોની રાઝદાન, સોનાક્ષી સિંહા, એકતા કપૂર, અર્જુન કપૂરે પણ આ પોસ્ટ પર પ્રતિક્રિયા આપીને કંગનાને સમર્થન આપ્યું છે. કંગના રનૌત અને હૃતિક રોશન એક સમયે રિલેશનશિપમાં હતા. બંને 'કાઈટ્સ' અને 'ક્રિશ 3'માં સાથે જોવા મળ્યા હતા. જો કે થોડા મહિનામાં જ બંનેનું બ્રેકઅપ થઈ ગયું. 2016માં હૃતિક રોશને કંગના વિરુદ્ધ પીછો અને હેરાનગતિની ફરિયાદ નોંધાવી હતી. આ કેસ બાદ કંગનાએ હૃતિક પર કાઉન્ટર એટેક કરતા કહ્યું કે હૃતિક રોશન પોતાના અફેરને છુપાવવા માટે આ બધું કરી રહ્યો છે, જેથી તેને ડિવોર્સમાં ફાયદો મળી શકે. તે સમયે હૃતિક રોશન છૂટાછેડા લેવાનો હતો. ઘણા મહિનાઓથી ચર્ચામાં રહેલો આ કેસ અદાલતે પુરાવાના અભાવે બંધ કરી દીધો હતો. કંગનાએ કોર્ટમાં હૃતિક પર ઘણા આરોપો પણ લગાવ્યા હતા.

સુશાંત સિંહ મૃત્યુ બાદ કંગના રનૌતે પણ બોલિવૂડ ઈન્ડસ્ટ્રી અને કેમ્પ કલ્ચર વિરુદ્ધ અનેક નિવેદનો આપ્યા હતા. એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે જ્યારે તેનો હૃતિક રોશન સાથે વિવાદ ચાલી રહ્યો હતો ત્યારે જાવેદ અખ્તરે તેને ઘરે બોલાવ્યો હતો.

# કાર્તિકની 3.72 કરોડ રૂપિયાની કારને ઉંદરોએ નુકસાન પહોંચાડ્યું

### લાખો રૂપિયા ખર્ચીને સમારકામ કરાવ્યું; બે વર્ષ પહેલા ગિફ્ટમાં મળી હતી mclaren GT

(એજન્સી) મુંબઇ | બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યનની રૂ. 3.72 કરોડની લક્ઝરી કાર mclaren GTને ઉંદરોએ નુકસાન પહોંચાડ્યું હતું. એક ઈન્ટરવ્યુમાં કાર્તિકે કહ્યું કે, તેણે કાર રિપેર કરાવવા માટે લાખો રૂપિયા ખર્ચવા પડ્યા. કાર્તિકે ઈન્ટરવ્યુમાં કહ્યું, 'હું મારી બીજી કાર વધુ ચલાવું છું. McLaren GTને વધુ ચલાવતો નથી. થોડા સમય પહેલા, જ્યારે તે લાંબા સમય સુધી ગેરેજમાં હતી, ત્યારે ઉંદરોએ તેની મેટ કોતરી ખાધી હતી, જેનાથી ઘણું નુકસાન થયું હતું. મેટ સરખી કરાવવા માટે મારે લાખો રૂપિયા ખર્ચવા પડ્યા હતા'. કાર્તિકે McLaren GT ખરીદી ન હતી પરંતુ 'ભૂલ ભૂલૈયા 2' ની સફળતા પછી 2022 માં નિર્માતા ભૂષણ કુમાર દ્વારા તેને ભેટમાં આપવામાં આવી હતી. કાર્તિકે આ વર્ષે માર્ચમાં રેન્જ રોવર ખરીદી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કારની કિંમત 6 કરોડ રૂપિયા હતી.

કાર્તિકની પ્રથમ ફિલ્મે બોક્સ ઓફિસ પર સારું કલેક્શન કર્યું હતું, છતાં તેની પાસે રેડ કાર્પેટ ઈવેન્ટ્સમાં જવા માટે પોતાની કાર નહોતી. કાર્તિકે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે પહેલી બે ફિલ્મો પછી તેણે એક કાર ખરીદી હતી, તે પણ થર્ડ હેન્ડ, જેની કિંમત 60 હજાર રૂપિયા હતી. તે કારના દરવાજામાં સમસ્યા હતી, તેમ છતાં તેણે આ કાર લીધી કારણ કે કાર્તિકને ઓટોમાં, બાઈક પર અથવા લોકો પાસેથી લિફ્ટ લઈને રેડ કાર્પેટ ઈવેન્ટમાં જવાનું હતું.

જ્યાં એક સમયે કાર્તિક આર્યનને લોકો પાસેથી લિફ્ટ માંગીને અથવા થર્ડ હેન્ડ કારનો ઉપયોગ કરીને કોઈપણ ઈવેન્ટમાં જવું પડતું હતું, હવે તેની પાસે ઘણા લક્ઝરી કારનું કલેક્શન છે. જેમાં BMW, Audi, Lamborghini જેવી કારનો સમાવેશ થાય છે.

કાર્તિક આર્યનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' 14 જૂન, 2024ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મનું નિર્દેશન કબીર ખાને કર્યું છે.

આ ફિલ્મની વાર્તા મુરલીકાંત પેટકરના જીવન પર આધારિત છે. મુરલીકાંત પેટકર ભારતના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા છે, જેમણે 1970 કોમનવેલ્થ ગેમ્સમાં અને ફરીથી 1972માં જર્મનીમાં યોજાયેલી પેરાલિમ્પિક્સમાં દેશને ગૌરવ અપાવ્યું હતું.



# મલ્લિકાએ લગાવ્યો હતો આરોપ, અશ્મિતે મારું ગળું દબાવ્યું...

### જૂની ઘટના પર આખરે એક્ટરે મૌન તોડ્યું; કહ્યું, 'કોઈ ભૂલ વગર માફી માગવાનું કહેવામાં આવ્યું હતું

(એજન્સી) મુંબઇ | એક્ટર અશ્મિત પટેલે હાલમાં જ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેમણે કહ્યું કે 'મર્ડર'ના શૂટિંગ દરમિયાન એક સીન ફિલ્માવતી વખતે મલ્લિકા શેરાવતે તેના પર ખોટો આરોપ લગાવ્યો હતો. મલ્લિકાએ આરોપ લગાવ્યો હતો કે અશ્મિતે એક સીનની આડમાં જાણીજોઈને તેનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. હવે અશ્મિતે આ ઘટના પર પોતાનું મૌન તોડ્યું છે. તેમણે કહ્યું કે મલ્લિકાએ તેમના પર ખોટા આરોપો લગાવ્યા છે. તેમને કોઈપણ ભૂલ વગર માફી માગવાનું પણ કહેવામાં આવ્યું હતું. પરંતુ તેમણે માફી ન માગી કારણ કે પાછળથી બધાએ કેમેરામાં સત્ય જોયું.

જોકે, આ પછી પણ અશ્મિતે ખોટા આરોપનો



ભોગ બનવું પડ્યું હતું. તેમને કોઈ મોટા પ્રમોશન માટે મોકલવામાં આવ્યો ન હતો. પરિણામે મલ્લિકાને ફિલ્મની સફળતાનો વધુ શ્રેય મળ્યો હતો.

સિદ્ધાર્થ કાનનને આપેલા એક ઈન્ટરવ્યૂમાં અશ્મિત પટેલે ફિલ્મ 'મર્ડર'ના સેટની વાર્તાઓ શેર કરી હતી. તેણે કહ્યું- મેં ફિલ્મમાં મલ્લિકાના પતિનો રોલ કર્યો હતો. વાર્તા મુજબ મારા રોલ અને મલ્લિકા વચ્ચે હંમેશા અણબનાવ રહેતો હતો. સ્ક્રીન પર અમારા બોન્ડિંગમાં એ ટેન્શન દેખાતું હતું, એટલે જ હું રિયલ લાઈફમાં પણ મલ્લિકાથી દૂર રહેતો હતો. એક-બે વાર મલ્લિકાએ અસલી જીવનમાં અમારી વચ્ચેબધું બરાબર કરવાનો પ્રયત્ન કર્યો પણ મેં એવું થવા દીધું નહીં.

# ઝહીર ઈકબાલે લેડીલવ સોનાક્ષી પહેલાં બે એક્ટ્રેસિસને કર્યુ ડેટ, આવો જાણીએ...

### કોણ છે શત્રુઘ્ન સિંહાનો ભાવિ જમાઈ?, ભાઈજાને બોલિવૂડમાં લોન્ચ કર્યો

(એજન્સી) મુંબઇ | બોલિવૂડ એક્ટ્રેસ સોનાક્ષી સિંહા અને બોલિવૂડ એક્ટર ઝહીર ઈકબાલ સાથે 23 જૂને મુંબઈમાં લગ્ન કરવા જઈ રહ્યાં છે. બંને બંને વચ્ચે લાંબા સમયથી અફેર ચાલતું હતું. લગ્નમાં ફક્ત કપલના પરિવારના સભ્યો અને નજીકના મિત્રો જ હાજરી આપશે.

અત્યાર સુધી આ અટકળો પર સોનાક્ષી, ઝહીર અને તેમના પરિવાર તરફથી આ રિએક્શન આપવામાં નથી આવ્યું. સોનાક્ષી અને ઝહીર છેલ્લા 4-5 વર્ષથી એકબીજાને ડેટ કરી રહ્યા છે. ભલે તે બંને સાથે હેંગઆઉટ અને પાર્ટી કરતા જોવા મળે છે, પરંતુ તેઓએ ક્યારેય જાહેરમાં તેમના સંબંધોને સ્વીકાર્યા નથી. બંને હંમેશા મીડિયા સામે એકબીજાને માત્ર મિત્ર કહેતા હતા.

6 જૂને 2022ના રોજ ઝહીરે સો.મીડિયામાં લેડીલવને જન્મદિવસની શુભેચ્છા પાઠવતો વીડિયો શેર કરીને આઈ લવ યુ કહ્યું હતું. સોનાક્ષીએ પણ કમેન્ટમાં સામે આઈ લવ યુ કહ્યું હતું.

ઝહીર ઈકબાલનો જન્મ 10 ડિસેમ્બર, 1988માં મુંબઈમાં થયો છે. તેનું પૂરું નામ ઝહીર ઈકબાલ રતનસી છે. ઝહીરે મુંબઈની સ્કોટિશ સ્કૂલમાં અભ્યાસ કર્યો હતો, જ્યાં રણબીર કપૂર તેનો સિનિયર હતો. ઝહીરના પિતા ઈકબાલ રતનસી જ્વેલર અને બિઝનેસમેન છે અને સલમાન ખાનના સારા મિત્ર છે. આ જ કારણ છે કે બોલિવૂડમાં સ્થાન બનાવવા માટે ઝહીરને સલમાનનો પીઠબળ મળ્યો છે.ઝહીર જ્વેલર્સ પરિવારમાંથી આવે છે. પિતા ઈકબાલ રત્નાસી બોલિવૂડ એક્ટર સલમાન ખાનના મિત્ર છે.

સલમાન ખાને ઝહીરને બહેનના લગ્નમાં પર્ફોર્મ કરતો જોયો હતો. એ સમયે એક્ટરે ઝહીરને બોલિવૂડમાં લૉન્ચ કરવાનું નક્કી કર્યું હતું. ઝહીરે 2014માં સોહેલ સાથે આસિસ્ટન્ટ તરીકે કામ કર્યું હતું. 2019માં સલમાન ખાને ફિલ્મ 'નોટબુક'થી ઝહીરને લૉન્ચ કર્યો છે. આ ફિલ્મ હોલિવૂડની 'ટીચર્સ ડાયરી'માંથી પ્રેરિત હતી. 15 કરોડમાં બનેલી આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ફ્લોપ રહી હતી. સોનાક્ષી પહેલાં ઝહીરનું નામ 2014માં આવેલી ફિલ્મ 'લેકર હમ દીવાના દિલ'ની એક્ટ્રેસ દીક્ષા સેઠ સાથે જોડાયું હતું. જોકે દીક્ષા કે ઝહીરે પોતાના સંબંધો અંગે કોઈ વાત કરી નહોતી. દીક્ષા બાદ ઝહીરનું નામ સના સઈદ સાથે પણ ચર્ચાયું હતું. સનાએ 'સ્ટુડન્ટ ઑફ ધ યર 2'માં કામ કર્યું હતું. સોનાક્ષી તથા ઝહીરની પહેલી મુલાકાત સલમાન ખાને કરાવી હતી. બંને વચ્ચે મિત્રતા થઈ અને પછી બંને એકબીજાના પ્રેમમાં પડ્યાં હતાં.

# કાર્તિક આર્યન કારકિર્દી ખતમ થઇ જવાના ડરથી પરેશાન...

### આઉટસાઈડરના ટેગ પર અભિનેતાએ કહ્યું, ઈન્ડસ્ટ્રીમાં કોઈનું સમર્થન નથી મળ્યું...




(એજન્સી) મુંબઇ | કાર્તિક આર્યન એક એવો અભિનેતા છે જે કોઈપણ ફિલ્મી બેકગ્રાઉન્ડ વગર ઈન્ડસ્ટ્રીમાં પોતાની એક અલગ ઓળખ બનાવવામાં સફળ રહ્યો છે. કાર્તિકની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' રિલીઝ થવાની છે. તાજેતરમાં, એક ઈન્ટરવ્યુ દરમિયાન, અભિનેતાએ બહારના ટેગ વિશે વાત કરી. તેણે કહ્યું- બહારના વ્યક્તિ હોવાને કારણે હંમેશા એવો ડર રહે છે કે છેલ્લો શુક્રવાર ન હોય. ઈન્ડસ્ટ્રીમાં કોઈનો સપોર્ટ મળ્યો નથી. કાર્તિક આર્યનએ કહ્યું, 'મારા માટે બધું સરખું છે. કેટલીક ફિલ્મો સફળ અને કેટલીક નિષ્ફળ. હું હજુ પણ બહારનો છું. આ વાત હંમેશા મારા મગજમાં રહે છે. આ એક માનસિકતા બની ગઈ છે જે મારી સાથે કાયમ રહેવાની છે. કારકિર્દી અચાનક સમાપ્ત થવાનો ભય છે. મારા મનમાં હંમેશા આ વિચાર રહે છે કે કદાચ છેલ્લો શુક્રવાર ન હોય'. અભિનેતા હંમેશા ઈન્ડસ્ટ્રીમાં તેના બેકઅપના અભાવ વિશે જાગૃત છે. તે કહે છે, હું દરેક પ્રોજેક્ટ માટે સખત મહેનત કરું છું. કારણ કે આ ડર હંમેશા મારા મનમાં રહે છે કે કદાચ મને બીજી કે ત્રીજી તક ન મળે. હું ઘણીવાર બહારના વ્યક્તિ હોવાના અને ઉદ્યોગના કોઈપણ શિબિરનો ભાગ ન હોવાના પ્રશ્નનો સામનો કરું છું. પરંતુ મને એ વાતનો ગર્વ છે કે મેં મારી પોતાની મહેનતથી મારી છાપ ઉભી કરી છે'. કાર્તિક આર્યનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ચંદુ ચેમ્પિયન' 14 જૂન 2024ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. જ્યારથી આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું છે. અભિનેતાના ખૂબ વખાણ થઈ રહ્યા છે.

આ ફિલ્મ ગોલ્ડ મેડલિસ્ટ મુરલીકાંત પેટકરની બાયોપિક છે. જેમણે 1970ની કોમનવેલ્થ ગેમ્સ અને ત્યારબાદ 1972માં જર્મનીમાં યોજાયેલી પેરાલિમ્પિક્સમાં દેશનું નામ ગૌરવ અપાવ્યું હતું. આ ફિલ્મમાં કાર્તિક આર્યન મુરલીકાંત પેટકરની ભૂમિકા ભજવી રહ્યો છે. આ ફિલ્મનું નિર્દેશન કબીર ખાને કર્યું છે.

# T20માં ભારતે પાકિસ્તાન સામે અદભુત રેકોર્ડ્સ બનાવ્યા




## પંડ્યા પાક. સામે સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય

(એજન્સી) ન્યૂયોર્ક | તા 10

T20 વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાન સામે 6 રને રોમાંચક વિજય નોંધાવ્યો હતો. ટૉસ હાર્યા બાદ બેટિંગ કરતા ટીમ ઈન્ડિયાએ ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટી ક્રિકેટ સ્ટેડિયમમાં 119 રન બનાવ્યા હતા. જવાબમાં પાકિસ્તાનની ટીમ 20 ઓવરમાં 7 વિકેટે 113 રન જ બનાવી શકી હતી.

આ મેચમાં ટીમ ઈન્ડિયાએ T20 ઈન્ટરનેશનલમાં પોતાના સૌથી લોએસ્ટ સ્કોરનો ડિફેન્ડ કર્યો હતો. 2016માં ટીમ ઈન્ડિયાએ હરારેમાં ઝિમ્બાબ્વે સામે 138 રનનો ડિફેન્ડ કર્યો હતો. ભારતીય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા પાકિસ્તાન સામે સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય બોલર બની ગયો છે. ભારત-પાકિસ્તાન મેચમાં બન્યા 6 રેકોર્ડ.1. ભારતે તેના સૌથી નાના ટાર્ગેટને ડિફેન્ડ કર્યો ભારતીય ટીમે T20 ક્રિકેટમાં પોતાના સૌથી લોએસ્ટ સ્કોરનો ડિફેન્ડ કર્યો છે. ટીમે પ્રથમ દાવમાં 119 રન બનાવ્યા અને પાકિસ્તાનને 120 રનનો ટાર્ગેટ આપ્યો અને જીત મેળવી. ભારતે 2016માં હરારેમાં ઝિમ્બાબ્વે સામે 138 રનનો સફળતાપૂર્વક ડિફેન્ડ કર્યો હતો. ટીમે ઝિમ્બાબ્વેને 139 રનનો ટાર્ગેટ આપીને લક્ષ્ય સુધી પહોંચતા રોકી હતી.

### T20 વર્લ્ડ કપમાં બીજી વખત સૌથી ઓછો સ્કોર ડિફેન્ડ કર્યો

T20 વર્લ્ડ કપમાં બીજી વખત 119 રન કે તેથી ઓછા સ્કોરને ડિફેન્ડ કર્યો હતો. ભારતીય ટીમે પાકિસ્તાન સામે આપેલા 120 રનના ટાર્ગેટને ડિફેન્ડ કર્યો હતો. શ્રીલંકાએ 2014 વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડ સામે આપેલા 120 રનના ટાર્ગેટનો ડિફેન્ડ કર્યો છે. આ મેચ ચિત્તાગોંગમાં થઈ હતી. શ્રીલંકાએ તે વર્ષે વર્લ્ડ કપ પણ જીત્યો હતો. પાકિસ્તાન સામે ભારત પ્રથમ વખત ઓલઆઉટ T-20 ઈન્ટરનેશનલમાં ભારત પ્રથમ વખત પાકિસ્તાન સામે ઓલઆઉટ થયું હતું. એટલું જ નહીં, ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાન સામે T20માં સૌથી ઓછો સ્કોર બનાવ્યો. આમ છતાં ટીમ જીતી ગઈ. આ પહેલાં ટીમે વર્ષ 2012માં સૌથી ઓછો સ્કોર બનાવ્યો હતો. ત્યારપછી ભારતીય ટીમે પાકિસ્તાન સામે બેંગલુરુના મેદાન પર 9 વિકેટે 133 રન બનાવ્યા હતા, પરંતુ ત્યારે ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો.

### T20 વર્લ્ડ કપમાં પહેલીવાર શાહીનનો પ્રથમ ઓવરમાં સિક્સર ફટકારી

મેચની પહેલી જ ઓવરમાં રોહિત શર્માએ શાહીન આફ્રિદી સામે સિક્સર ફટકારી હતી. T20 વર્લ્ડ કપમાં પહેલીવાર જ્યારે શાહીન આફ્રિદી પહેલી ઓવર લઈને આવ્યો ત્યારે તેણે સિક્સર ફટકારી હતી. જ્યારે પણ શાહીન વર્લ્ડ કપની 14 મેચમાં પ્રથમ ઓવર નાખે છે ત્યારે અન્ય કોઈ બેટર તેને સિક્સર ફટકારી શક્યો ન હતો. પાકિસ્તાન બીજા સૌથી ઓછા સ્કોરનો ચેઝ કરી શક્યું નહીં પાકિસ્તાન ક્રિકેટ ટીમ બીજા સૌથી ઓછા સ્કોરનો ચેઝ કરી શકી ન હતી. ભારતે 120 રનનો ટાર્ગેટ આપ્યો હતો, પરંતુ પાકિસ્તાન 113 રન જ બનાવી શક્યું હતું. આ રેકોર્ડમાં ઝિમ્બાબ્વે ટોપ પર છે. વર્ષ 2021માં ઝિમ્બાબ્વેએ પાકિસ્તાન સામે 119 રનના ટાર્ગેટનો ડિફેન્ડ કર્યો હતો. ટીમનો ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા T20 ક્રિકેટમાં પાકિસ્તાન સામે સૌથી વધુ વિકેટ લેનારો ખેલાડી બની ગયો છે. તેણે ભુવનેશ્વર કુમારને પાછળ છોડી દીધો.

## 'તેલ લગાઓ ડાબર કા, વિકેટ લેલો બાબર કા':પંતે કહ્યું-આપણા ચાહકોએ નવા-નવા નેરેટિવ્સ સ્ટાર્ટ કર્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 10

ભારતીય ટીમ ફરી એકવાર પાકિસ્તાન સાથે રમવા માટે તૈયાર છે. આ પહેલાં ટીમ ઈન્ડિયાના વિકેટકીપર બેટર રિષભ પંતનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. હકીકતમાં વાઈરલ થઈ રહેલો વીડિયો ઈન્ડિયા ટીવીના ફેમસ શો 'આપ કી અદાલત'નો છે. દેશના દિગ્ગજ પત્રકાર રજત શર્માએ આ શોમાં તેમનો ખાસ ઈન્ટરવ્યૂ લીધો હતો. આ દરમિયાન તેણે તેમને પૂછ્યું, 'છેલ્લી વખતે જ્યારે ભારત-પાકિસ્તાન મેચ થઈ રહી હતી ત્યારે લોકો 'તેલ લગાઓ ડાબર કા, વિકેટ લેલો બાબર કા' જેવા નારા લગાવી રહ્યા હતા.

પત્રકારના આ સવાલનો યુવા ક્રિકેટરે ખૂબ જ મજાકિયા અંદાજમાં જવાબ આપ્યો. તેણે કહ્યું, 'સાહેબ, હું આ જ કહેવા માગુ છું. જો આપણે તેને એક ખેલાડી તરીકે જોઈએ તો તે પણ પોતાના દેશ માટે ખૂબ મહેનત કરે છે. એવું નથી કે તે મજાક કરી કરી રહ્યો છે. વાતચીતને આગળ વધારતા તેણે કહ્યું, 'જેમ આપણા ફેન્સ આવા નવા નવા નેરેટિવ્સ શરૂ કરે છે. જેમ તમે કહ્યું કે 'તેલ લગાઓ ડાબર કા, વિકેટ લેલો બાબર કા'. મને લાગે છે કે આ બધી બાબતો ક્રિકેટને વધુ રસપ્રદ બનાવે છે. ઈજા બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કમબેક કરનાર રિષભ પંત મેદાનમાં સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે. આયર્લેન્ડ સામે ત્રીજા નંબર પર બેટિંગ કરતી વખતે તેણે બ્લુ ટીમ માટે મેચ વિનિંગ ઈનિંગ્સ રમી હતી. ટીમ માટે તેણે આયરિશ ટીમ સામે કુલ 26 બોલનો સામનો કર્યો હતો. દરમિયાન, તે 138.46ના સ્ટ્રાઈક રેટથી 36 અણનમ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે 3 ફોર અને 2 શાનદાર સિક્સર ફટકારી હતી.



### ક્રિસ ગેલે ભારત-પાક.ફ્લેગવાળો સૂટ પહેર્યો

T20 વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈવોલ્ટેજ મેચ જોવા માટે ઘણા દિગ્ગજ ખેલાડીઓ ન્યૂયોર્ક પહોંચી ગયા છે. આ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝનો પૂર્વ ખેલાડી ક્રિસ ગેલ ખાસ સૂટમાં જોવા મળ્યો હતો. તેણે ભારત અને પાકિસ્તાનના ઝંડા સાથેનો સૂટ પહેર્યો હતો. T20 વર્લ્ડ કપમાં ભારત-પાકિસ્તાન મેચની જે ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આવી ગયો છે. બંને ટીમો 8મી વખત ન્યૂયોર્કમાં આમને-સામને છે. આ મેચ જોવા માટે હજારો ચાહકો પહોંચ્યા હતા. ક્રિકેટની સૌથી મોટી હરીફાઈનો લાઈવ અનુભવ કરવા માટે નાસાઉ કાઉન્ટી સ્ટેડિયમમાં ઘણા મોટા ક્રિકેટ સ્ટાર્સ પણ હાજર છે. T20ના સૌથી સફળ ખેલાડીઓમાંથી એક વેસ્ટ ઈન્ડિઝનો ક્રિસ ગેલ પણ આ મેચનો આનંદ લેવા સ્ટેડિયમ પહોંચ્યો હતો. આ દરમિયાન તેણે ભારત અને પાકિસ્તાનના રાષ્ટ્રધ્વજ સાથેનો સૂટ પહેરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

## ન્યૂયોર્કની પિચ પર રમવું આટલું મુશ્કેલ કેમ?

(એજન્સી) ન્યૂયોર્ક | તા 10




5 મેચ, 10 ઈનિંગ્સ અને સરેરાશ સ્કોર માત્ર 105 રન. આ છે ન્યૂયોર્કના નાસાઉ કાઉન્ટી સ્ટેડિયમની પિચની હાલત જે T20 વર્લ્ડ કપનું આયોજન કરી રહ્યું છે. અહીં રવિવારે માત્ર 119 રન બનાવવા છતાં ભારતે પાકિસ્તાન સામેની મેચ 6 રને જીતી લીધી હતી. ન્યૂયોર્કમાં અત્યાર સુધી બોલરો માટે ઘણી મદદ અને બેટર્સ માટે ખતરનાક ઉછાળો જોવા મળ્યો છે.

હવે ન્યૂયોર્કના આંકડાઓની મેમાં સમાપ્ત થયેલી IPL સાથે સરખામણી કરો. IPLની છેલ્લી સિઝનમાં દરેક ઈનિંગમાં 180 રનની એવરેજ બની રહી હતી. તો છેલ્લી એવી કઈ બાબત છે જેના કારણે ન્યૂયોર્કની પિચો બેટર્સ માટે કબ્રસ્તાન સાબિત થઈ રહી છે? તૈયારી માટે ઓછો સમય મળ્યો

ન્યૂયોર્કના નાસાઉ સ્ટેડિયમમાં ડ્રોપ-ઈન પિચ લગાવવામાં આવી છે. જે 5 મહિના પહેલાં જ ઓસ્ટ્રેલિયાથી અમેરિકા લાવવામાં આવી હતી. પિચ ફ્લોરિડામાં રાખવામાં આવી હતી અને એપ્રિલમાં જ ન્યૂયોર્ક પહોંચી હતી. ડ્રોપ-ઈન પિચને મેચ માટે તૈયાર થવામાં લગભગ 9 મહિના લાગે છે. જ્યાં તેનો ઉપયોગ કરવાનો હોય છે, તેમાં પણ 3 થી 4 મહિનાનો સમય લાગે છે.મુખ્ય પિચ ક્યુરેટર ડેમિયન હોગે કહ્યું કે નાસાઉમાં પિચના ઘણા ભાગો પર ઘાસ ઉગી ગયું છે. ઘાસને સ્થાયી થવાનો સમય મળ્યો નથી, જેના કારણે અસમાન વૃદ્ધિ જોવા મળી રહી છે. ન્યૂયોર્કના ઠંડા વાતાવરણને કારણે અહીં બોલરોને વધુ મદદ મળી રહી છે. સવારે રમાનારી મેચને કારણે પિચ પર ભેજ છે, જેના કારણે બોલની ઘણી હિલચાલ થઈ રહી છે. ભારત-પાકિસ્તાન મેચ પહેલા ઘાસ કાપવામાં આવ્યું હતું, જેના કારણે પિચ પર અસમાન ઉછાળો ઓછો થયો હતો. આ હોવા છતાં, શોટ મેકિંગમાં સમસ્યાઓ રહી.

## હાર બાદ ભડક્યો બાબર, આ ખેલાડીઓને ઠેરવ્યા જવાબદાર

(એજન્સી) ન્યૂયોર્ક | તા 10



ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી મેચમાં ટીમ ઈન્ડિયાનો વિજય થયો હતો. ભારતીય ટીમે પાકિસ્તાન સામેની આ મેચમાં 06 રને જીત મેળવી હતી. આ સાથે પાકિસ્તાનની ટીમ વર્લ્ડકપ 2024માંથી બહાર થવાની ખૂબ જ નજીક લાગી રહી છે.

તેણે અહીંથી બાકીની તમામ મેચ જીતવી પડશે. પાકિસ્તાનની હાર બાદ ટીમનો કેપ્ટન બાબર આઝમ ઘણો નિરાશ જોવા મળ્યો હતો. મેચ હાર્યા બાદ તેણે ઘણા મોટા નિવેદનો આપ્યા છે. હાર બાદ બાબરે શું કહ્યું? પાકિસ્તાનની હાર બાદ બાબર આઝમે કહ્યું કે મને લાગે છે કે ભારતે 10 ઓવર પછી સારી બોલિંગ કરી. અમે 120 રનનો પીછો કરી રહ્યા હતા, અમે પ્રથમ 10 ઓવરમાં એક બોલમાં એક રન બનાવી રહ્યા હતા, પરંતુ બાદમાં અમારી સતત વિકેટો ગુમાવી અને દબાણમાં આવી ગયા હતા. જ્યારે બાબરને તેની યોજના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે યોજના સરળ હતી, સામાન્ય રીતે રમો, સ્ટ્રાઈક ફેરવો, ઓવર દીઠ 5-6 રન બનાવો, પરંતુ 10 ઓવર બાદ ભારતે ઘણા ડોટ બોલ ફેંક્યા અને અમાર પર દબાણ વધી ગયુ. તેણે વધુમાં કહ્યું કે લોઅર ઓર્ડરના બેટ્સમેનો પાસેથી વધુ પડતી અપેક્ષા રાખી શકાય નહીં. અમે પ્રથમ છ ઓવરમાં સારું પ્રદર્શન કર્યું ન હતું, અમે 40-45 રનનો લક્ષ્યાંક રાખ્યો હતો.

## મેચ હાર્યા બાદ રડવા લાગ્યો પાકિસ્તાની પ્લેયર નસીમ: ટોસ વખતે રોહિત શર્મા સિક્કો ભૂલી ગયો


(એજન્સી) ન્યૂયોર્ક | તા 10




T-20 વર્લ્ડ કપ અને ભારત અને પાકિસ્તાન વચ્ચેની શાનદાર મેચ. ક્રિકેટ ચાહકોની રાહ પુરી થઈ છે અને તેઓએ ફરી એકવાર બંને દેશો વચ્ચેની હાઈવોલ્ટેજ મેચ જોઈ. નાસાઉ ઈન્ટરનેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર ભારતે પાકિસ્તાનને 119 રન બનાવવા ન દીધા. પાકિસ્તાનની હાર બાદ ફાસ્ટ બોલર નસીમ શાહ પોતાની ભાવનાઓને કાબુમાં રાખી શક્યો નહીં અને રડવા લાગ્યો સચિન તેંડુલકર અને ક્રિસ ગેલ જેવા મહાન ખેલાડીઓ પણ આ મેચ જોવા આવ્યા હતા. સ્ટેડિયમ ભારત અને પાકિસ્તાનના ચાહકોથી ભરેલું હતું. આ મેચમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા હતા. ઘણા કેચ ચૂકી ગયા, ઘણા કેચ થયા. ક્યારેક બોલર બેટર સાથે ટકરાતો હતો તો ક્યારેક ફિલ્ડરે કમાલ બતાવી. ભારત-પાકિસ્તાન મેચની 15 મોમેન્ટ્સ... વેસ્ટ ઈન્ડિઝનો પૂર્વ ઓપનર ક્રિસ ગેલ નાસાઉ સ્ટેડિયમ પહોંચ્યો હતો. ગેલનો લુક એકદમ સ્ટાઈલિશ હતો. તેણે ખાસ ભારત-પાકિસ્તાન બ્લેઝર પહેર્યું હતું. બ્લેઝર પર બંને દેશોના રાષ્ટ્રધ્વજના રંગો હતા. ગેલ પ્રેક્ટિસ કરી રહેલા ભારતીય અને પાકિસ્તાની ખેલાડીઓને મળ્યો અને તેના બ્લેઝર પર તેમના હસ્તાક્ષર લીધા. કોહલી, બાબર આઝમ જેવા ખેલાડીઓ સામેલ હતા. મેચ પહેલા નાસાઉ સ્ટેડિયમ ઉપર એક વિમાન ઉડતું જોવા મળ્યું હતું. તેના પર એક બેનર લટકતું હતું, જેના પર લખ્યું હતું- ઈમરાન ખાનને મુક્ત કરો. પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન ગયા વર્ષે ઓગસ્ટથી જેલમાં છે. તેમના પર તોશાખાના કેસમાં ભ્રષ્ટાચારનો આરોપ છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં યોજાયેલી સામાન્ય ચૂંટણી પહેલા ઈમરાનને 3 કેસમાં 31 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

## કાર્લોસ અલ્કારાઝ પ્રથમ વખત ફ્રેન્ચ ઓપન જીત્યો

(એજન્સી) સ્પેન | તા 10



સ્પેનના કાર્લોસ અલ્કારાઝે રવિવારે એલેક્ઝાંડર ઝવેરેવને 6-3, 2-6, 5-7, 6-1, 6-2થી હરાવીને તેની પ્રથમ ફ્રેન્ચ ઓપન જીતી હતી. આ તેનું ત્રીજું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ હતું. આ જીતમાં તે સેમિફાઈનલની જેમ જ બે સેટથી એકથી પાછળ રહી ગયો હતો. અલ્કારાઝે ક્લે કોર્ટ ગ્રાન્ડ સ્લેમ પણ જીત્યો હતો. અગાઉ, તેણે 2022માં યુએસ ઓપનમાં હાર્ડ કોર્ટ પર અને 2023માં વિમ્બલ્ડનમાં ગ્રાસ કોર્ટ પર તેના છેલ્લા 2 ગ્રાન્ડ સ્લેમ જીત્યા હતા. અલ્કારાઝ હવે ગ્રાન્ડ સ્લેમ ફાઈનલમાં 3-0થી આગળ છે. તેણે તમામ ફાઈનલ જીતી છે. બીજી તરફ, ઝવેરેવ બંને મુખ્ય ટાઈટલ મેચની ફાઈનલમાં હારી ગયો.

સ્પેનિશ દિગ્ગજ નડાલનો રેકોર્ડ તૂટ્યો 21 વર્ષીય અલ્કારાઝે તેના દેશબંધુ ટેનિસ દિગ્ગજ રાફેલ નડાલનો રેકોર્ડ તોડ્યો છે. અલ્કારાઝે હવે નડાલને પછાડીને ત્રણ સપાટી (ઘાસ, સખત, માટી) પર ગ્રાન્ડ સ્લેમ જીતનાર સૌથી યુવા ખેલાડી બની ગયો છે. નડાલે જ્યારે આ સિદ્ધિ હાંસલ કરી ત્યારે તે અલ્કારેઝ કરતા લગભગ દોઢ વર્ષ મોટો હતો. પહેલા 2-1થી પાછળ રહી, પછી કમબેક કર્યું ત્રીજો સેટ હાર્યા બાદ અને એકથી બે સેટ પાછળ પડ્યા બાદ પણ અલ્કારાઝે ગભરાયો નહીં. તેણે ચોથા સેટમાં પણ ઝડપી દોડ લગાવી અને પછી તેની ગતિ જાળવી રાખી. કોર્ટ ફિલિપ ચેટ્રિઅર ખાતે ચાર કલાક અને 19 મિનિટ સુધી ચાલેલી મેચમાં અલ્કારાઝે 56 વિનિંગ શોટ ફટકાર્યા હતા. અલ્કારાઝે ચોથો સેટ જીત્યો હતો.

## શું પાકિસ્તાન વર્લ્ડ કપમાંથી બહાર ફેંકાયું?:જો અમેરિકા એક પણ મેચ જીતી જાય

(એજન્સી) કરાંચી | તા 10




પાકિસ્તાનને જેનો ડર હતો તે જ થયું. અમેરિકા બાદ ભારતે પણ તેને ગ્રુપ સ્ટેજમાં હરાવ્યું હતું. સતત બે હારના કારણે પાકિસ્તાનની T20 વર્લ્ડ કપના આગામી રાઉન્ડમાં પહોંચવાની આશા લગભગ સમાપ્ત થઈ ગઈ છે. હવે ટીમની બાકીની આશાઓ આયર્લેન્ડ અને ભારત પર ટકેલી છે. જો આમાંથી કોઈપણ ટીમ અમેરિકા સામે હારે છે તો બાબર આઝમની ટીમને પહેલા રાઉન્ડથી જ ઘરે પરત ફરવાની ટિકિટ મળશે. પાકિસ્તાન બહાર થાય તો નવાઈ કેમ લાગે? કારણ કે પાકિસ્તાન એવી ટીમ છે જેણે T20 વર્લ્ડ કપમાં સૌથી વધુ 6 વખત નોકઆઉટ રાઉન્ડ માટે ક્વોલિફાય કર્યું છે. ભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ કરતાં વધુ. પાકિસ્તાન 2007 થી અત્યાર સુધી 3 ફાઈનલ રમ્યું છે. ટીમ 2009માં ચેમ્પિયન બની હતી, જ્યારે 2007 અને 2022માં રનર્સઅપ રહી હતી. પાકિસ્તાને 2 ICC ODI ટુર્નામેન્ટ પણ જીતી છે. ભારત સામે હાર્યા બાદ પાકિસ્તાનની મુશ્કેલીઓ કેવી રીતે વધી? પાકિસ્તાનને પ્રથમ મેચમાં અમેરિકાએ હરાવ્યું હતું. અમેરિકન ટીમે સુપર ઓવરમાં મેચ જીતી લીધી હતી. તે જ સમયે, ભારતે ન્યૂયોર્કના મેદાન પર 119 રન બનાવવા છતાં પાકિસ્તાન પર 6 રને વિજય હાંસલ કર્યો હતો. રવિવારના પરિણામ સાથે, ભારત પ્રથમ સ્થાને પહોંચી ગયું છે અને અમેરિકા ગ્રુપ A ના પોઈન્ટ ટેબલમાં બીજા સ્થાને પહોંચી ગયું છે. બંનેના 4-4 પોઈન્ટ છે. 2 મેચ બાદ પણ પાકિસ્તાનનો કોઈ પોઈન્ટ નથી, ટીમ ચોથા સ્થાને છે. પાકિસ્તાન હવે તેની છેલ્લી 2 ગ્રુપ મેચ કેનેડા અને આયર્લેન્ડ સામે રમશે.

**આયર્લેન્ડ પણ ફરક પાડી શકે છે :** આયર્લેન્ડે ગત મહિને T20માં પાકિસ્તાનને 5 વિકેટે હરાવ્યું હતું. આયર્લેન્ડે પણ 2007ના ODI વર્લ્ડ કપમાં પાકિસ્તાનને હરાવીને અપસેટ સર્જ્યો છે. ટીમે ગત T20 વર્લ્ડ કપમાં ગ્રુપ સ્ટેજમાં ચેમ્પિયન ઈંગ્લેન્ડને હરાવવાની સિદ્ધિ પણ હાંસલ કરી હતી. આટલું જ નહીં આયર્લેન્ડનું નામ મોટી ટીમને હરાવવા સાથે જોડાયેલું છે. ઈંગ્લેન્ડની સાથે ટીમે T20 વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ, બાંગ્લાદેશ અને ઝિમ્બાબ્વે જેવી ટોચની ટીમને પણ હરાવી હતી. બીજી તરફ, પાકિસ્તાન છેલ્લા 2 વર્લ્ડ કપમાં અમેરિકા અને ઝિમ્બાબ્વે જેવી નાની ટીમ સામે હારી ચૂક્યું છે. એટલે કે પાકિસ્તાનની ટીમ આયર્લેન્ડને હળવાશથી ન લઈ શકે.

**કેનેડા સામે જીતે તો પણ કોઈ ફાયદો નહીં થાય :** પાકિસ્તાનનો આગામી મુકાબલો કેનેડા સામે 11 જૂને ન્યૂયોર્કમાં થશે. જો પાકિસ્તાનની ટીમ આ મેચ જીતે છે તો પણ તેણે સુપર-8ની આશા જીવંત રાખવા માટે આયર્લેન્ડને હરાવવું પડશે. આ બંને મેચ જીત્યા બાદ પણ પાકિસ્તાનની ટીમ બહાર થઈ શકે છે. અમેરિકા તેની છેલ્લી બે મેચ હારી જાય તો પણ તેની પાસે સારા નેટ રન રેટના આધારે પાકિસ્તાનથી આગળ રહેવાની તક રહેશે. ગ્રુપ Aમાંથી પોઈન્ટ ટેબલની ટોચની 2 ટીમ જ આગળના રાઉન્ડમાં જશે. ભારતે આયર્લેન્ડ અને પાકિસ્તાનને હરાવીને સ્થાન માટે પોતાનો દાવો મજબૂત કર્યો છે. ટીમની કેનેડા અને અમેરિકા સામે 2 મેચ છે. ભારતની બંને મેચ જીતવાની સંભાવના ઘણી વધારે છે. બીજી તરફ ભારત અને આયર્લેન્ડ સામે અમેરિકાની 2 મેચ બાકી છે.

## મેચની સુરક્ષામાં મોટી ચૂક, આકાશમાં વાંધાજનક વસ્તુઓ જોવા મળી

(એજન્સી) નવી દિલ્હી | તા 10

ભારતીય ટીમે રોમાંચક મેચમાં પાકિસ્તાનને 6 રને હરાવ્યું હતું. આ મેચમાં પાકિસ્તાની ટીમના કેપ્ટન બાબર આઝમે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતીય ટીમ 119 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી અને પૂરી 20 ઓવર પણ રમી શકી નહોતી. પરંતુ ત્યારબાદ ભારતીય બોલરોએ શાનદાર પ્રદર્શન કરીને ટીમ ઈન્ડિયાને જીત અપાવી હતી. છેલ્લી ઓવરમાં ટીમ ઈન્ડિયાનો વિજય થયો હતો. આ મેચના થોડા દિવસો પહેલા, આતંકવાદી સંગઠન ISISએ દાવો કર્યો હતો કે તેઓ ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન હુમલો કરવા જઈ રહ્યા હતા. તે જ સમયે, હવે મેચ દરમિયાન, એક વિમાન સ્ટેડિયમની ઉપરથી પસાર થયું હતું, જેના કારણે સુરક્ષા પર સવાલો ઉભા થયા છે. કેટલાક લોકો આ કૃત્ય માટે પાકિસ્તાનને જવાબદાર ઠેરવી રહ્યા છે તો કેટલાક લોકો અમેરિકાની ઉચ્ચ સુરક્ષા પર સવાલો ઉઠાવી રહ્યા છે. મેચ દરમિયાન એક પ્લેન સ્ટેડિયમની ઉપરથી પસાર થયું હતું. આ જોઈને બધાને નવાઈ લાગી. સ્ટેડિયમમાં હાજર દર્શકોએ તેનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. પ્લેનની સાથે હવામાં 'ઈમરાન ખાનને મુક્ત કરો...' બેનર દેખાતું હતું. પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન હાલમાં જેલમાં છે. ઈમરાનના સમર્થકો તેને છોડાવવા માટે આવા પગલા લઈ રહ્યા છે. પાકિસ્તાનનું રાષ્ટ્રગીત વાગી રહ્યું હતું ત્યારે જ આ પ્લેન જોવા મળ્યું હતું. ભારત-પાકિસ્તાન મેચને લઈને એવા આતંકવાદીઓની નજર છે. આને ધ્યાનમાં સુરક્ષા કડક કરવામાં આવી હતી, જેમાં મેદાનની આસપાસના ગુપ્ત સ્થળો પર પોલીસ સ્નાઈપર તૈનાત કરવામાં આવ્યા હતા. રિપોર્ટ્સ અનુસાર, સ્નાઈપર્સ સાથે SWAT ટીમ પણ સુરક્ષામાં સામેલ હતી.

## રોહિત શર્માના આ 4 નિર્ણયોએ ચોંકાવ્યા

(એજન્સી) ન્યૂયોર્ક | તા 10

ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને રોમાંચક મેચમાં હરાવ્યું હતું. ટીમ ઈન્ડિયાએ રવિવારે ન્યૂયોર્કના નાસાઉ સ્ટેડિયમમાં રમાયેલી T20 વર્લ્ડકપની મેચ 6 રનથી જીતી લીધી હતી. જોકે, પ્રથમ બેટિંગ કરવા આવેલી ભારતીય ટીમ શરૂઆતથી જ બેકફૂટ પર રહી હતી.ટીમે 19 ઓવરમાં માત્ર 119 રન બનાવ્યા હતા. જેનો પીછો કરતા પાકિસ્તાનની ટીમ 20 ઓવરમાં 7 વિકેટ ગુમાવીને 113 રન જ બનાવી શકી હતી. હવે ભલે ટીમ ઈન્ડિયા આ મેચ જીતી ગઈ હોય, પરંતુ ભારતીય કેપ્ટન રોહિત શર્માના કેટલાક નિર્ણયો પર સવાલો ઉઠી રહ્યા છે. એવા કયા નિર્ણયો છે જેણે પાકિસ્તાન સામેની મેચમાં આશ્ચર્યચકિત કરી દીધી હતી. વિરાટ કોહલી ઓપનિંગ વિરાટ કોહલી 12 વર્ષમાં પહેલીવાર પાકિસ્તાન સામે ઓપનિંગ કોહલી 3 બોલમાં માત્ર 4 રન જ બનાવી શક્યો હતો. અત્યાર સુધી વિરાટ પાકિસ્તાન સામે ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવતો હતો. જેમાં તેણે 11 મેચમાં 70.28ની એવરેજથી 492 રન બનાવ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### હજ શરૂ થાય એ પહેલા જ સાઉદી સરકારનું પગલું, ત્રણ લાખ લોકોને કર્યા મક્કામાંથી બહાર

શનિવારે, સાઉદી અધિકારીઓએ કહ્યું કે, 'સુરક્ષા દળો અને પોલીસે હજ પહેલા મક્કામાંથી અનધિકૃત હજયાત્રીઓને હટાવવા માટે એક ઓપરેશન શરૂ કર્યું છે. હજ દરમિયાન ભીડનું સંચાલન એ એક મહત્ત્વપૂર્ણ વિષય છે કારણ કે ગયા વર્ષે 1.8 મિલિયન લોકો હજ માટે આવ્યા હતા. આ વર્ષે આ સંખ્યા 19થી 20 લાખ સુધી પહોંચી શકે છે.' સત્તાવાર સાઉદી પ્રેસ એજન્સીએ માહિતી આપી છે કે, છેલ્લા કેટલાક દિવસોમાં, જરૂરી હજ વિઝાને બદલે પ્રવાસી વિઝા પર આવેલા 1,53,998 વિદેશીઓને ગ્રાન્ડ મસ્જિદ અને કાબામાંથી બહાર કાઢવામાં આવ્યા છે. આ સિવાય સાઉદી અધિકારીઓએ 1,71,587 લોકોની અટકાયત કરી છે. આ લોકો સાઉદી અરેબિયામાં રહે છે, પરંતુ મક્કાના રહેવાસી નથી અને હજ પરમિટ વિના મક્કા આવ્યા હતા. 14મી જૂનથી હજ શરૂ થઈ રહી છે. આ વર્ષે હજ 14મી જૂનથી શરૂ થઈ રહ્યો છે. ઈસ્લામ ધર્મમાં, હજ એ સાધનસંપન્ન મુસ્લિમોની ફરજ છે. હજ યાત્રાનો ક્વોટા મર્યાદિત હોવાથી મુસાફરી પેકેજ મોંઘા હોય છે. જેથી ઘણા લોકો રજિસ્ટ્રેશન વિના જ ટુરિસ્ટ વિઝા પર મક્કામાં પ્રવેશે છે. ભીડ વધી જવાથી અકસ્માત સર્જાતા હોય છે. જેને ધ્યાનમાં લઈ આ પગલું લેવામાં આવ્યું છે. 2015માં મીનામાં શેતાનને પથ્થર મારવાની હજ વિધિ દરમિયાન નાસભાગમાં લગભગ 2,300 લોકો માર્યા ગયા હતા. સાઉદી સત્તાવાળાઓ દ્વારા લેવામાં આવી રહેલા પગલાં આવી ઘટનાને ટાળવાના પ્રયાસો છે. મક્કાના પ્રાદેશિક અધિકારીઓએ કહ્યું છે.

### 400 પેસેન્જરને લઈ જતાં વિમાનમાં ઉડાન ભરતાં જ લાગી આગ, જીવ તાળવે ચોંટ્યા

ટોરેન્ટો એરપોર્ટથી પેરિસ માટે ઉડાન ભર્યાની થોડી જ મિનિટોમાં એર કેનેડાના વિમાનમાં આગ લાગી ગઈ હતી. આ દરમિયાન વિમાનમાં 389 મુસાફરો સિવાય 13 ક્રૂ મેમ્બર સામેલ હતા. આગ લાગવાની આ ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી. 5 જૂનના રોજ ટોરેન્ટોથી બોઈંગ 777 જેટે ઉડાન ભરી હતી અને ઉડાન ભર્યાની થોડી જ મિનિટોની અંદર એર ટ્રાફિક કંટ્રોલ (ATC) એ જમણા એન્જિનમાંથી તણખા નીકળતા જોયા હતા. આ ઘટનાનો એક વીડિયો પણ સામે આવ્યો છે જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં વિમાનમાંથી તણખા નીકળતા નજર આવી રહ્યા છે.આ ઘટના અંગે એર કેનેડાએ એક નિવેદનમાં જણાવ્યું કે, ઘટનાનો ઈન્ટરનેટ પર પોસ્ટ કરાયેલો વીડિયો દર્શાવે છે કે, કોમ્પ્રેસર સ્ટોલના પોઈન્ટ પર એન્જિન છે, એવું ત્યારે બની શકે છે જ્યારે ટર્બાઈન એન્જિન સાથે તેનું એરોડાયનેમિક્સ પ્રભાવિત થાય છે. આ વિવિધ પરિબળોને કારણે થઈ શકે છે પરંતુ તેનું પરિણામ એ આવે છે કે, એન્જિનના માધ્યમથી હવાનો પ્રવાહ વિક્ષેપિત થાય છે જેનાથી એન્જિનના નીચે બળતણ સળગે છે. આ જ કારણ છે.

### ઈઝરાયલે 210 પેલેસ્ટિનીના જીવ લઈ 4 બંધકોને મુક્ત કરાવ્યા, ભીષણ બોમ્બમારામાં 400 ઘાયલ

ઈઝરાયેલ અને પેલેસ્ટાઈન વચ્ચે યુદ્ધ કોઈ નવી વાત નથી. બંને દેશ દરરોજ એકબીજા પર ગોળીઓ વરસાવતા રહે છે. હવે તાજેતરમાં ઈઝરાયલે ગાઝામાંથી ચાર બંધકોને છોડાવ્યા છે. પરંતુ આ હુમલા દરમિયાન ઈઝરાયલી દળોએ 210 નિર્દોષ પેલેસ્ટિની નાગરિકોને મારી નાખ્યા અને 400થી વધુ લોકો આ હુમલામાં ઘાયલ થયા હતા. હમાસના રેસ્ક્યૂ અભિયાન દરમિયાન આ વાત સામે આવી હતી. બંધકો ક્યાં છુપાયેલા હતા? મધ્ય ગાઝાના અલ-નુસીરાતમાં બચાવ કામગીરી વચ્ચે જ તીવ્ર હવાઈ હુમલો કરાયો હતો. આ એક ગીચ વસ્તી ધરાવતો વિસ્તાર છે. ઘણીવાર ઈઝરાયેલ અને હમાસ વચ્ચે અહીં સંઘર્ષ થતું રહ્યું છે. ઈઝરાયેલી સૈન્યના પ્રવક્તા રિયર એડમિરલ ડેનિયલ હેગરે જણાવ્યું હતું કે બંધકોને મુક્ત કરાવવા નુસીરાતમાં રહેણાંક ઈમારતોની નજીકમાં જ ઓપરેશન હાથ ધરાયું હતું. જ્યાં હમાસ દ્વારા બે અલગ-અલગ દાવો કરાયો હતો. હુમલા દરમિયાન ઈઝરાયલી દળો દ્વારા ભારે બોમ્બમારો અને ગોળીબાર કરાયો હતો.

### યુરોપનું સૌથી વિશાળ 5500 ચો.મીમાં ફેલાયેલું શિવ મંદિર તૈયાર

ભગવાન સામ્બ-સદાશિવનાં શિવમંદિરનું ઈસ્ટોનિયાનાં લિલ્લેઓરૂમાં તા. ૧૦મી જૂન અને જેઠ સુદી ૪ના દિવસે ઉદઘાટન થવાનું છે. આ લિલ્લેઓરૂ ઈસ્ટોનિયાનાં પાટનગર ટાલીનીનથી ૩૦ કી.મી. દૂર આવેલું છે. આ માહિતી આપતાં ટાલિનીન સ્થિત ભારતનાં દૂતાવાસે જણાવ્યું છે કે આ મંદિરનું સ્થાપત્ય સંપૂર્ણત: ભારતીય શિલ્પશાસ્ત્ર પ્રમાણે રચવામાં આવ્યું છે. તેના સ્થાપક છે, 'ક્રિયા યોગ કેન્દ્ર'ના આચાર્ય ઈશ્વરાનંદ. યુરોપમાં અનેક સ્થળોએ શિવ મંદિરો, રામ મંદિરો અને રાધાકૃષ્ણ મંદિરો રચાયા છે, તે પૈકી ૫,૫૦૦ ચોરસમીટરમાં પથરાયેલું આ શિવમંદિર યુરોપનું સૌથી વિશાળ શિવ મંદિર બની રહેશે, તેમ પણ જાણવા મળ્યું છે.બહુ થોડાને માહિતી હશે કે ભાદ્રપદની સુદ ચતુર્થીના દિવસે ગણેશ ચતુર્થી બુદ્ધના જન્મદિને વિવાદ છે કે એક પક્ષ તેમ કહે છે કે ભગવાન તથાગતનો જન્મ વૈશાખ સુદ પૂર્ણિમાના દિવસે થયો હતો. આ મત તિબેટમાં સ્વીકારાયો છે.

### સરકાર ખાણોની સુરક્ષા માટે આતંકવાદીઓને હપ્તા આપે છે, જેમાં BLA, TTP સામેલ

# પાકિસ્તાનમાં આતંકવાદીઓને સુરક્ષાકર્મીઓ કરતાં વધુ પગાર



(એજન્સી) ઈસ્લામાબાદ | તા 10

પાકિસ્તાન ભલે પોતાના દેશમાં પ્રોજેક્ટ ચલાવવા માટે ચીનને સુરક્ષા આપવાના મોટા મોટા વચનો આપી રહ્યું હોય, પરંતુ જમીની વાસ્તવિકતા જુદી છે. પાકિસ્તાનના બલૂચિસ્તાન રાજ્યની સરકાર તેના ખાણ ઉદ્યોગને સુરક્ષા આપવા સક્ષમ નથી. તે ખાણ ઉદ્યોગને બચાવવા માટે આતંકવાદી સંગઠનોને 'હફ્તા' આપી રહ્યું છે. સરકાર પ્રતિબંધિત આતંકવાદી જૂથ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA)ને પૈસા આપી રહી છે જેથી તેઓ ખાણ કંપનીઓના કર્મચારીઓ પર હુમલો ન કરે. વાસ્તવમાં, બલૂચિસ્તાન પ્રાંતના હમાઈ, દેગારી, માચ, ઝિયારત, ચામલાંગ અને અબેગામમાં કોલસાનો મોટો ભંડાર છે. અહીં 21 કરોડ ટન કોલસાનો અંદાજ છે.

અહીં સ્થિત 60 કિમી લાંબી ચામલાંગ કોલસાની ખાણોમાં ઉચ્ચ અસ્થિર સી બિટ્યુમિનસથી લઈને ઉચ્ચ અસ્થિર એ બિટ્યુમિનસ સુધીનો કોલસો છે, જેનો ભંડાર 60 લાખ ટન છે.

### સરકાર BLAને સુરક્ષા દળો કરતાં વધુ પૈસા આપી રહી છે

ચામલાંગ ખાણોમાંથી દરરોજ લગભગ 200-250 ટ્રક કોલસા દેશના વિવિધ ભાગોમાં મોકલવામાં આવે છે. કોલસો 4000-4500 રૂપિયા પ્રતિ ટનના ભાવે વેચાઈ રહ્યો છે. સૂત્રોએ જણાવ્યું કે બલૂચિસ્તાન સરકારને કોલસાની ખાણોમાંથી ખનન કરવામાં આવતા પ્રત્યેક ટન માટે માત્ર રૂ. 360 મળે છે. અર્ધલશ્કરી દળ ફ્રન્ટિયર કોર્પ્સને ખાણોની સુરક્ષા માટે 240 રૂપિયા પ્રતિ ટન ચૂકવવામાં આવે છે. તે જ સમયે, પ્રતિબંધિત આતંકવાદી સંગઠન બલૂચિસ્તાન લિબરેશન આર્મી (બીએલએ)ને ખાણ અને ખનિજ વહન કરતી ટ્રકો પર હુમલો ન કરવા માટે પ્રતિ ટન 260 રૂપિયા આપવામાં આવે છે.

### પ્રતિબંધિત જૂથો સાથે આવી ગોઠવણ કરવાનો ઈનકાર કરે

તે જ સમયે, અન્ય પ્રતિબંધિત સંગઠન તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ને ખાણો પર હુમલો ન કરવા માટે વધુ 60 રૂપિયા આપવામાં આવે છે. જો કે, પાકિસ્તાન સરકાર BLA અને TTP જેવા પ્રતિબંધિત જૂથો સાથે આવી ગોઠવણ કરવાનો ઈનકાર કરે છે, જે બલૂચ આતંકવાદી જૂથો સાથે જોડાણ કરીને હવે બલૂચિસ્તાનમાં ફેલાયેલા છે. બલૂચિસ્તાન લિબરેશન આર્મીના લડવૈયાઓ.

**બલૂચિસ્તાનની અર્થવ્યવસ્થામાં ખાણકામ ક્ષેત્રનો મોટો ફાળો :** બલૂચિસ્તાનની અર્થવ્યવસ્થામાં ખાણકામ ક્ષેત્રનો મોટો ફાળો છે. અહીં 3 હજારથી વધુ કોલસાની ખાણો છે. જ્યાં 40 હજારથી વધુ મજૂરો કામ કરે છે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન દર વર્ષે 45.06 લાખ ટન કોલસાનું ઉત્પાદન કરે છે અને તે વિશ્વમાં 34મા ક્રમે છે. બલૂચિસ્તાનમાં 3 હજાર ખાણો, 40 હજાર લોકોને રોજગાર મળી રહ્યો છેપાકિસ્તાન સરકાર માઈનિંગ કંપનીઓને સુરક્ષા આપવાના નામે આતંકવાદી સંગઠનો સાથે સાંઠગાંઠ કરી રહી છે. અહીં 21 કરોડ ટન કોલસાનો અંદાજ છે. અહીં સ્થિત 60 કિમી લાંબી ચામલાંગ કોલસાની ખાણોમાં ઉચ્ચ અસ્થિર સી બિટ્યુમિનસથી લઈને ઉચ્ચ અસ્થિર એ બિટ્યુમિનસ સુધીનો કોલસો છે, જેનો ભંડાર 60 લાખ ટન છે.

# ગાઝામાં ભૂખમરો: 20 ટકા લોકો પાસે અનાજનો એક દાણો નથી, રોજ 4 બાળકોનાં મોતની આશંકા

(એજન્સી) રાફાહ | તા 10

હમાસ-ઈઝરાયલ યુદ્ધના 8 મહિના : યુએનના નિર્ણય પર નેતન્યાહુ નારાજ 7 ઓક્ટોબર 2023ના રોજ ઈઝરાયલ પર હમાસના આતંકી હુમલા બાદ શરૂ થયેલા યુદ્ધને 8 મહિના પૂર્ણ થયા છે. ઈઝરાયલના હમાસ પર સતત હુમલા ચાલું છે. ઈઝરાયલ દ્વારા ખોરાક, પાણી, દવાઓ અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠા પર પ્રતિબંધના કારણે ગાઝામાં માનવીય સંકટ વધ્યું છે. ગાઝાના ઘણા ભાગોમાં દુકાળનો ભય છે.

દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રની બાળ એજન્સી યુનિસેફે કહ્યું કે ગાઝામાં 90% બાળકો કુપોષણથી પીડિત છે. તે જ સમયે, સંયુક્ત રાષ્ટ્રની રાહત એજન્સી યુએનઆરજબલ્યૂએના જણાવ્યા મુજબ, જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો, ગાઝામાં જુલાઈમાં તીવ્ર ભૂખમરો થવાની સંભાવના છે કારણ કે લગભગ 20% લોકો પાસે ખાવા માટે કંઈ બચશે નહીં. જેના કારણે દરરોજ 4 બાળકો અને 2 વૃદ્ધોના મોત થવાની આશંકા છે.



યુએનએ ઈઝરાયલને બ્લેકલિસ્ટ કર્યું : ગાઝામાં બાળકો પર થતા અત્યાચાર જોઈને લીધો નિર્ણય ગાઝામાં થયેલા હુમલાઓ વચ્ચે ઈઝરાયલ પર માનવાધિકાર ભંગના આરોપોને ધ્યાનમાં રાખીને યુએનએ તેને બ્લેકલિસ્ટ કરી દીધું છે. ઈઝરાયલ સિવાય સંયુક્ત રાષ્ટ્ર (યુએન)એ હમાસ અને પેલેસ્ટિનિયન જેહાદને 'લિસ્ટ ઓફ શેમ'માં સામેલ કર્યા છે. યુએન સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરેસના કાર્યાલયે તેના વાર્ષિક અહેવાલ સાથે આ સૂચિને અંતિમ સ્વરૂપ આપ્યું છે. આ પછી ઈઝરાયલના રાજદૂત ગિલાદ એર્દાનને આ અંગે જાણકારી આપવામાં આવી હતી. યુદ્ધ વચ્ચે ગાઝામાં બાળકો પર થઈ રહેલા અત્યાચારને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. એક તરફ ગાઝામાં પેલેસ્ટિનિયનો યુદ્ધને કારણે ઘરે-ઘરે ભટકવાની ફરજ પડી રહ્યા છે, તો બીજી તરફ ઈઝરાયલમાં 120થી વધુ બંધકોના પરિવારો છેલ્લા 8 મહિનાથી તેમના પરિવારના સભ્યોની મુક્તિની રાહ જોઈ રહ્યા છે. 7 ઓક્ટોબરે હમાસના હુમલામાં 1139 લોકો માર્યા ગયા હતા, દરમિયાન,નરલ એન્ટોનિયો ગુટેરેસના કાર્યાલયે તેના વાર્ષિક અહેવાલ સાથે આ સૂચિને અંતિમ સ્વરૂપ આપ્યું છે. આ પછી ઈઝરાયલના રાજદૂત ગિલાદ એર્દાનને આ અંગે જાણકારી આપવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્રની બાળ એજન્સી યુનિસેફે કહ્યું કે ગાઝામાં 90% બાળકો કુપોષણથી પીડિત છે. તે જ સમયે, સંયુક્ત રાષ્ટ્રની રાહત એજન્સી યુએનઆરજબલ્યૂએના જણાવ્યા મુજબ, જો પરિસ્થિતિમાં સુધારો નહીં થાય તો, ગાઝામાં જુલાઈમાં તીવ્ર ભૂખમરો થવાની સંભાવના છે.

## અમેરિકામાં AIનો વ્યાપ વધ્યો, આગામી વર્ષે 90 હજાર ભારતીયોની નોકરી જોખમમાં



(એજન્સી) વૉશિંગ્ટન | તા 10

IT સેક્ટરમાં AIનો વિકાસ દર 60% છે અમેરિકામાં AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ)નો વ્યાપ આઈટી સેક્ટર, કન્ઝ્યુમર સર્વિસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટમાં ઝડપથી વધી રહ્યો છે. કોરોના કાળ પછી એઆઈનો ગ્રોથ રેટ 60 ટકાથી વધુ વધી ગયો છે. ગાર્ટનરના રિપોર્ટ અનુસાર અમેરિકામાં આવતા વર્ષે 90 હજાર ભારતીય પ્રોફેશનલ્સની નોકરી જોખમમાં છે. અમેરિકામાં AIને કારણે ત્રણ વર્ષમાં લગભગ 30 હજાર ભારતીય પ્રોફેશનલ્સ નોકરી ગુમાવી છે. આ તમામ પ્રોફેશનલ્સ H1B વિઝા પર છે. હાલમાં અમેરિકામાં H1B વિઝા ધરાવતા લગભગ 6 લાખ ભારતીય વ્યાવસાયિકો છે. AIને કારણે નોકરીઓ ગુમાવવાનો ભય પણ મોટો ઓટોમેશનના કારણે 2030 સુધીમાં લગભગ 12 મિલિયન લોકો કાં તો તેમની નોકરી ગુમાવશે અથવા તો અન્ય ક્ષેત્રોમાં નોકરી શોધવી પડશે.

# કેનેડામાં 40 વર્ષ સુધી મહિલાઓનું શોષણ કરનાર 90 વર્ષીય ઉદ્યોગપતિની ધરપકડ

(એજન્સી) ઓટાવા | તા 10

કેનેડાના મશહૂર ઉદ્યોગપતિ ફ્રેન્ક સ્ટ્રોનકની શુક્રવારે યૌનશોષણના આરોપમાં ધરપકડ કરાઈ. સ્ટ્રોનક વિશ્વની સૌથી મોટી ઑટોપાર્ટ્સ કંપનીના સ્થાપક છે. પોલીસે હાલમાં કેટલીક શરતો પર છોડી દીધા છે. કેનેડાની પીલ રિજનલ પોલીસે એક નિવેદનમાં કહ્યું કે 91 વર્ષના સ્ટ્રોનક પર 80ના દાયકાથી લઈને 2023 સુધી મહિલાઓના યૌનશોષણનો આરોપ છે. ઉદ્યોગપતિને દુષ્કર્મ, મહિલાઓને જબરદસ્તીથી કેદમાં રાખવા સહિત પાંચ અપરાધોમાં આરોપી ઠેરવ્યા. ઉદ્યોગપતિ વિરુદ્ધ એકથી વધુ મહિલાના યૌનશોષણનો આરોપ છે. જોકે કેટલી મહિલાઓએ આ આરોપ મૂક્યો છે તે માહિતી આપવામાં આવી નથી. આ એક હાઈપ્રોફાઈલ કેસ છે. અમારી ટીમની પાસે પીડિતોની સુરક્ષાની જવાબદારી છે. તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલી મહિલાઓએ તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે તે કહી શકાય નહીં. વર્ષ 1957માં તેમણે ઘરના જ ગેરેજમાં જ એક કંપનીનો પાયો નાખ્યો અને ઑટો પાર્ટ્સનો બિઝનેસ શરૂ કર્યો. અત્યારે મેગના ઈન્ટરનેશનલ 34 દેશોમાં બિઝનેસ કરે છે અને તેમાં 1,70,000 કર્મચારીઓ કામ કરે છે. આ એક હાઈપ્રોફાઈલ કેસ છે. અમારી ટીમની પાસે પીડિતોની સુરક્ષાની જવાબદારી છે. તેમની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કેટલી મહિલાઓએ તેમની વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે.



## વિદેશમાં સ્ટુડન્ટ પ્લેસમેન્ટમાં 20-25 ટકાનો ઘટાડો

(એજન્સી) વૉશિંગ્ટન | તા 10

વૈશ્વિક ઉચ્ચ શિક્ષણ-કેન્દ્રિત એજન્સી જૂથ IDP એજ્યુકેશને આગામી 12 મહિનામાં વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટમાં અપેક્ષિત 20-25 ટકાના ઘટાડા સામે નોકરીની ખોટ અને ખર્ચ ઘટાડવાના પગલાંની જાહેરાત કરી છે. IDPને પ્રોત્સાહન આપતા કેટલાક મુખ્ય અંગ્રેજી બોલતા ઉચ્ચ શિક્ષણ સ્થળોમાં તાજેતરના નિયમનકારી ફેરફારોને પગલે કંપનીએ જણાવ્યું હતું કે બજાર પહેલેથી જ પ્રતિબંધિત છે. ઑસ્ટ્રેલિયા-મુખ્યમથક IDP એજ્યુકેશનએ જણાવ્યું હતું કે અસર 2024ના નાણાકીય વર્ષના બીજા ભાગમાં પહેલેથી જ દેખાઈ રહી હતી, અને ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુકેના વિદ્યાર્થી વિઝા જારી ડેટાને છેલ્લા તુલનાત્મક સમયગાળા કરતા આ વર્ષે 21થી 28 ટકા નીચા હોવાનું ટાંક્યું હતું. કંપનીએ જણાવ્યું હતું કે તે FY2023ની તુલનામાં FY2024 માટે વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટમાં 15-20 ટકાના વધારાની અપેક્ષા રાખે છે.

પરંતુ આ નાણાકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળાની મજબૂતાઈ પર આધારિત છે, જ્યારે વિદ્યાર્થીઓની સંખ્યામાં 33 ટકાના વધારાની વચ્ચે IDP રેવન્યુ રેકોર્ડ કરે છે. દરમિયાન, IDP સહ-માલિકી ધરાવતા IELTS માટે પરીક્ષણ વોલ્યુમો, FY2023 ની સરખામણીમાં, FY2024માં 15-20 ટકા ઘટવાની ધારણા છે, જે વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડાના પ્રારંભિક સૂચક છે.

# ઇઝરાયલે હમાસની કેદમાંથી 4 બંધકોને મુક્ત કર્યા: આમાં 25 વર્ષીય નોઆનો સમાવેશ

(એજન્સી) જેરુસલેમ | તા 10

ઈઝરાયલે હમાસની કેદમાંથી 4 બંધકોને મુક્ત કર્યા છે. ઈઝરાયેલે શનિવારે દાવો કર્યો હતો કે તેની સેનાએ ગાઝાના નુસીરત શરણાર્થી કેમ્પમાં ફાયરિંગ વચ્ચે આ ઓપરેશન હાથ ધર્યું હતું. સીએનએનએ ગાઝા ઓથોરિટીના હવાલાથી જણાવ્યું છે કે ઈઝરાયલીઓને મુક્ત કરાવવાના આ ઓપરેશનમાં ઓછામાં ઓછા 210 પેલેસ્ટાઈનવાસીઓના મોત થયા છે. આ સિવાય 400થી વધુ લોકો ઘાયલ થયા છે. જોકે, ઈઝરાયેલના પીએમ બેન્જામિન નેતન્યાહુએ સ્વીકાર્યું છે કે 116 લોકો માર્યા ગયા હતા. ઈઝરાયેલના સંરક્ષણ દળોએ કહ્યું કે આ ઓપરેશનમાં તેમનો એક સૈનિક પણ માર્યો ગયો છે. અમેરિકન મીડિયા હાઉસ એક્સિઓસ અનુસાર, અમેરિકાના બંધક યુનિટે આ ઓપરેશનમાં ઈઝરાયલની મદદ કરી હતી. બચાવી લેવામાં આવેલા બંધકોમાં નોઆ અર્ગમાની નામની 25 વર્ષની યુવતી છે, જેને હમાસ લડવૈયાઓ દ્વારા બળજબરીથી મોટરસાઈકલ પર લઈ જવામાં આવી હતી. 7 ઓક્ટોબરે ઈઝરાયેલ પર હુમલા બાદ નોહનો વીડિયો વાયરલ થયો હતો. નોઆ ઉપરાંત ત્રણ યુવકોને હમાસની કેદમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. હમાસે બંધકોને અલગ-અલગ જગ્યાએ છુપાવ્યા હતા ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સના પ્રવક્તા ડેનિયલ હગારીએ જણાવ્યું હતું કે બંધકોને મુક્ત કરાવવાનું ઓપરેશન ખૂબ જ મુશ્કેલ અને જોખમી હતું. હમાસે મધ્ય ગાઝાના નુસિરાત વિસ્તારમાં બે અલગ-અલગ જગ્યાએ ઈઝરાયલી નાગરિકોને છૂપાવી દીધા હતા. તેમની મુક્તિ માટે, સંરક્ષણ દળોએ જમીન, હવા અને સમુદ્રથી હુમલા શરૂ કર્યા.નેતન્યાહુ ક્ષણે ક્ષણે અપડેટ લેતા હતા ઈઝરાયેલ Ynet મીડિયા હાઉસ અનુસાર, વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટે ગુરુવારે સાંજે મધ્ય ગાઝામાં નુસિરાતમાંથી ચાર બંધકોને છોડાવવાના ઓપરેશનને મંજૂરી આપી હતી. આ માટે તેણે વોર કેબિનેટ અને સિક્યુરિટી કેબિનેટની બેઠક પણ રદ્દ કરી દીધી હતી. પીએમ નેતન્યાહુ પોતે શિન બેટ સિક્યોરિટી સર્વિસના વોર રૂમમાંથી આ મિશનની ગતિવિધિઓની ક્ષણ-ક્ષણ માહિતી લઈ રહ્યા હતા. પ્રમુખ હરઝોગે બચાવેલા બંધકો સાથે વાત કરી હતી. અર્ગમાની સાથે વાત કરતાં તેમણે કહ્યું કે સમગ્ર ઈઝરાયેલ વતી હું તમને ભેટી પડું છું. નેતન્યાહુએ ફોન પર અર્ગમાનીને પૂછ્યું કે તે અત્યારે કેવું અનુભવી રહી છે. આના જવાબમાં અર્ગમાનીએ કહ્યું- હું પરત આવવા માટે ખૂબ જ ઉત્સાહિત છું.



### ગાઝામાં માર્યા ગયેલા બાળકોની ચીસો ડરાવી દેશે

# પેલેસ્ટાઈન સમર્થકો વ્હાઈટ હાઉસની સામે પ્રદર્શન: હાથમાં લોહીથી લથબથ બાઈડનનો માસ્ક



(એજન્સી) જેરુસલેમ | તા 10

ગાઝામાં ઈઝરાયલના હુમલા વચ્ચે શનિવારે પેલેસ્ટાઈન સમર્થકોએ અમેરિકી રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન વ્હાઈટ હાઉસની બહાર પ્રદર્શન કર્યું. લોકો તેમના માથા પર હમાસ બેન્ડ પહેરીને પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવતા જોવા મળ્યા હતા. આ દરમિયાન વિરોધ કરી રહેલા એક વ્યક્તિના હાથમાં રાષ્ટ્રપતિ બાઈડનનો માસ્ક પણ હતો, જે લોહીથી ખરડાયેલો હતો. વિરોધ કરી રહેલા લોકોએ અમેરિકન ધ્વજને પણ આગ ચાંપી હતી. લોકોના હાથમાં ઘણા બેનર અને પોસ્ટર પણ હતા. આમાં બાઈડન પર ઈતિહાસની ખોટી બાજુ હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

પ્રદર્શનકારીઓએ ફ્રી પેલેસ્ટાઈનના નારા લગાવ્યા હતા. તેમણે કહ્યું કે ગાઝાના બોમ્બ ધડાકામાં જીવ ગુમાવનારા બાળકોની ચીસો તમને હંમેશા પરેશાન કરશે. વિરોધીઓએ નેશનલ પાર્ક સર્વિસ રેન્જર્સ પર પણ વસ્તુઓ ફેંકી હતી. આ ઉપરાંત ત્યાં સ્થાપિત પ્રતિમાની પણ તોડફોડ કરવામાં આવી હતી. તેમણે ઈઝરાયલ માટે અમેરિકાના સમર્થનને સમાપ્ત કરવાની માગ કરી હતી. વિરોધને જોતા વ્હાઈટ પાસે સુરક્ષા વધારી દેવામાં આવી હતી. દેખાવકારોએ વ્હાઈટ હાઉસની સામે પેલેસ્ટિનિયન ધ્વજ લહેરાવ્યો હતો. જ્યાં એક તરફ વ્હાઈટ હાઉસની બહાર દેખાવો થઈ રહ્યા છે તો બીજી તરફ બાઈડન છેલ્લા 4 દિવસથી ફ્રાંસની સરકારી મુલાકાતે છે. બાઈડન ઉપરાંત સુનક અને જિનપિંગ પણ બીજા વિશ્વ યુદ્ધના ઐતિહાસિક દિવસ ડી-ડેની 80મી વર્ષગાંઠ સાથે સંબંધિત કાર્યક્રમો માટે ફ્રાન્સ પહોંચ્યા હતા.આ પ્રદર્શનકારીઓએ માગ કરી હતી કે અમેરિકા યુદ્ધમાં ઈઝરાયલને સમર્થન આપવાનું બંધ કરે. વધુમાં, યુનિવર્સિટીઓએ ઈઝરાયલથી નફો કરતી કંપનીઓથી અલગ થવું જોઈએ. ન્યૂયોર્ક યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીના તેલ અવીવ કેમ્પસને બંધ કરવાની માગ કરી હતી, કારણ કે અહીં પેલેસ્ટિનિયન વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવતો નથી.

## સંક્ષિપ્ત સમાચાર

### બળાત્કારના આરોપીએ પોલીસની કસ્ટડીમાં જ પોતાનો જ પ્રાઈવેટ પાર્ટ કાપી નાખ્યો

જેસલમેર : રાજસ્થાનના જેસલમેર જિલ્લામાં એક દર્દનાક કિસ્સો સામે આવ્યો છે. અહીંના પોકરણમાં બળાત્કારના પ્રયાસ બદલ પોલીસ દ્વારા એક અપંગ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. સોમવારે આરોપીએ પોલીસ કસ્ટડીમાં પોતાના પ્રાઈવેટ પાર્ટને કાપીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પોલીસને તેના ગુપ્તાંગ કપાયાની જાણ થઈ ત્યારે તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જ્યારે હોસ્પિટલે આરોપીને ગંભીર હાલતમાં જોયો તો તેને જોધપુર રિફર કરવામાં આવ્યો. આવો જાણીએ શું છે સમગ્ર મામલો. પોખરણ પોલીસે રોડવેઝ બસ સ્ટેન્ડ પરથી અબ્દુલ વસીદ નામના વ્યક્તિની ધરપકડ કરી હતી. અબ્દુલ પર મહિલા પર બળાત્કારનો પ્રયાસ કરવાનો આરોપ છે. આ પછી પોલીસ તેને પોલીસ સ્ટેશન લઈ ગઈ. આ દરમિયાન આરોપીએ કોઈક રીતે તેની થેલીમાંથી બ્લેડ કાઢીને પોતાની પાસે રાખી હતી. સોમવારે સવારે લઘુશંકા કરવાના બહાને તેણે પ્રાઈવેટ પાર્ટ કાપીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પ્રાઈવેટ પર ફેરવવામાં આવેલા બ્લેડને કારણે આરોપી અબ્દુલ ગંભીર રીતે ઘાયલ થયો હતો. પોલીસે તેને હોસ્પિટલમાં દાખલ કર્યો છે. પોલીસનું કહેવું છે કે અબ્દુલ રીઢો ગુનેગાર છે. આ મામલાની માહિતી આપતાં અધિક પોલીસ અધિક્ષક ગોપાલ સિંહ ભાટીએ જણાવ્યું હતું કે આરોપી અબ્દુલની રાત્રે લગભગ દસ વાગ્યે ધરપકડ કરવામાં આવી હતી. સવારે તેણે પ્રાઈવેટ પાર્ટ કાપીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે આરોપી અબ્દુલ પોકરણથી 8 કિલોમીટર દૂર પૌપડિયા ગામનો રહેવાસી છે. અબ્દુલ અપંગ છે. પોલીસે જણાવ્યું કે આરોપીની ગુનાહિત વૃત્તિને કારણે પરિવારના સભ્યોએ તેની સાથેના સંબંધો તોડી નાખ્યા છે.

### મુંબઈમાં દાણચોરીનો પર્દાફાશ થયો, 4600 લેપટોપ અને 32 કિલો સોનું જપ્ત

મુંબઈ : કસ્ટમ્સ વિભાગે દેશના સૌથી મોટા કન્ટેનર પોર્ટ ન્હાવા શેવા, જે જવાહરલાલ નેહરુ પોર્ટ તરીકે પણ ઓળખાય છે, પર લેપટોપની દાણચોરીનો મોટો પર્દાફાશ કર્યો છે. ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે, અધિકારીઓએ વિદેશથી આયાત કરવામાં આવતા વપરાયેલા લેપટોપનો મોટો કન્સાઈનમેન્ટ રિકવર કર્યો છે. ANI અનુસાર, જવાહરલાલ નેહરુ કસ્ટમ હાઉસના અધિકારીઓએ સ્પેશિયલ ઈન્ટેલિજન્સ અને ઈમ્પોર્ટ ઈન્સ્પેક્શન બ્રાન્ચની ચોક્કસ બાતમીના આધારે મુંબઈના ન્હાવા શેવા પોર્ટ પર વિવિધ બ્રાન્ડના 4600 લેપટોપ જપ્ત કર્યા છે. જપ્ત કરાયેલા લેપટોપ ડેલ, એચપી, લેનોવો અને અન્ય બ્રાન્ડના છે. આ સિવાય અધિકારીઓએ 1546 જૂના અને વપરાયેલા સીપીયુ પણ જપ્ત કર્યા છે, જે સૌથી મોટી જપ્તી છે. કસ્ટમ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ લેપટોપ અને CPU સંયુક્ત આરબ અમીરાત (UAE)થી આયાત કરવામાં આવ્યા હતા. તેનો સપ્લાયર હોંગકોંગનો છે. જપ્ત કરાયેલ દાણચોરીના માલની અંદાજિત કિંમત 4.11 કરોડ રૂપિયા છે. જપ્તી બાદ, સ્પેશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ઈન્વેસ્ટિગેશન બ્રાન્ચ (SIIB) એ મુંબઈ અને દિલ્હીમાં એકસાથે અનેક શોધખોળ હાથ ધરી છે, જેના પરિણામે આયાત કરતી પેઢીના માસ્ટરમાઈન્ડ સહ-માલિકની ધરપકડ કરવામાં આવી છે. ન્હાવા શેવાના કસ્ટમ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઓપરેશન દાણચોરીની પ્રવૃત્તિઓને કાબૂમાં લેવાના ચાલુ પ્રયાસોનો એક ભાગ છે. અન્ય સમાન કામગીરીમાં, મુંબઈ કસ્ટમ્સ અધિકારીઓએ આજે છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર સ્પોટ પ્રોફાઈલિંગના આધારે બે અલગ-અલગ કેસમાં રૂ. 19.15 કરોડની કિંમતનું 32.79 કિલો સોનું જપ્ત કર્યું હતું.

### BJP IT-સેલના વડા પર જાતીય શોષણનો આરોપ: 10 કરોડની માનહાનિની નોટિસ

નવી દિલ્હી: કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનેતે આજે એટલે કે, 10 જૂનના રોજ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. સુપ્રિયાએ કહ્યું કે, આરએસએસના સભ્ય શાંતનુ સિન્હા નામના વ્યક્તિએ અમિત પર મહિલાઓનું યૌન ઉત્પીડન કરવાનો આરોપ લગાવ્યો છે. શાંતનુના કહેવા પ્રમાણે, અમિત મહિલાઓને 5 સ્ટાર હોટલમાં લઈ જાય છે અને તેમનું શોષણ કરે છે. એટલું જ નહીં, અમિતે બંગાળમાં બીજેપી ઓફિસમાં મહિલાઓનું યૌન શોષણ પણ કર્યું હતું. શાંતનુ બંગાળમાં ભાજપના અધિકારી રાહુલ સિન્હાના સંબંધી છે. સુપ્રિયાએ આગળ કહ્યું હતું કે, અમે ભાજપ પાસેથી બંગાળમાં મહિલાઓ માટે ન્યાય માંગીએ છીએ. હાથરસ હોય, લખીમપુર હોય, આપણા સૌથી પ્રતિષ્ઠિત એથ્લેટ હોય કે બિલ્કીસ બાનો, વડાપ્રધાને ગુનેગારોને સતત રાજકીય રક્ષણ આપ્યું છે. હવે સમય આવી ગયો છે કે તમે મહિલાઓ સાથે ઉભા રહો. તમે ભારતની દીકરીઓની સાથે ઊભા છો અને જ્યાં સુધી તમે તેમની દુર્દશાનો જવાબ નહીં આપો ત્યાં સુધી તમને સત્તામાં રહેવાનો કોઈ અધિકાર નથી. આ પછી અમિત માલવિયાએ શાંતનુ સિન્હાને 10 કરોડ રૂપિયાની માનહાનિની નોટિસ મોકલી છે. માલવિયાએ શાંતનુને બિનશરતી માફી માંગવા અને સોશિયલ મીડિયા પર તેમના વિશે લખેલી પોસ્ટ્સ દૂર કરવા પણ કહ્યું છે. સુપ્રિયાએ આગળ કહ્યું કે, જો તમને IIT-BHU ગેંગરેપ અને તેમાં સામેલ ત્રણ લોકો સક્ષમ પટેલ, કુણાલ પાંડેર અને આનંદ ચૌહાણ યાદ છે, તો બધા પીએમ મોદી સહિત ભાજપના મોટા નેતાઓની ખૂબ નજીક છે. આ એક પેટર્ન છે, પછી તે કુલદીપ સિંહ સેંગર, ચિન્મયાનંદ, બ્રિજ ભૂષણ કે અંકિતા ભંડારીના હત્યારા હોય, તે બધા નરેન્દ્ર મોદી દ્વારા સુરક્ષિત ભાજપના નેતાઓ છે.

## મોદીએ ત્રીજા કાર્યકાળની શરૂઆત કરી, કિસાન સન્માન નિધિનો 17મો હપ્તો જાહેર કર્યો...

# શપથના 16 કલાક બાદ PM એ 1લી ફાઇલ પર સહી કરી

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

PM મોદીએ સોમવારે ઓફિસે પહોંચીને ચાર્જ સંભાળ્યો છે. પીએમ મોદીએ ચાર્જ સંભાળતાની સાથે જ પ્રથમ નિર્ણય લેતા કિસાન સન્માન નિધિનો 17મો હપ્તો જાહેર કર્યો હતો. તેમણે સૌથી પહેલા કિસાન સન્માન નિધિની ફાઈલ પર સહી કરી હતી. પીએમઓ પહોંચતા જ કર્મચારીઓએ મોદીનું સ્વાગત કર્યું હતું. નરેન્દ્ર મોદીએ રવિવારે ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા હતા.

મોદી 3.0 સરકારનો પહેલો નિર્ણય દેશના કરોડો ખેડૂતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. તેનાથી 9.3 કરોડ ખેડૂતોને ફાયદો થશે. આ દરમિયાન પીએમએ કહ્યું કે અમે ખેડૂતોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છીએ. કૃષિ ક્ષેત્ર માટે વધુ કામ કરતા રહીશું. અગાઉ, પીએમ કિસાન યોજના હેઠળ, 16મા હપ્તાના નાણાં દેશના કરોડો ખેડૂતોના બેંક ખાતામાં 28 ફેબ્રુઆરીના રોજ જમા કરવામાં આવ્યા હતા.

નરેન્દ્ર મોદીએ રવિવારે ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા. તેમની સાથે 71 મંત્રીઓએ શપથ લીધા, જેમાંથી 11 સાથી પક્ષોના છે. કેબિનેટની પ્રથમ બેઠક સોમવારે (10 જૂન) સાંજે 5 વાગ્યે પીએમ આવાસ લોક કલ્યાણ માર્ગ પર યોજાશે અને ત્યારબાદ ડિનર થશે.

મિટિંગમાં મંત્રીઓને તેમના મંત્રાલયની ફાળવણી કરવામાં આવી શકે છે. સરકારના પ્રથમ 100 દિવસના રોડ મેપ પર પણ ચર્ચા કરવામાં આવશે. માનવામાં આવે છે કે અમિત શાહ અને રાજનાથ સિંહના મંત્રાલયમાં ફેરફાર કરવામાં આવશે નહીં. પહેલાની જેમ શાહ ગૃહમંત્રી અને રાજનાથ સંરક્ષણ મંત્રી રહેશે.

સૌની નજર ગઠબંધનમાં સામેલ તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) અને જનતા દળ યુનાઈટેડ (જેડીયુ)ના મંત્રીઓને આપવામાં આવેલા મંત્રાલય પર રહેશે. આ સિવાય કેબિનેટમાં સામેલ પૂર્વ મુખ્યમંત્રીઓને પણ મહત્વના મંત્રાલય મળવાની આશા છે. કેબિનેટમાં એવા 32 સાંસદો છે જે પહેલીવાર કેન્દ્રીય મંત્રી બન્યા છે, જેમાં પૂર્વ સાંસદ સીએમ શિવરાજ સિંહ ચૌહાણ, હરિયાણાના પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટર, કર્ણાટકના પૂર્વ સીએમ કુમારસ્વામી અને રાષ્ટ્રીય લોકદળના પ્રમુખ જયંત ચૌધરીનો સમાવેશ થાય છે.



### શું છે મોદીનો 100 દિવસનો પ્લાન

'ચૂંટણીના એક મહિના પહેલા મેં 5 વર્ષનો પ્લાન બનાવ્યો અને તેમાંથી 100 દિવસનો પ્લાન તૈયાર કરવાનું કહ્યું. આ અંગે પ્રાથમિકતા મુજબ કામગીરી કરવામાં આવશે. મેં પ્લાનમાં વધુ 25 દિવસ ઉમેર્યા છે. રોડમેપ પર દેશભરમાંથી યુવાનો સૂચનો આપી રહ્યા છે. મેં નક્કી કર્યું છે કે 100 દિવસ સિવાય 25 દિવસ યુવાનોના સૂચનોને અમલમાં મૂકવામાં આવશે.

પીએમ મોદીએ 20 મેના રોજ આપેલા ઈન્ટરવ્યુમાં આ વાત કહી હતી. લોકસભા ચૂંટણી પહેલા જ મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ નવી સરકારના આગામી 100 દિવસની યોજના પર કામ કરી રહ્યા છે. 100 દિવસના કાર્યસૂચિમાં કૃષિ, નાણાં, સંરક્ષણ અને ટૂંક સમયમાં પૂર્ણ થનારા પ્રોજેક્ટ્સમાં જરૂરી સુધારાનો પણ સમાવેશ થાય છે. સરકારના ટોચના એજન્ડામાં સમાવિષ્ટ સુધારાઓમાં સેનામાં થિયેટર કમાન્ડ તૈયાર કરવાનો પણ છે.

**10 વર્ષથી ટ્રેલર જોયું, પિક્ચર હજુ બાકી છે...** 23 ફેબ્રુઆરી 2024ના રોજ દિલ્હીમાં પીએમ મોદીએ મંત્રીઓને આગામી 5 વર્ષનો રોડમેપ અને 100 દિવસનો એક્શન પ્લાન બનાવવા કહ્યું હતું. અધિકારી આચાર સંહિતા દરમિયાન આના પર હોમવર્ક કરતા રહો. 5 એપ્રિલે રાજસ્થાનના ચુરુમાં એક ચૂંટણી રેલીમાં મોદીએ પોતે કહ્યું હતું કે, 'અમે 10 વર્ષમાં જે કામ કર્યું તે એક ટ્રેલર હતું.

## મંત્રી પદ છોડવા માગે છે સુરેશ ગોપી ? કેરળના BJP સાંસદ : કેન્દ્રીયમંત્રીના લીધા છે શપથ

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

કેરળના ભાજપના પ્રથમ સાંસદ સુરેશ ગોપી કે જેમણે રવિવારે કેન્દ્રીય રાજ્ય મંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારે હવે સૂત્રો દ્વારા એવી માહિતી મળી રહી છે કે તેઓ મંત્રી પદ છોડી શકે છે. તેમણે એક ખાનગી ચેનલ સાથે વાત કરતા જણાવ્યું હતું કે તેઓએ મંત્રી પદની માગ કરી ન હતી. ત્યારે આવો જાણીએ તેઓ કેમ મંત્રી પદ છોડવા માંગે છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ તેમનું કહેવુ છે કે તેમણે ફિલ્મો સાઈન કરી છે. સુરેશ ગોપીએ કહ્યું કે હું ત્રિશૂર સાંસદ તરીકે સેવા આપીશ. મહત્વનું છે કે સુરેશ ગોપી ત્રિશૂર સંસદીય મતવિસ્તારમાંથી જીત્યા અને કેરળના પ્રથમ બીજેપી સાંસદ તરીકે ઈતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું છે. સુરેશે ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (CPI)ના ઉમેદવાર VS સુનીલકુમારને 74686 મતોથી હરાવ્યા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સુરેશ ગોપીનું કહેવુ છે કે મારો હેતુ સાંસદ તરીકે કામ કરવાનો છે. મે કંઈ માગ્યુ નથી. મે કહ્યું હતું કે મારે આ પદની જરૂર નથી.

મને લાગે છે કે મને ટૂંક સમયમાં આ પદ પરથી મુક્ત કરવામાં આવશે. ત્રિશૂરના મતદારોને કોઈ સમસ્યા નથી. તેઓ આ જાણે છે અને એક સાંસદ તરીકે હું તેમના માટે ખરેખર સારું કામ કરીશ. મારે કોઈપણ કિંમતે મારી ફિલ્મો કરવી છે.



### ફિલ્મો સાથે છે મજબૂત નાતો

- સુરેશ ગોપી મૂળ કેરળના અલપ્પુઝાના છે.
- તેમનો જન્મ 1958માં થયો છે
- કોલ્લમમાંથી વિજ્ઞાન વિષયમાં ડિગ્રી લીધી અને અંગ્રેજીમાં માસ્ટર કર્યું.
- તેમણે બાળ કલાકાર તરીકે ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું
- સુરેશ ગોપીએ ઘણી ફિલ્મોમાં મુખ્ય ભૂમિકા પણ ભજવી છે.
- 1998માં આવેલી ફિલ્મ કલિયાટ્ટમ માટે શ્રેષ્ઠ રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો
- તે લાંબા સમયથી ટીવી શો પણ હોસ્ટ કરી રહ્યા છે

## મોદી મંત્રી મંડળના 2 યુવા મંત્રી...

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

રવિવારે પીએમ મોદીએ ત્રીજી વખત પીએમ પદના શપથ લીધા. સાથે જ 71 મંત્રીઓએ પણ શપથ લીધા. જેમાં સૌથી યુવા વયના 2 મંત્રીઓનો સમાવેશ થાય છે. એક મહારાષ્ટ્રના રક્ષા ખડસે કેજેઓની ઉંમર 37 વર્ષ છે અને બીજા છે ટીડીપીના રામ મોહન નાયડુ. ત્યારે આવો જાણીએ કોણ છે આ યુવા મંત્રીઓ મહારાષ્ટ્રની રાવેર લોકસભા સીટ પરથી જીતેલ રક્ષા ખડસે મોદી 3.0માં મંત્રી બન્યા છે. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં રક્ષા ખડસેએ પદ અને ગોપનીયતાના શપથ લીધા હતા. તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાં મંત્રી બનવા માટે યુવા મંત્રી છે. રક્ષા ખડસે મહારાષ્ટ્ર ભાજપના વરિષ્ઠ નેતા એકનાથ ખડસેની વહુ છે. એકનાથ ખડસે હાલમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ જૂથ) તરફથી MLC છે, જોકે તેમણે ચૂંટણીમાં રક્ષા ખડસે માટે પ્રચાર કર્યો હતો. એટલું જ નહીં, શરદ પવાર ઈચ્છતા હતા કે તેઓ રાવર બેઠક પરથી ચૂંટણી લડે, પરંતુ એકનાથ ખડસેએ તેમની પુત્રવધૂની સામે ચૂંટણી લડવાની ના પાડી દીધી હતી. રક્ષા ખડસે મૂળ મધ્યપ્રદેશના છે.



**રામ મોહન ચંદ્રબાબુની નજીક :** રામ મોહન નાયડુ ચંદ્રબાબુ નાયડુના નજીકના માનવામાં આવે છે. તેમના પિતા યરન નાયડુની જેમ તેઓ ટીડીપી ચીફના નજીકના ગણાય છે. તે મુશ્કેલ સમયમાં જ્યારે ચંદ્રબાબુ નાયડુની ધરપકડ કરવામાં આવી ત્યારે રામ મોહને TDP ચીફના પુત્ર નારા લોકેશ સાથે દિલ્હીમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. રામ મોહન લગભગ 9 વર્ષથી દિલ્હીમાં સક્રિય હતા અને અલગ-અલગ પક્ષોમાં સંપર્ક ધરાવતા હોવાથી તેમણે નારા લોકેશ સાથે મળીને TDP ચીફની ધરપકડ સામે મોરચો બનાવ્યો હતો.

રામ મોહન નાયડુને 2020 માં સંસદ રત્ન એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. 2024માં તેમણે 3.27 હજાર મતોથી પોતાની સીટ જીતી છે. તેઓ સંસદની ઘણી સમિતિઓના સભ્ય પણ રહી ચૂક્યા છે. જેમાં કૃષિ, પશુપાલન, રેલ્વે, ગૃહ બાબતો, પ્રવાસન અને સંસ્કૃતિ સહિતની ઘણી સમિતિઓનો સમાવેશ થાય છે.

## ઉત્તર પ્રદેશમાં ચાર જ દિવસમાં 16 એન્કાઉન્ટરમાં બે વોન્ટેડ ઠાર

નવી દિલ્હી: દેશભરમાં લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થયા પછી હવે ચૂંટણી આચારસંહિતા દૂર થઈ ગઈ છે ત્યારે ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર એક્શનમાં આવી ગઈ છે. ઉત્તર પ્રદેશ પોલીસે ઓપરેશન ક્લિન હેઠળ એન્કાઉન્ટર મારફત ગૂનેગારોની ધરપકડ શરૂ કરી દીધી છે. આ ક્રમમાં ઉત્તર પ્રદેશ પોલીસે છેલ્લા ચાર જ દિવસમાં ૧૬ એન્કાઉન્ટર કર્યા છે, જેમાં બે ગુનેગારોએ જીવ ગુમાવ્યા છે.

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લોકસભા ચૂંટણીની આદર્શ આચાર સંહિતા દૂર થયા પછી તમામ વિભાગોના કામકાજમાં ગતિ લાવવાનો આદેશ આપ્યો છે. તેની અસર જોવા પણ મળી રહી છે. છેલ્લા ચાર દિવસમાં પોલીસ વિભાગે એન્કાઉન્ટર કરીને અસામાજિક તત્વો પર કાર્યવાહી કરવાનું શરૂ કરી દીધું છે. ગુંડાઓ સાથેની અથડામણની ૧૬ ઘટનાઓમાં બે ગુંડા માર્યા ગયા છે તેમજ અન્ય ૧૪ ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ડીજીપી મુખ્યાલયના નિર્દેશ પર વિવિધ જિલ્લામાં કુલ ૬૧ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે અથવા તેમને લાઈન હાજર કરી દેવાયા છે. આ સાથે જ વિભાગમાં પ્રમોશન્સના આદેશ પણ આપી દેવાયા છે. પોલીસ વિભાગે ૫૩ અપર પોલીસ સુપરીન્ટેન્ડેન્ટ (એએસપી)ને વરિષ્ઠ વેતનમાનમાં બઢતી આપવાનો આદેશ આપ્યો છે. બીજીબાજુ ડીજીપી મુખ્યાલયે ૬૪૩ હેડ કોન્સ્ટેબલને સબ ઈન્સ્પેક્ટર પદ પર પ્રમોટ કરવાનો આદેશ આપ્યો છે. પોલીસે એન્કાઉન્ટરમાં બિહારના એક કુખ્યાત વોન્ટેડ ગુનેગાર નિતેશ રાયને ઠાર કર્યો છે.

## સરકાર બન્યાના બીજા જ દિવસે PM મોદીએ મંત્રીઓને આપ્યું ટાસ્ક...

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

એનડીએ સરકારનું ગઠન થવાની સાથે જ નવી સરકારે કામકાજ શરૂ કરી દીધા છે. કેબિનેટ મંત્રી બનેલા જીતન રામ માંઝીનું કહેવું છે કે આ વખતે પહેલાં કરતાં વધુ મુશ્કેલ પગલાં ભરવા પડશે, વડાપ્રધાન આગામી પાંચ વર્ષમાં ભારતને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થામાં બનાવવા મક્કમ છે, આ માટે મંત્રીઓને કામગીરી સોંપવામાં આવી છે. તેમજ મંત્રીઓને કામકાજની શરૂઆતના પ્રથમ ચાર દિવસમાં ઓફિસ ન છોડવા નિર્દેશ કરવામાં આવ્યો છે.

મંત્રીઓને કહેવામાં આવ્યું છે કે અઠવાડિયાના પહેલા ચાર દિવસ દરમિયાન કોઈપણ મંત્રી તેમની ઓફિસ છોડશે નહીં. માંઝીએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાને અમને ટાસ્ક આપ્યો છે કે તમે ચાર દિવસ - સોમવાર, બુધવાર, મંગળવાર અને ગુરુવાર માટે હેડક્વાર્ટર છોડશો નહીં.' સરકારી કામ છે, અમે તેમાં રોકાઈશું, બાદમાં અમે અમારા ક્ષેત્રમાં પાછા જઈશું.'' 79 વર્ષીય જીતન રામ માંઝી મોદી કેબિનેટમાં સૌથી વધુ વરિષ્ઠ મંત્રી બન્યા છે. માંઝીએ મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં કેન્દ્રીય કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. તેઓ બિહારના 23માં મુખ્યમંત્રી રહી ચૂક્યા છે અને હિન્દુસ્તાની અવમ મોરચા (HAM)ના સંસ્થાપક અધ્યક્ષ છે. અગાઉ તેઓ નિતિશ કુમારની કેબિનેટમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ મંત્રી રહી ચૂક્યા છે.

### જેપી નડ્ડા 5 વર્ષ બાદ કેબિનેટમાં પરત ફર્યા

આ વખતે મોદી સરકાર 3.0માં કેટલાક નવા ચહેરાઓને પણ તક આપવામાં આવી છે. ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા પાંચ વર્ષ બાદ કેબિનેટમાં પાછા ફર્યા છે જ્યારે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને પહેલીવાર કેન્દ્ર સરકારમાં મંત્રી બનાવવામાં આવ્યા છે. હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર મોદી કેબિનેટમાં નવો ચહેરો છે. આ સાથે મોદી કેબિનેટમાં 18 વરિષ્ઠ નેતાઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

## 4 જાણીતા યુ-ટ્યુબર્સના અકસ્માતમાં મોત, બર્થ-ડે પાર્ટીથી પાછા આવતા બે કાર વચ્ચે ભયંકર ટક્કર...

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

યુટ્યુબ પર પ્રચલિત અને લાખો ફોલોઅર્સ ધરાવતાં યુટ્યુબર્સ 4 મિત્રોનો આનંદ-કિલ્લોલ પળભરમાં જ માતમમાં ફેરવાઈ ગયો હતો. ચારેય મિત્રો રસ્તામાં જ મોતને ભેટ્યા હતાં. આ યુટ્યુબર્સ બર્થડે પાર્ટીમાંથી પરત ઘરે આવી રહ્યા હતાં, ત્યારે તેમની કારને અકસ્માત નડતાં ચારેયના મોત નીપજ્યા હતા. સામેથી આવતી કાર ધડાકાભેર અથડાઈ હતી. બંને કારનો ભૂક્કો બોલી ગયો હતો.

કારમાં મુસાફરી કરી રહેલા ચાર યુટ્યુબર લકી ચૌધરી, સલમાન, શાહરૂખ અને શાહનવાઝનું અકસ્માતમાં મોત થયું હતું. ચાર મિત્રો ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના હસનપુરથી ગજરૌલામાં તેમના મિત્રની બર્થડે પાર્ટીની ઉજવણી કરીને પરત ફરી રહ્યા હતા, પરંતુ કોતવાલી હસનપુરની મનોતા ચોકી હેઠળના વિસ્તારમાં અકસ્માત નડ્યો હતો.



મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અકસ્માતમાં મૃત્યુ પામેલા ચાર યુટ્યુબર્સ રાઉન્ડ 2 વર્લ્ડ યુટ્યુબ ચેનલ પર કોમેડી વીડિયો બનાવતા હતા અને લોકોનું મનોરંજન કરતા હતા. મૃતકોની ઓળખ 17 વર્ષીય લકી ચૌધરી, 17 વર્ષીય સલમાન, 18 વર્ષીય શાહરૂખ અને 19 વર્ષીય શાહનવાઝ તરીકે થઈ છે, જે નવાદા રોડ, ગજરૌલાના રહેવાસી છે.

## ચોમાસું 2 દિવસ વહેલા મુંબઈ પહોંચ્યું : વિસ્તારો પાણીમાં ગરકાવ, 5 રાજ્યોમાં આગામી 5 દિવસ સુધી હીટવેવ રહેશે

(એજન્સી) નવી દિલ્હી | તા. 10

ઉત્તર ભારતમાં મધ્યપ્રદેશ-ઉત્તર પ્રદેશ, દિલ્હી, હરિયાણા, ગુજરાત, બિહાર હીટવેવનો સામનો કરી રહ્યા છે. પ્રયાગરાજ 9 જૂને 45.9 સાથે સૌથી ગરમ હતું. તેમજ, ટીકમગઢ, ગયા અને રોહતકમાં પારો 44 ડિગ્રી નોંધાયો હતો. 13 જૂન સુધી જમ્મુ ડિવિઝન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, પશ્ચિમ રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં પણ હીટવેવ રહી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પંજાબ, હરિયાણા, બિહાર, ઝારખંડ અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારોમાં 13 જૂન સુધી હીટવેવની શક્યતા છે. ઉપરાંત, 11 અને 12 જૂને ઓડિશાને હીટવેવ અસર કરશે. ચોમાસું નિર્ધારિત સમય કરતાં 2 દિવસ વહેલું મુંબઈ પહોંચ્યુ હતું. જેના કારણે મુંબઈમાં ભારે વરસાદ પડ્યો હતો. IMDએ મહારાષ્ટ્રના સિંધુદુર્ગમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ, રત્નાગીરી માટે ઓરેન્જ એલર્ટ અને પાલઘર, થાણે, મુંબઈ અને રાયગઢ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે.

ચોમાસું 8 જૂનને શનિવારે છત્તીસગઢ અને ઓડિશામાં પ્રવેશ્યું છે. હવે 8 દિવસ બાદ ચોમાસું જબલપુર, બાલાઘાટ થઈને મધ્યપ્રદેશમાં પ્રવેશ કરી શકે છે.

IMDએ 10 જૂને કોંકણ, ગોવા, મહારાષ્ટ્ર, કોસ્ટલ કર્ણાટકમાં ભારે વરસાદની ચેતવણી આપી છે. 11 અને 12 જૂને ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે. ગુજરાતમાં ચોમાસાના આગમનની નિશ્ચિત તારીખ 15 જૂન છે. તે સમય પહેલા પહોંચે તેવી શક્યતાઓ છે. બંગાળની ખાડીના ચોમાસાની શાખા 13-14 જૂન સુધી વેગ પકડશે અને પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને બિહાર સુધી પહોંચશે. ઝારખંડના બે જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને 12 જિલ્લામાં યલો એલર્ટ ઝારખંડના જિલ્લાઓ ફરી એકવાર આકરી ગરમીની ઝપેટમાં આવી ગયા છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**
**(ઈલેક્ટ્રિકલ ડિપાર્ટમેન્ટ)**
**ઈલેક્ટ્રિકલ કાર્ય**
ઈ-ટેન્ડર-નોટિસ નં. Sr.DEE/ADI/14 (24-25) તા. 05.06.2024; ટેન્ડર નં. EL-50-1-ADI-T-24-2024-25; કામનું નામ: અમદાવાદ ડિવિઝનમાં ગાંધીધામ ખાતે અલગ રિમોટ કંટ્રોલ સેન્ટર (RCC) ની જોગવાઈ સાથે સંબંધિત ઈલેક્ટ્રિકલ કાર્ય; અંદાજીત ખર્ચ: ₹ 2,06,92,491/-; અર્નેસ્ટ મની: ₹ 2,53,500/-; જમા કરાવવાની તારીખ અને સમય: તા 02.07.2024 ના 15:00 કલાક સુધી; ખોલવાની તારીખ અને સમય: તા 02.07.2024 ના 15:30 કલાક; ઓફિસનું સરનામું: સિનિ. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી. આર. એમ. ઓફિસ (પ.રે.) ચામુંડા બ્રિજ પાસે, જી. સી. એસ. હોસ્પિટલ સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345; વેબસાઈટ વિગત: www.ireps.gov.in 63
અમને લાઈક કરો: facebook.com/WesternRly

**OFFICE OF THE EXECUTIVE ENGINEER**
**ROAD CONSTRUCTION DEPARTMENT**
**ROAD DIVISION, DUMKA**

**E-Procurement Notice**
**Tender Reference No.- RCD/DUMKA/861**
**Date 08.06.2024**

| | | |
|---|---|---|
| 1 | Name of Work- | Reconstruction of Chandradeep to Mohanpur Road (Total Length-15.326 Km) under Road Division Dumka for the year 2024-25. |
| 2 | Estimated cost(In Rs) | Rs 52,21,55,300.00 |
| 3 | Time of completion | Twelve Months |
| 4 | Date of Publication of Tender on Website | 22.06.2024 at 10.30 AM |
| 5 | Last date/Time for receipt of bids | 11.07.2024 Up to 12.00 Noon |
| 6 | Date of opening of Tender | 12.07.2024 at 12.30 PM |
| 7 | Name & address of office Inviting tender | Office of The Executive Engineer Road Construction Department Road Division, Dumka. |
| 8 | Contact no. of Procurement Officer | 8252424164 |
| 9 | Helpline number of e-Procurement cell | 0651-2401010 |

Further details can be seen on website http://jharkhandtenders.gov.

Executive Engineer,
Road Construction Department,
Road Division, Dumka

PR 325714 Road(24-25).D

**જાહેર સૂચના**

જાહેર જનતાને મોટા પ્રમાણમાં સૂચના આપવામાં આવે છે કે મારા ક્લાયન્ટ **મેસર્સ પ્રોફેક્ટસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ**ની શાખા ઓફિસ નંબર 707-709, મેજેસ્ટિક, સ્વાતિ સ્નેક્સ પાસે, લો ગાર્ડન પાસે, એલિસબ્રિજ, પંચવટી સર્કલ, અમદાવાદ - 380006 (ધિરાણકર્તા) ખાતે છે. શ્રી **ગોપાલ કોડાજી મારુ (મેસર્સ કાજલ ટ્રેડિંગ કંપનીના માલિક)** અને અન્ય **(ઉધાર લેનાર)** ને શ્રી ગોપાલ કોડાજી મારુ(ગીરો)દ્વારા (1) સરસ્વતીબેન, નભેરામભાઈ ગોરિયાના વિધવા દ્વારા નીચે આપેલ સૂચિમાં વર્ણવેલ મિલકત ખરીદવા માટે ગ્રેબટ ક્રેડિટ સુવિધાનો ઈરાદો ધરાવે છે , (2) અમૃતલાલ જીવરાજભાઈ ગોરીયા , (3) શિતલ નાભેરામભાઈ ગીરીયા અને (4) અંકિત નાભેરામભાઈ ગોરીયા **(વેચનાર)** અને ઉધાર લેનારને મંજૂર કરેલ લોન સુરક્ષિત કરવા માટે ઉક્ત મિલકત પર ગીરો બનાવવો.

વિક્રેતા, ખરીદનાર અને લેનારાએ ખરીદનાર અને ધિરાણકર્તાને પુષ્ટિ, જાહેર અને ખાતરી આપી છે કે આ મિલકત કોઈપણ ગીરો/લીઝ/લોન/જામીન/ખોટ/ઉત્તરાધિકાર/આરક્ષણ/સંપાદન/માંગણી અથવા અન્યથા કોઈપણ રીતે અને તમામથી મુક્ત નથી. બોજો અને સ્વચ્છ અને માર્કેટેબલ શીર્ષક અને ઉપરોક્ત મિલકત સાથે મોર્ટગેજ અને ડીલ કરવાનો વિશિષ્ટ અધિકાર છે.

તેથી વેચાણ, ભેટ, લીઝ, વારસો, વિનિમય, ગીરો, ચાર્જ, પૂર્વાધિકાર, ટ્રસ્ટ, લાભદાયી હિત, કબજો, સરળતા દ્વારા તેના કોઈપણ ભાગની મિલકતમાં કોઈપણ હક, શીર્ષક, રસ અથવા દાવો ધરાવતી કોઈપણ વ્યક્તિ(ઓ) , ભાડૂઆત, પેટા ભાડુઆત, લાઈસન્સ, હાઈપોથેકેશન, જાળવણી, વારસો, પાવર ઓફ એટર્ની, ઓર્ડર, હુકમનામું, પુરસ્કાર જોડાણ અથવા અન્યથા આથી 14 દિવસની અંદર નીચે સહી કરનારને સહાયક દસ્તાવેજો સાથે લેખિતમાં જાણ કરવી જરૂરી છે. આની તારીખ, જેમાં નિષ્ફળ થવાથી મારા ક્લાયન્ટ આવા દાવાના સંદર્ભ વિના લોનનું વિતરણ કરવા આગળ વધશે અને તે જ, જો કોઈ હોય તો, માફી અને અથવા છોડી દેવામાં આવી હોવાનું ડીડ ગણવામાં આવશે.

**અનુસૂચિ.**
**(મિલકત નું વર્ણન).**

ભારત સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કોઓપરેટિવની 'સ્મોલ સ્કેલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ' તરીકે ઓળખાતી સ્કીમમાં ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર પર બાંધવામાં આવેલા 334.44 ચોરસ મીટરના શેડ નંબર C/4ના તમામ ટુકડા અને પાર્સલ 461.76 ચોરસ મીટર છે. હાઉસિંગ સોસાયટી લિમિટેડ, મૌજે અને તાલુકા વટવા, જિલ્લો અમદાવાદ 11(અસલાલી) ખાતે નવા સર્વે નંબર 897+898/1+2+899+900+902 ધરાવતી બિન-ખેતીની જમીન પર બાંધવામાં આવેલી અને આવેલી છે અને નીચે પ્રમાણે સીમિત છે:- ખાવું: શેડ નંબર c/3, પશ્ચિમ: ભીમનાથ સોસાયટી, ઉત્તર: શેડ નંબર c/5, દક્ષિણ: સોસાયટી રોડ.

**એડવોકેટ હરદેવ ગોસ્વામી**
ભોંયતળિયે , શિવ શક્તિ મધુવન સોસાયટી, ગલી નં 2, આયુષ્માન હોસ્પિટલ પાછળ, 80 ફુટ રોડ, 150 ફુટ રિંગરોડ પાસે , માવડી રાજકોટ 360004.

## ખંભાતમાં વિધર્મીઓનો વાલ્મીકી પરિવાર પર હુમલો

આણંદ | એક સમયે સમગ્ર દેશમાં સૌથી શાંત ગણાતું ગુજરાત હવે લુખ્ખા તત્વોનો અડ્ડો બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં ખંભાતમાં સામે આવેલ એક ઘટના આ વાતની સાક્ષી પૂરે છે. આણંદના ખંભાતમાં દીવાલ બનાવવા બાબતે વિધર્મીઓએ વાલ્મિકિ પરિવાર પર હુમલો કર્યો હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. આણંદના ખંભાત શહેરમાં કેટલાંક વિધર્મી તત્વો દ્વારા વાલ્મીકિ પરિવાર પર હુમલો કરવામાં આવ્યો છે. છાપરાની દીવાલ પાકી બનાવવા બાબતે વિવાદ થતાં વિધર્મીઓએ ઝઘડો કર્યો હતો અને બાદમાં હુમલો કર્યો હતો.

સિટી એક્સપ્રેસ

TUESDAY 11 JUNE-2024

AHMEDABAD

## ઇફ્કો બ્રાન્ડની થેલીમાં ડુપ્લીકેટ ખાતર ઝડપાયું

ગીર સોમનાથ | કોડીનાર કિશાન એકતા સમિતિ અને ખેડૂત નેતાઓની ફરિયાદ બાદ પોલીસ એક્શન મોડમાં આવી છે. જેમાં ડુપ્લીકેટ ખાતર બનાવનાર મુખ્ય સૂત્રધાર સહિત ચાર શખ્સોની ધરપકડ નવાબંદર પોલીસે કરી છે.આથી ડુપ્લીકેટ ખાતર વેચનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આ એગ્રો સંચાલકે આસપાસ અને કોડીનારનાં ખેડૂતોને જ્યારે ડિએપી ખાતરની અછત હતી ત્યારે ખાતર વહેચ્યું હતું. એક તરફ ડીએપી ખાતર માટે ખેડૂતો વલખા મારી રહ્યા હતા એવા સમયે અહીં જોઈએ તેટલું ખાતર મળતું હતું. જો કે ખેડૂતો ખાતર લાવ્યા બાદ છેતરાયાનું બહાર આવ્યું હતું.



# માસૂમોના જીવ સાથે ખુલ્લેઆમ ચેડાં....... રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે ધમધમતી 5,000થી વધુ પ્રી-સ્કૂલ



(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદ શહેરમાં દરેક વિસ્તારમાં પ્રી-સ્કૂલો આવેલી છે. પ્રી-સ્કૂલો માટેનું રજિસ્ટ્રેશન ચાલુ વર્ષથી શરૂ થયું છે. આજદિન સુધી કોઈપણ પ્રકારના રજિસ્ટ્રેશન વિના આ સ્કૂલો ચાલતી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રી-સ્કૂલો આવેલી છે, જેમાં મોટા ભાગની કોઈપણ સોસાયટી કે બંગલામાં આવેલાં મકાનોમાં શરૂ કરી દેવામાં આવે છે. રહેણાક વિસ્તારમાં પતરાંના શેડ લગાવી દેવામાં આવે છે, આગળ નાનું ગાર્ડન જેવું બનાવી દેવામાં આવે છે અને પ્રી-સ્કૂલો શરૂ કરી દેવામાં આવી છે.

### પ્રી-સ્કૂલો પાસે બીયુ પરમિશન નથી

શહેરના ચાંદખેડા વિસ્તારમાં સ્નેહ પ્લાઝા રોડ ઉપર અને ડીકેબિન વિસ્તારમાં ટ્રી હાઉસ, શાહીબાગ ગિરધરનગર વિસ્તારમાં ધ રેઈનબો ફિશ સહિતની પ્રી-સ્કૂલો આવેલી છે, જે સોસાયટીઓમાં આવેલાં મકાનોમાં ચાલે છે. એમાં કેટલીક પ્રી-સ્કૂલો પાસે બીયુ પરમિશન નથી, જ્યારે કેટલીક સ્કૂલોએ ઈમ્પેક્ટમાં પણ અરજીઓ કરેલી છે. આમાંની અમુક પ્રી-સ્કૂલોમાં જ ફાયર NOC અને ફાયર સેફ્ટીનાં સાધનો લગાવેલાં છે.

### મોટા ભાગની સ્કૂલો પતરાંના શેડમાં; નથી BU પરમિશન કે ફાયર NOC

## જો કોઈ ઘટના બને તો જવાબદાર કોણ?



અમદાવાદ શહેરમાં અંદાજે 5,000થી વધુ પ્રી-સ્કૂલો આવેલી છે, જેમાં મોટા ભાગની સ્કૂલોમાં GDCRના નિયમ પ્રમાણે જે કોમર્શિયલ બીયુ સર્ટિફિકેટ લેવાનું હોય છે એ લેવામાં આવતું નથી. રહેણાક તરીકેનું બીયુ સર્ટિફિકેટ હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હેતુ બદલાવ કરી અને કોમર્શિયલ કરાવવું પડે છે, એનો ટેક્સ પણ કોમર્શિયલ ભરવાનો હોય છે, પરંતુ માત્ર સોસાયટીના મકાનમાં બાંધકામ ઊભું કરીને સ્કૂલો શરૂ કરી દેવામાં આવે છે. 9 મીટરથી નીચેની ઈમારતમાં કોઈ ફાયર NOC ન લેવાનો નિયમ હોવાથી NOC લેવામાં આવતું નથી, પરંતુ સુરક્ષાને લઈને ફાયર સેફ્ટીનાં સાધનો લગાવવાનાં હોય છે, જોકે મોટા ભાગની સ્કૂલોમાં સાધનો પણ હોતાં નથી. જો કોઈ ઘટના બને તો નાનાં બાળકોને બહાર કાઢવા માટે માત્ર એક જ દરવાજો હોય છે. આવા મકાનમાં જો કોઈ ઘટના બની જાય તો એના માટે કોણ જવાબદાર બને.

### રહેણાક હેતુનુ બી. યુ. સર્ટિફિકેટ માન્ય રાખે, નહિતર 90% પ્રી-સ્કૂલ બંધ થશે

રાજકોટમાં બનેલી દુર્ઘટનાના પગલે સરકારની સૂચનાથી દરેક એકમને ત્યાં બી.યુ.સર્ટિફિકેટ અને ફાયર એન.ઓ.સી બાબતે ચકાસણી કરી સીલિંગની કાર્યવાહી કરવામાં આવી રહી છે, ત્યારે છેલ્લા 10 દિવસની અંદર રાજકોટ શહેરમાં પણ અનેક પ્રી-સ્કૂલ પાસે બી.યુ. સર્ટિફિકેટ ન હોવાના કારણે સીલ કરવામાં આવી છે. જોકે આ અંગે પ્રી-સ્કૂલ એસોસિયેશને રજૂઆત કરી છે કે GDCRના નિયમ મુજબ રહેણાક હેતુનુ બી.યુ. સર્ટિફિકેટ માન્ય રાખે, નહિતર 90% પ્રી-સ્કૂલ બંધ થઈ જશે. રાજ્યના શિક્ષણ વિભાગે ફેબ્રુઆરી 2025 સુધીનો સમય આપ્યો છે ત્યારે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પણ સમય આપવામાં આવે એવી વિનંતી કરી છે.

**નીતિઓને ફરીથી રિવાઇઝ કરવા કમિશનરને રજૂઆત :** રાજકોટમાં પ્રી-સ્કૂલ એસોસિયેશનના મેમ્બર ચિરાગ સાકરીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ મહાનગરપાલિકાની ટીમ દ્વારા પ્રી-સ્કૂલ પર તપાસ કરવામાં આવે છે ત્યારે સૌપ્રથમ નકશો માગવામાં આવે છે અને એમાં જો રેસિડેન્શિયલ હેતુ હોય તો તરત સીલ કરવામાં આવે છે, પરંતુ GDCRના નોમ્સ મુજબ પ્રી-સ્કૂલો રેસિડેન્શિયલમાં ગણવામાં આવે છે. પ્રી-સ્કૂલોને રજિસ્ટ્રેશન કરવા માટે તા.17/02/2024ના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ફેબ્રુઆરી 2025 સુધીમાં રજિસ્ટ્રેશન કરવા માટે સૂચના આપવામાં આવી છે, જેમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા માટે અને નીતિઓને ફરીથી રિવાઈઝ કરવા રાજકોટ જિલ્લા કલેક્ટર, રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી તેમજ રાજકોટ મનપાના કમિશનરને તા. 09/04/24નાં રોજ રજૂઆતો કરવામાં આવી હતી. આ સાથે અમે જાણ કરવા માગીએ છીએ કે રાજકોટની મોટા ભાગની એટલે કે લગભગ 90% જેટલી પ્રી-સ્કૂલમાં આવતાં બાળકોની સંખ્યા 50થી ઓછી હોય છે . પ્રી-સ્કૂલ અને સ્કૂલ વચ્ચેનો તફાવત સમજી તંત્ર દ્વારા અમારી માગણી સંતોષવામાં આવે એવી વિનંતી છે.

# 7 દિવસ રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

## આગામી 48 કલાકમાં ચોમાસું રાજ્યમાં પ્રવેશશે, આજે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં વરસાદની સંભાવના

(એજન્સી) અમદાવાદ | તા.10

છેલ્લા 24 કલાકમાં રાજ્યના 72 તાલુકામાં વરસાદ ખાબક્યો હતો. જેમાં સૌથી વધુ વરસાદ તાપીમાં પોણા ચાર ઈંચ વરસાદ વરસ્યો છે. આ વચ્ચે હવામાન વિભાગે આગામી સાત દિવસ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી છે. જેમાં આજે (10 જૂન)એ દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લામાં વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે.

સાથે જ અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદ પડવાની સંભાવના રહેલી છે. આગામી 48 કલાકમાં ગાજવીજ સાથે દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ દસ્તક દેશે. ગુજરાત હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ એટલે કે, 10 જૂનથી લઈને 16 જૂન સુધી ગાજવીજ સાથે ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જે તારીખ અને જિલ્લાઓની વિગત નીચે મુજબની છે.

### આ જિલ્લાઓમાં વરસાદ વકી

સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરાનગર હવેલી, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, બોટાદ અને દીવમાં વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

### સૌરાષ્ટ્રમાં સતત બીજા દિવસે વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ


ગુજરાતમાં વરસાદનું આગમન થઈ ગયું છે. ત્યારે સતત બીજા દિવસે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. આ દરમિયાન અમરેલીના સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત જેતપુર સહિત જામકંડોરણ તાલુકાના ગ્રામ્ય પંથકમાં વરસાદી માહોલ જામ્યો હતો. અસહ્ય ગરમી બાદ વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

### અમરેલી જિલ્લામાં ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો

અમરેલી જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. ધારી, ખાંભા, ગીર વિસ્તાર અને જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. બે દિવસ પહેલા પણ અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના બરવાળા બાવીશી અને જાળીયામાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગામડાઓમાં ખેતરોમાં વરસાદી પાણી ભારાયા હતા. માત્ર 15 મિનિટ જેવા સમયમાં જ ધોધમાર વરસાદ વરસ્યો હતો. 11મી જૂને ગીર સોમનાથ, ભાવનગર, પંચમહાલ, વલસાડ, દાહોદ, અમરેલી, છોટા ઉદેપુર, નવસારી, નર્મદા, સુરત, તાપી અને ડાંગ જિલ્લામાં હળવો વરસાદ થઈ શકે છે.

**NEWS BRIEF**

### અમદાવાદમાં રથયાત્રાની તડામાર તૈયારીઓ,જળયાત્રાના અતિથિઓને અપાયું આમંત્રણ



અમદાવાદ | ભગવાન જગન્નાથજીની 147મી રથયાત્રા પહેલા યોજાતી જળયાત્રાની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે. ભક્તો ભાવપૂર્વક રથયાત્રાની તૈયારી કરવામાં વ્યસ્ત થઈ ગયા છે. એક બાજુ ભવ્ય રથયાત્રા અનોખુ આકર્ષણ જમાવશે તો એકબાજુ મોસાળ પક્ષમાં ભગવાન જગન્નાથજીને આવકારવાની તૈયારીઓ ચાલી રહી છે. રથયાત્રા પહેલા જળયાત્રા યોજાશે. જળયાત્રાનું ખુબજ મહત્ત્વ રહેલુ છે. આ જળયાત્રા પહેલા તેમા ઉપસ્થિત રહેલા અતિથિઓને આમંત્રણ આપવામાં આવ્યુ છે. સુપ્રસિદ્ધ જળયાત્રામાં ગૃહમંત્રી હર્ષ સંઘવી ,પૂર્વ ડે.સીએમ નીતિન પટેલ ,મેયર સહિત AMCના સતાધીશોની ટીમ રહેશે હાજર. જળયાત્રામાં સ્થાનિક ધારાસભ્યો રહેશે હાજર.108 કળશમાં જળ ભરી લેવાશે જળ નિજ મંદિર.

### અમૂલે ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો, દૂધ બાદ દહીના ભાવમાં વધારો કર્યો




આણંદ | ગુજરાતમાંથી વધુ એક મોટો ઝટકો પ્રજા માટે આવ્યો છે. અમૂલે તાજેદરમાં જ દૂધના ભાવમાં વધારો કર્યો હતો. ત્યારે હવે અમૂલ દહીના ભાવમાં પણ વધારો કર્યો છે. ચોંકાવનારી બાબત એ છે કે, અમુલ દ્વારા ગુપચુપ અમુલ મસ્તીના દહીંમાં પણ વધારો ઝીંક્યો છે. અમૂલે ગુજરાતના ગ્રાહકોને મોટો ઝટકો આપ્યો છે. આજે અમુલે દૂધ બાદ દહીંના ભાવમાં પણ વધારો ઝીંક્યો છે. દહીના ભાવમાં વધારો ચૂપચાપ રીતે કરાયો છે. ગત 5 મી જુનથી ભાવ વધારો અમલમાં આવી ગયો છે. ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે દહીંનો સ્વાદ દુર્લભ બનશે. અમુલ મસ્તી દહીં 200 ગ્રામ જૂનો ભાવ 18 નવો ભાવ 19, અમુલ મસ્તી દહીં 1કિલો જૂનો ભાવ 72 નવો ભાવ 75 થયો છે.

## AMCએ સીલ કરેલી 6 સ્કૂલોને નહીં મળે વચગાળાની રાહત

(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદમાં ફાયર સેફ્ટી, BU પરમીશન અને ફાયર NOCને લઈને તપાસ તેજ કરવામાં આવી હતી. જેમાં શહેરની અનેક શાળાઓમાં પણ ફાયર સેફ્ટીને લઈને નિયમભંગ કરાયાનું સામે આવ્યું હતું. આવી શાળાઓને AMC દ્વારા સીલ કરવામાં આવી હતી. ત્યારે, શાળાઓ દ્વારા શરૂ થઈ રહેલા શૈક્ષણિક સત્રને જોતાં વચગાળાની રાહત આપી શાળાઓ ફરી શરૂ કરવા માંગ કરવામાં આવી હતી. જોકે, AMCએ મહત્વનો નિર્ણય લઈને સીલ કરાયેલ શાળાઓને મોટો ઝટકો આપ્યો છે.

AMC દ્વારા જણાવવામાં આવ્યું છે કે અમદાવાદ શહેરની સિલ કરાયેલી સ્કૂલને વચગાળાની કોઈ રાહત નહીં આપવામાં આવે. AMC દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે કે જ્યાં સુધી BU પરમીશન અને ફાયર NOCની કામગીરી પૂર્ણ નહીં કરવામાં આવે ત્યાં સુધી શાળાઓ ખોલવામાં નહિ આવે. ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં 6 જેટલી શાળાઓને સીલ કરવામાં આવી છે.

# વાલીઓ પર પુસ્તકો-યુનિફોર્મ ખરીદવા દબાણ

## સંત કબીર, ઉદ્દગમ સ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ, સોમલલિત, માઉન્ટ કાર્મેલ, વેદાંત ઈન્ટરનેશનલ અને લિટલ સ્ટાર સ્કૂલ સામે NSUIનો આક્ષેપ

(એજન્સી) અમદાવાદ | તા.10

નીટના પરીક્ષા અને પરિણામમાં ગોબાચારીના થયેલા આક્ષેપને લઈને દેશભરમાં વિરોધ ચાલી રહ્યો છે. ત્યારે આજે અમદાવાદમાં પણ કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUI દ્વારા નીટ મામલે રસ્તા પર બેસીને વિરોધ કરવામાં આવ્યો હતો. NSUIએ માંગ કરી છે કે, નીટની પરીક્ષા ફરીથી લેવામાં આવે. આ ઉપરાંત કેટલીક સ્કૂલો દ્વારા વાલીઓને ચોક્કસ જગ્યાએથી પુસ્તકો અને યુનિફોર્મ લેવા માટે દબાણ કરતા હોવાના આક્ષેપ સાથે NSUIએ DEO કચેરીએ પણ વિરોધ કર્યો હતો.

### વાલીઓને સ્કૂલમાંથી જ પુસ્તક-યુનિફોર્મ ખરીદવા દબાણ



અમદાવાદની સ્કૂલોમાં ચાલતી વેપારવૃત્તિ અંગે પણ NSUIએ DEO કચેરીએ વિરોધ કર્યો હતો. NSUIના પૂર્વ પ્રમુખ આસીફ પવારે આક્ષેપ કર્યો છે કે, કેટલીક સ્કૂલો વાલીઓને પુસ્તકો અને યુનિફોર્મ સ્કૂલમાંથી જ ખરીદવા દબાણ કરે છે. FRCના નિયમ મુજબ સ્કૂલ પુસ્તકો અને યુનિફોર્મ તેમની જગ્યાએથી જ લેવા દબાણ ન કરી શકે. અમદાવાદની સંત કબીર, ઉદગમ સ્કૂલ, સેન્ટ ઝેવિયર્સ, સોમલલિત, માઉન્ટ કાર્મેલ, વેદાંત ઈન્ટરનેશનલ અને લિટલ સ્ટાર સ્કૂલ દ્વારા દબાણ કરવામાં આવે છે. NSUIએ આ અંગે આવેદન પાત્ર પણ આપ્યું છે.

# કોંગી MLAને જાનથી મારી નાખવાની ધમકી: મકાન બનાવવા મુદ્દે ઇમરાન ખેડાવાલાની ભત્રીજીને ધમકાવી

(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં ઈમરાન ખેડાવાલાની ઘરની બાજુમાં ઓફિસ ધરાવતા ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી નામના યુવકે મકાન બનાવવા બાબતે ઈમરાન ખેડાવાલાની ભત્રીજી સાથે બોલાચાલી કરી હતી અને કહ્યું હતું કે હું સવારમાં કોઈ એકની વિકેટ પાડી દઈશ. બોલાચાલી અને જાનથી મારી નાખવાની ધમકીને પગલે ઈમરાન ખેડાવાલાની ભત્રીજીએ ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી સામે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ધમકી આપતા હોવાના સીસીટીવી પણ સામે આવ્યા છે. ઈરફાને ધમકી આપી હતી કે જો પોલીસમાં ફરિયાદ કરશો તો તને જાનથી મારી નાખી. સવાર નહીં પડવા દઉં અને કોઈ એકની વિકેટ પાડી દઈશ. તારા કાકા ઈમરાન ખેડાવાલાને પણ જાનથી મારી નાખીશ એવી ધમકીઓ આપતાં પોલીસને જાણ કરી હતી, જેથી ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. ઈરફાન દ્વારા જે બોલાચાલી કરવામાં આવી હતી તેના સીસીટીવી પણ સામે આવ્યા છે. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**ઇરફાને કહ્યું- ફરિયાદ કરી તો તને અને તારા કાકાને મારી નાખીશ**

### મકાન બનાવવા બાબતે ધમકી આપી

શહેરના જમાલપુર વિસ્તારમાં ખાંડની શેરી પાસે નસીમ ઈકબાલ ખેડાવાલા તેના પરિવાર સાથે રહે છે. રવિવારે રાત્રે નસીમ તેના ઘરે બેઠી હતી એ દરમિયાન તેના ઘરની બાજુમાં ઓફિસ ધરાવતો ઈરફાન ઉર્ફે સ્ટીલ નાગોરી આવ્યો હતો. ઈરફાને નસીમની કાકી સમીમબેન સાથે મકાન બનાવવા બાબતે બોલાચાલી કરી હતી, જેથી નસીમ બહાર આવી હતી. ઈરફાને તેની સાથે પણ બોલાચાલી કરી હતી. જો મકાન બનાવવું હોય તો મારી માતા સાથે વાત કરો એમ કહીં બોલાચાલી કરી ધમકીઓ આપી હતી. હું તમને મકાન નહીં બનાવવા દઉં અને તમને જોઇ લઈશ.

## અમદાવાદમાં રોગચાળો વધ્યો

## ઝાડા ઉલટીના 268 કેસ



પ્રતિકાત્મક તસવીર

(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદમાં પાણીજન્ય રોગચાળામાં વધારો થયો છે.દસ દિવસમાં કોલેરાના 19 કેસ નોંધાયા છે,કમળાના 73, ટાઈફોઈડના 156 કેસ નોંધાયા છે.1415 પાણીના નમૂનામાંથી 29 નમૂના ફેઈલ ગયા છે.બીજી તરફ ગત સપ્તાહે હીટ ઈલનેસના 119 કેસ નોંધાયા છે.અમરાઈવાડી, બહેરામપુરા, દાણીલીમડા, ગોમતીપુર સહિતના વિસ્તારોમાં કોલેરાના કેસ વધ્યા છે.

### એપ્રિલમાં અમદાવાદમાં પાણીજન્ય કેસ વધ્યા હતા

એપ્રિલ માસમાં ઝાડા ઉલ્ટીના કેસોમાં વધારો જોવા મળ્યો હતો. AMC હેલ્થ વિભાગ દ્વારા એપ્રિલ માસમાં પાણીના 4464 સેમ્પલ લેવામાં આવ્યા હતા અને તે પૈકી 134 સેમ્પલ અનફીટ જાહેર કરાયા હતા. ચાલુ વર્ષ દરમિયાન પાણીના 11 હજાર કરતા વધુ સેમ્પલ લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. જેમાંથી 196 જેટલા સેમ્પલ અનફીટ જાહેર થયા હતા.

### અમદાવાદમાં કેમ વકરી રહ્યો છે પાણીજન્ય રોગચાળો ?

શહેરમાં પાણીમાં પોલ્યુશન આવવા અંગેની ફરિયાદનો મ્યુનિસિપલ તંત્ર તરફથી સમયસર નિકાલ કરવામાં આવતો નથી.આ કારણથી પાણીજન્ય રોગના કેસ સતત વધી રહ્યા છે. આ મહિનાની શરૂઆતથી જ મદાવાદમાં પાણીજન્ય એવા ઝાડા, ઉલટી ઉપરાંત કમળો તેમજ ટાઈફોઈડના કેસ સતત વધતા જઈ રહ્યા છે તેમ છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી.

# સુરતની સ્મિમેર કોલેજ શર્મસાર | રેસિડેન્ટ ડોક્ટરે જલસા માટે થાઈ ગર્લને બોલાવી, ઝઘડો થતાં ગર્લને લાફો ઝીંક્યો

(એજન્સી) સુરત | તા.10

સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મિમેર હોસ્પિટલ અને મેડિકલ કોલેજને શર્મસાર કરતી ઘટના પ્રકાશમાં આવી છે. એક રેસિડન્ટ ડોક્ટરે સેટરડે નાઈટ મનાવવા કોલેજ કેમ્પસમાં આવેલી હોસ્ટેલમાં થાઈ ગર્લને બોલાવી હતી. હોસ્ટેલના રૂમમાં આ થાઈ ગર્લને લઈ ગયા બાદ રંગરેલિયા મનાવે એ પહેલાં જ ડોક્ટરનો ફજેતી થઇ હતી. કોઈક બાબતે બન્ને વચ્ચે ઝઘડો થયા બાદ ભાન ભૂલેલા ડોક્ટરે થાઈ ગર્લને ફડાકો મારી દેતાં અસ્તવ્યસ્ત કપડાંમાં ગર્લ બહાર આવતાં ફજેતી થઈ હતી. આ મામલે સ્મિમેર મેડિકલ કોલેજના ડીન દ્વારા તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે. પહેલા કમિટી બનાવવામાં આવશે અને ત્યાર બાદ કાર્યવાહી કરવામાં આવશે.

### રેસિડન્ટ ડોક્ટરે ચોરી-છૂપી રીતે થાઈ ગર્લને હોસ્ટેલમાં બોલાવી

સ્મિમેર હોસ્પિટલના કેમ્પસમાં પટાંગણમાં જ રેસિડન્ટ ડોક્ટરોની હોસ્ટેલો છે. શનિવારે મધરાત્રે 1 વાગ્યે બોય્સ હોસ્ટેલમાં બખેડો થયો હતો. રેસિડન્ટ ડોક્ટરે વેસુથી થાઈ ગર્લને બોલાવી હતી. કોલેજ કેમ્પસમાં રાત્રે સન્નાટામાં રેસિડન્ટ ડોક્ટરે ચોરી-છૂપીથી થાઈ ગર્લને લઇ હોસ્ટેલમાં ગયો હતો.

### અસ્તવ્યસ્ત કપડાં હોવા છતાં યુવતી બહાર ભાગી

રૂમમાં પ્રવેશતાં જ બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. શાબ્દિક ટપાટપી બાદ રેસિડન્ટ ડોક્ટરે આવેશમાં આવી થાઈ ગર્લને લાફો મારી દીધો હતો. એને પગલે સમસમી ઊઠેલી થાઈ ગર્લ પોતાનાં અસ્તવ્યસ્ત કપડાં હોવા છતાં રૂમમાંથી બહાર કેમ્પસમાં ભાગી ગઈ હતી.

### યુવતીને જોઈ સૌકોઈ શરમજનક હાલતમાં મુકાયા

ગભરાઈ ગયેલી થાઈ ગર્લ સ્મિમેરમાં તહેનાત પોલીસકર્મીઓ પાસે પહોંચી ગઈ હતી. આ યુવતીને જોઈ સૌકોઈ શરમજનક હાલતમાં મુકાઈ ગયા હતા. અંગ્રેજીમાં વાતચીત કરતી આ યુવતીએ ઓર્થો.ના રેસિડન્ટ ડોક્ટર વિરુદ્ધ ફરિયાદ કરી હતી.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...